# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

વર્ષ-14 । અંક-117 । વિક્રમ સંવત-2081 । ફાગણ વદ-03 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

17 MARCH-2025 MONDAY





પેજ-08

અંકિતા લોખંડે સહિત 26 સેલેબ્સ છેતરપિંડીનો ભોગ બન્યાં



પેજ-09

ક્રિકેટ બાદ હવે ફિલ્મી પડદે પણ ચાહકોના હોશ ઉડાવશે ભૂતપૂર્વ ક્રિકેટર




**હવામાન**


| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 35.00 | 22.00 |
| વડોદરા | 35.00 | 21.00 |
| સુરત | 36.00 | 24.00 |


પેજ 5




ઐતિહાસિક તેજી સાથે સોનું રૂપિયા 90,700 એ પહોંચ્યું

કોણ છે માર્ક કાર્ને જેમણે લીધું જસ્ટિન ટ્રુડોનું સ્થાન




પેજ 10


**.....સુવિચાર.....**

ઈચ્છાઓને શાંત કરવાથી નહિ, પણ તેને મર્યાદિત કરવાથી જ શાંતિ મળશે

## NASA ક્રૂ-10ના સભ્યોને સામે જોઈને ખુશીથી ઝૂમી ઊઠી એસ્ટ્રોનોટ

# સુનિતા વિલિયમ્સને લેવા મસ્કનું અવકાશયાન સ્પેસમાં પહોંચ્યું : 19 માર્ચે પૃથ્વી પર પરત ફરશે

(એજન્સી) ફ્લોરિડા । તા. 16

ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સનું અવકાશયાન ડ્રેગન લગભગ 28 કલાક બાદ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પહોંચ્યું છે. આજે એ 16 માર્ચના રોજ એ ભારતીય સમય મુજબ સવારે 9:40 વાગ્યે ડોકિંગ કર્યું અને 11:05 વાગ્યો હેચ ઓપન થયું. NASA ક્રૂ-10ના સભ્યોને સામે જોઈને સુનિતા વિલિયમ્સ ખુશીથી ઝૂમી ઊઠી. આ અવકાશયાન ભારતીય મૂળનાં અમેરિકન અવકાશયાત્રીઓ સુનિતા વિલિયમ્સ અને બચ વિલ્મોરને પૃથ્વી પર પરત લાવશે, જેઓ 9 મહિનાથી સ્પેસ સ્ટેશનમાં ફસાયેલાં છે. નાસા અને સ્પેસએક્સ દ્વારા શુક્રવારે લોન્ચ સંયુક્તપણે લોન્ચ Crew-10 મિશન ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS)માં પ્રવેશ્યું છે. ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં અટવાયેલા સુનીતા વિલિયમ્સ, વિલમોર સહિત ચાર અંતરિક્ષયાત્રીઓને પરત લાવવાના ઉદ્દેશ સાથે આ મિશન લોન્ચ કરવામાં આવ્યું હતું. જેનુ આજે સવારે 10.00 વાગ્યે ડોકિંગ થયુ છે.



### સ્પેસ સ્ટેશનનો વિડીયો વાઈરલ થયો

સ્પેસએક્સે Crew-10 મિશન લોન્ચ કરતાં જ વિલમોર અને વિલિયમ્સની પૃથ્વી પર પરત ફરવાની સંભાવનાઓ વધી ગઈ છે. ફાલ્કન 9 રોકેટમાં ક્રૂ ડ્રેગન કેપ્સૂલ હતી. ન્યૂયોર્ક સમય અનુસાર, શુક્રવારે સાંજે સાત વાગ્યે ફ્લોરિડાના નાસાના કેનેડી સ્પેસ સેન્ટરથી આ મિશન લોન્ચ થયુ હતું. લોન્ચિંગના 10 મિનિટ બાદ કેપ્સૂલ રોકેટ છૂટુ પાડવામાં આવ્યું હતું. જે સફળતાપૂર્વક ISSમાં પહોંચ્યું હતું. અવકાશયાત્રીઓએ સ્પેસ સ્ટેશન પરના તેમના 8 દિવસ દરમિયાન રિસર્ચ અને અનેક પ્રયોગો પણ કરવાના હતા.

### સુનિતા વિલિયમ્સે ક્રૂને ગળે લગાવ્યા

ચાર સભ્યની ક્રૂ-10 ટીમે શનિવારે ભારતીય સમય મુજબ સાંજે 4:30 વાગ્યે SpaceXના ફાલ્કન 9 રોકેટથી ઉડાન ભરી હતી. તેને ફ્લોરિડાના કેનેડી સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવ્યું હતું. ક્રૂ-10 સ્પેસ સ્ટેશન પર પહોંચ્યા પછી ક્રૂ-9 અવકાશયાત્રીઓ નિક હેગ, સુનિતા વિલિયમ્સ, બચ વિલ્મોર અને એલેક્ઝાન્ડર ગોર્બુનોવ ડ્રેગન અવકાશયાનમાં સવાર થઈને પૃથ્વી પર પાછાં ફરશે.

**▪ ડોકિંગ પ્રક્રિયા**

બે સ્પેસક્રાફ્ટને ઓરબિટમાં જોડવાની પ્રક્રિયાને ડોકિંગ કહે છે. ક્રૂડ ડ્રેગન સ્પેસક્રાફ્ટનું ISS સાથે ડોકિંગ થઈ ગયું છે. બંને સ્પેસક્રાફ્ટમાં ઉપસ્થિત અંતરિક્ષયાત્રીઓએ એકબીજાનું અભિવાદન કર્યું છે. હવે તેઓ અવકાશમાં હવા અંગે તપાસ કરશે, બાદમાં હેચ ખોલશે.

**▪ કામગીરી શરૂ**

નવા ક્રૂ નાસાના અંતરિક્ષયાત્રી નિક હેગ, સુનિતા વિલિયમ્સ, બુચ વિલ્મોર અને ડોન પેટિટને પૃથ્વી પર પરત મોકલશે. તેઓ 19 માર્ચ પહેલા પૃથ્વી પર પરત ફરે તેવી શક્યતાઓ NASAએ રજૂ કરી છે. તેમના સ્થાને ISSમાં નવા ચાર અંતરિક્ષયાત્રી કામગીરી સંભાળશે.

# વારંવાર રાહુલ વિયેતનામ કેમ જઈ રહ્યા છે : ભાજપનો સવાલ

## વિરોધ પક્ષના નેતા પોતાના પ્રવાસ વિશે માહિતી કેમ નથી આપતા? આ રાષ્ટ્રીય સુરક્ષા માટે ચિંતાનો વિષય છે

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

ભાજપે ફરી એકવાર રાહુલ ગાંધીના વિદેશ પ્રવાસો પર સવાલ ઉઠાવ્યા છે. ભાજપના નેતા અને સાંસદ રવિશંકર પ્રસાદે શનિવારે કહ્યું - રાહુલ ગાંધી ક્યાં છે? મેં સાંભળ્યું કે તેઓ વિયેતનામ ગયા છે. નવા વર્ષ દરમિયાન પણ તેઓ દક્ષિણપૂર્વ એશિયાઈ દેશ વિયેતનામમાં હતા. તેઓ ત્યાં 22 દિવસ રહ્યા, તેઓ તેમના મતવિસ્તાર (રાયબરેલી)માં આટલો સમય વિતાવતા નથી. પત્રકાર પરિષદમાં



પ્રસાદે કહ્યું, 'રાહુલ સતત વિયેતનામ અને અન્ય દેશોની યાત્રા કરી રહ્યા છે. વિયેતનામ પ્રત્યેના તેના અચાનક પ્રેમનું કારણ શું છે? રાહુલ ગાંધી વિપક્ષના નેતા છે, તેમણે ભારતમાં હાજર રહેવું જોઈએ. ભાજપ આઈટી સેલના વડા અમિત માલવિયાએ જણાવ્યું હતું કે, 'રાહુલ ગાંધી વિપક્ષના નેતા તરીકે મહત્વપૂર્ણ પદ ધરાવે છે અને તેમની અનેક ગુપ્ત વિદેશ યાત્રાઓ, ખાસ કરીને જ્યારે સંસદનું સત્ર ચાલુ હોય છે.

### મનમોહન સિંહના અંતિમ સંસ્કાર પછી રાહુલ તરત જ વિયેતનામ ગયા હતા

ખરેખરમાં, પૂર્વ વડાપ્રધાન અને કોંગ્રેસના નેતા મનમોહન સિંહનું 26 ડિસેમ્બર 2024ના રોજ નિધન થયું હતું. સિંહના અંતિમ સંસ્કાર પછી તરત જ, રાહુલ ગાંધી વિયેતનામ જવા રવાના થયા. ભાજપે ત્યારે પણ તેની ટીકા કરી હતી. અમિત માલવિયાએ ત્યારે કહ્યું હતું કે- જ્યારે આખો દેશ સિંહના મૃત્યુ પર શોક વ્યક્ત કરી રહ્યો હતો, ત્યારે રાહુલજી નવા વર્ષની ઉજવણી કરવા વિયેતનામ ગયા હતા.

### રાહુલે અમેરિકામાં કહ્યું હતું- ભારતમાં બધું જ મેડ ઈન ચાઈના છે

સપ્ટેમ્બર 2024માં, રાહુલ ગાંધી અમેરિકા ગયા હતા. તેણે ટેક્સાસમાં 2 ઈવેન્ટમાં ભાગ લીધો. ટેક્સાસ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે ભારતીય રાજકારણ, અર્થતંત્ર અને ભારત જોડો યાત્રા સહિતના ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ દરમિયાન રાહુલે કહ્યું હતું કે ભારતમાં બધું જ મેડ ઈન ચાઈના છે. ચીને ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, તેથી ચીનમાં રોજગારીની કોઈ સમસ્યા નથી. મારી ભૂમિકા સંસદમાં સરકાર વિરુદ્ધ બોલવા અને તેમને સરમુખત્યાર બનતા અટકાવવા સુધી મર્યાદિત નથી.

# બલૂચ આર્મીનો પાકિસ્તાની સેના પર આત્મઘાતી હુમલો

## 90 જવાનો ઠાર માર્યાનો દાવો કરાયો

**બલૂચ લિબરેશન આર્મીએ હુમલાની જવાબદારી સ્વીકારી લીધી**

(એજન્સી) ઈસ્લામાબાદ । તા. 16

પાકિસ્તાનના ક્વેટાથી તાફ્તાન જતા સૈન્યા કાફલા પર રવિવારે મોટો આતંકી હુમલો કરાયો છે. આ હુમલામાં 7 સૈનિકોના મોત જ્યારે 21 ઘાયલ થયાની માહિતી મળી છે પણ બલૂચ લિબરેશન આર્મી (BLA) દ્વારા 90 પાકિસ્તાની સૈનિકોને મોતને ઘાટ ઉતારી દીધાનો દાવો કરાયો છે. બલૂચ લિબરેશન આર્મીએ પાકિસ્તાની સૈન્યના કાફલા પર થયેલા આ હુમલાની જવાબદારી સ્વીકારી લીધી છે. હુમલો ક્વેટાથી 150 કિ.મી. દૂર નોશકીમાં થયો હતો. આ હુમલા બાદ સૈન્યએ વિસ્તારમાં હેલિકોપ્ટર અને ડ્રોન તહેનાત કરવાની ફરજ પડી હતી.



**8 જેટલી બસના કાફલા પર હુમલો**

### છેલ્લા આતંકવાદીને ઠાર ન કરીએ ત્યાં સુધી લડીશું

બલૂચિસ્તાનના મુખ્યમંત્રી બલૂચિસ્તાનના મુખ્યમંત્રી સરફરાઝ બુગતીએ કહ્યું હતું કે બલૂચિસ્તાનની શાંતિ સાથે રમત રમનારાઓનો અંત ખૂબ જ ખરાબ થશે. આ કાયર હુમલાઓ અમારી હિંમત તોડી શકશે નહીં. અમે કોઈપણ કિંમતે શાંતિ જાળવી રાખીશું. આ યુદ્ધ છેલ્લો આતંકવાદી માર્યો ન જાય ત્યાં સુધી ચાલુ રહેશે.

### પાંચ દિવસ પહેલાં BLAએ ટ્રેનને હાઈજેક કરી હતી

આ પહેલાં 11 માર્ચે, BLAએ ક્વેટાથી પેશાવર જતી જાફર પેસેન્જર ટ્રેનને હાઈજેક કરી હતી. મંગળવારે સવારે 9 વાગ્યે જાફર એક્સપ્રેસ ક્વેટાથી પેશાવર જવા રવાના થઈ હતી. સિબી પહોંચવાનો સમય બપોરે 1:30 વાગ્યાનો હતો.

# હાથરસમાં 7 વર્ષની બાળકી પર કિશોરે આચર્યું દુષ્કર્મ

**▪ રોષે ભરાયેલા ટોળાએ પથ્થરમારો કર્યો**

(એજન્સી) હાથરસ । તા. 16

ઉત્તર પ્રદેશના હાથરસમાં સાત વર્ષની બાળકી પર કિશોર દ્વારા દુષ્કર્મ આચવામાં આવ્યું હતું. આ ઘટનાને લઈને ગુસ્સે ભરાયેલા ટોળાએ ધાર્મિક સ્થળ પર પથ્થરમારો કર્યો હતો. ત્યારે મોટી સંખ્યામાં પોલીસ દળ ત્યાં પહોંચી ગયું. તણાવને ધ્યાનમાં રાખીને, ઘટનાસ્થળે મોટી સંખ્યામાં સૈનિકો તહેનાત કરવામાં આવ્યા છે. આરોપીને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. પોલીસ આ કેસની તપાસ કરી રહી છે. અહેવાલો અનુસાર, હાથરસના સદાબાદ પોલીસ સ્ટેશન વિસ્તારના શનિવારે રાત્રે સાત વર્ષીય બાળકી દુકાને સામાન ખરીદવા ગઈ હતી. આ દરમિયાન કિશોરે બાળકીને ઉપાડીને લઈ ગયો હતો અને તેના પર દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટના બાદ ગુસ્સે ભરાયેલા ટોળાએ હોબાળો મચાવ્યો હતો. કેટલાક લોકોએ ધાર્મિક સ્થળ તરફ પથ્થરમારો પણ કર્યો ગયો. માહિતી મળતાં જ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને ગુસ્સે ભરાયેલા લોકોને સમજાવીને શાંત પાડ્યા હતા. ફરિયાદના આધારે પોલીસે છેડતીનો ગુનો નોંધ્યો હતો. પરંતુ જ્યારે બાળકીએ દુષ્કર્મ વિશે વાત કરી, ત્યારે પોલીસે તે જ રાત્રે આરોપીને કસ્ટડીમાં લઈ લીધો હતો.

# ગરમી વધશે : અનેક રાજ્યોમાં હીટવેવની ચેતવણી

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

ઉત્તર ભારત સહિત સમગ્ર દેશમાં ઉનાળાની સિઝન શરૂ થઈ ગઈ છે. તાપમાનમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. દરમિયાન, ઓડિશામાં 16-18 માર્ચ વચ્ચે હીટવેવની ચેતવણી જારી કરવામાં આવી છે. આ ઉપરાંત, ઝારખંડ, ગંગાના પશ્ચિમ બંગાળ, વિદર્ભ, ઉત્તર તેલંગાણામાં 16-17 માર્ચની વચ્ચે, છત્તીસગઢમાં 16 માર્ચની વચ્ચે અને ઉત્તરીય આંતરિક કર્ણાટકમાં 18-20 માર્ચની વચ્ચે ગરમીનું એલર્ટ છે. આ સિવાય ઉત્તર-પૂર્વ ભારતમાં આંધી અને ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. અરુણાચલ પ્રદેશમાં 16 અને 17 તારીખે ભારે વરસાદ પડશે. છેલ્લા 24 કલાકમાં હવામાનની વાત કરીએ તો જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને અરુણાચલ પ્રદેશમાં વરસાદ થયો છે. આસામ, લક્ષદ્વીપ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, ઉત્તર પ્રદેશ, પૂર્વ મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, તમિલનાડુ, કેરળ અને માહેમાં પણ વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગે આગાહી કરી છે કે અરુણાચલ પ્રદેશમાં 16 અને 17 માર્ચે ભારે વરસાદ પડશે. તે જ સમયે, 30-40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે જોરદાર પવન ફૂંકાશે. આ સિવાય આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, ત્રિપુરા, મિઝોરમમાં પણ 16 અને 17 માર્ચે વરસાદ થવાનો છે. તે જ સમયે, જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં 30-40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે અને વરસાદ પડશે. તે જ સમયે, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં 16 માર્ચે વરસાદ, તોફાન અને વીજળી કડકવાનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ઉત્તર-પશ્ચિમ ભારતમાં આગામી ચારથી પાંચ દિવસમાં ગરમી વધવાની છે.

**દેશના કેટલાક હિસ્સાઓમાં 18-20 માર્ચની વચ્ચે ગરમીનું એલર્ટ જાહેર**

**પંજાબ સરકારનો નિર્ણય**

# દિબ્રુગઢની જેલમાં બંધ અમૃતપાલના 7 સાથીઓ સામે NSA નહીં, હવે કેસ ચાલશે !

(એજન્સી) દિબ્રુગઢ । તા. 16

દિબ્રુગઢની જેલમાં બંધ પંજાબમાં ખાલિસ્તાનવાદી નેતા અને સાંસદ અમૃતપાલ સિંહના સાત સાથીઓ અંગે પંજાબ સરકારે મોટો નિર્ણય લીધો છે. સરકારે NSA હેઠળ અમૃતપાલના 7 સાથીઓ સામે NSAની અવધિ ન વધારવાનો અને તેમની સામે કેસ ચલાવવાનો નિર્ણય લીધો છે. આ તમામ આરોપીઓ અજનાલા પોલીસ સ્ટેશન પર હુમલાના આરોપી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, અમૃતપાલ સિંઘના સાત સાથીઓ રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ હેઠળ દિબ્રુગઢની જેલમાં બંધ છે, જેમની સામે પંજાબ સરકારે NSA ન વધારવાનો નિર્ણય લીધો છે. સરકાર આ સાતેય આરોપીઓ સામે અજનાલા પોલીસ સ્ટેશન પર હુમલાનો કેસ ચલાવવા ઈચ્છે છે. સરકારે એવું પણ કહ્યું છે કે, આ સાતેય આરોપીનો પંજાબ લવાશે.



### અમૃતપાલ દિબ્રુગઢની જેલમાં બંધ

વારિસ પંજાબ દે સંગઠનનો પ્રમુખ અમૃતપાલ સિંહ રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ દિબ્રુગઢની જેલમાં બંધ છે. તેણે અરજી કરીને લોકસભા સત્રમાં ભાગ લેવા માટે મંજૂરી માંગી હતી. તેનું કહેવું હતું કે, મારી સતત ગેરહાજરીના કારણે બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે, જેના કારણે તેમના ક્ષેત્રના લોકો પ્રતિનિધિત્વ વગર રહી રહ્યા છે.

### અમૃતપાલને સંસદમાંથી હાંકી કાઢવાનો ડર દૂર થયો

પત્ર દ્વારા જણાવાયું હતું કે, અમૃતપાલ સિંહને 24 જૂન-2024થી બે જુલાઈ-2024 સુધી, 22 જુલાઈ-2024થી 9 ઓગસ્ટ-2024 સુધી અને 25 નવેમ્બર-2024થી 20 ડિસેમ્બર 2024 સુધી રજા અપાઈ હતી. આ મુદ્દે ખંડપીઠે કહ્યું કે, 'અરજદાર (અમૃતપાલ)ને સંસદમાંથી હાંકી કાઢવાનો ડર હતો, જોકે આ પત્રથી તેમી ચિંતા દૂર થઈ ગઈ છે.

# વોટર ID-આધાર લિંકની આવશ્યકતા મામલે 18 માર્ચે બેઠક

## બોગસ વોટિંગ અટકાવવા માટે જરૂરી : હાલમાં, 64 કરોડ મતદારોના મતદાર ID લિંક થયેલ છે



(એજન્સી) નવી દિલ્હી । તા. 16

વોટર ID ડેટામાં ગેરરીતિના આરોપોને કારણે, ચૂંટણી પંચે 18 માર્ચે એક મહત્વપૂર્ણ બેઠક બોલાવી છે. મતદાર IDને આધાર સાથે લિંક કરવાનું ફરજિયાત બનાવવા પર ચર્ચા થઈ શકે છે. આ બેઠકમાં કેન્દ્રીય ગૃહ સચિવ, UIDAIના CEO અને વિધાનસભા સચિવ હાજરી આપશે. હાલમાં મતદાર ID અને આધારને લિંક કરવું વૈકલ્પિક છે. સરકારે સંસદમાં સ્પષ્ટતા કરી છે કે જો કોઈ મતદાર પોતાના મતદાર કાર્ડને આધાર સાથે લિંક નહીં કરે તો પણ તેનું નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવશે નહીં.

### 64 કરોડ મતદારો ઉમેરાયા, 97 કરોડનો ટારગેટ

ડિસેમ્બર 2021માં, લોકસભાએ ચૂંટણી કાયદા (સુધારા) બિલ પસાર કર્યું, જેમાં મતદાર IDને આધાર સાથે લિંક કરવાની ભલામણ કરવામાં આવી હતી. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં 64 કરોડ મતદારોએ તેમના મતદાર ઓળખ કાર્ડને આધાર સાથે લિંક કર્યા છે, જ્યારે દેશમાં કુલ 97 કરોડ મતદારો છે.

### બોગસ મતદાન અને ડુપ્લિકેશન ટાળવા માટે નિર્ણય શક્ય છે

**બોગસ મતદાન અટકાવવું:** આનાથી કોઈ વ્યક્તિ એક કરતાં વધુ જગ્યાએ મતદાન કરે તેવી શક્યતા દૂર થશે.

**ડુપ્લિકેટ નામોનો મુદ્દો ઉકેલાશે:** મતદાર યાદીમાંથી ડુપ્લિકેટ નામો દૂર કરવાથી ચૂંટણી પ્રક્રિયા વધુ પારદર્શક બનશે.

**EPIC નંબર અપડેટ કરવામાં આવશે:** જેમની પાસે ડુપ્લિકેટ મતદાર કાર્ડ છે તેમને ત્રણ મહિનામાં નવા EPIC નંબર આપવામાં આવશે.

જોકે, ઘણા એક્સપર્ટ્સ અને રાજકીય પક્ષોએ આધાર લિંકિંગ અંગે ગોપનીયતા સંબંધિત ચિંતાઓ વ્યક્ત કરી છે. તેમનું કહેવું છે કે આધાર જેવી સંવેદનશીલ માહિતીને વોટર આઈડી સાથે લિંક કરવાથી ડેટા લીક થવાનું જોખમ વધી શકે છે.

# રાજ્યો વચ્ચે કનેક્ટિવિટી મળશે... જામની સમસ્યાઓથી છૂટકારો મળશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

ભારતમાં ઘણા એક્સપ્રેસ વે પર કામ ચાલી રહ્યું છે. જે પૈકી કેટલાક માટે જમીન સંપાદનની કામગીરી કરવામાં આવી રહી છે. આ પછી તેમનું કામ પણ ટૂંક સમયમાં શરૂ થશે. આ એક્સપ્રેસ વે દ્વારા દેશની કનેક્ટિવિટી નવી ઊંચાઈઓ પર પહોંચશે. આ ઉપરાંત, વાહનો આના પર રોકાયા વિના મુસાફરી કરી શકશે, જે વેપાર અને આર્થિક પ્રવૃત્તિઓને પણ વેગ આપશે. હાલમાં, અમૃતસર-જામનગર એક્સપ્રેસવે, સુરત-ચેન્નઈ ઈકોનોમિક કોરિડોર, કાનપુર રિંગ રોડ અને ચેન્નાઈ પેરિફેરલ રિંગ રોડ જેવા પ્રોજેક્ટ્સ પર કામ ઝડપી ગતિએ થઈ રહ્યું છે.

### એક્સપ્રેસવેનું લિસ્ટ

- પુણે-નાસિક એક્સપ્રેસવે (MSRDC) લંબાઈ, 180 કિમી, 6 લેન, DPR તબક્કો, ગ્રાઉન્ડ સર્વે પૂર્ણ.
- સુરત-ચેન્નાઈ ઈકોનોમિક કોરિડોર (NHAI) લંબાઈ, 1270 કિમી, 6 લેન, જમીન સંપાદનનું કામ ચાલી રહ્યું છે, જેમાંથી કેટલાક વિભાગોમાં બાંધકામનું કામ પણ થઈ રહ્યું છે.
- મુંબઈ-નાગપુર સમૃદ્ધિ એક્સપ્રેસવે (MSRDC) લંબાઈ, 701 કિમી, 6 લેન, નિર્માણાધીન, હવે નાગપુરથી ઈગતપુરી સુધી ખુલ્લો છે.
- અમૃતસર-જામનગર એક્સપ્રેસવે (NHAI) લંબાઈ, 1256 કિમી, 4 થી 6 લેન, RJ/GJ વિભાગ પહેલેથી જ ખુલ્લો છે, બાકી બાંધકામ હેઠળ છે.
- દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે (NHAI) લંબાઈ, 1350 કિમી, 8 લેન, નિર્માણાધીન.
- નાગપુર-વિજયવાડા એક્સપ્રેસવે (NHAI), લંબાઈ, 405 કિમી, 4 લેન, જમીન સંપાદનનું કામ ચાલી રહ્યું છે. કેટલાક વિભાગોમાં બાંધકામની કામગીરી ચાલી રહી છે.
- બેંગ્લોર-વિજયવાડા એક્સપ્રેસવે (NHAI), લંબાઈ, 518 કિમી, 4/6 લેન, નિર્માણાધીન.

# બનાસકાંઠા જીલ્લા નું "બનાસ કમલમ" કાર્યાલયનું લોકાર્પણ પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રીય જળશક્તિ મંત્રી તેમજ સંગઠન મહામંત્રીના વરદ હસ્તે યોજાયું

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



બનાસકાંઠા જીલ્લા નુ બનાસ કમલમ કાર્યાલયનુ લોકાર્પણ પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રીય જળશક્તિમંત્રી સી.આર.પાટીલ તેમજ સંગઠન મહામંત્રી રત્નાકરના અને જીલ્લા પ્રમુખના વરદ હસ્તે યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રદેશ અધ્યક્ષ સી. આર.પાટીલ તેમજ સંગઠન મહામંત્રી રત્નાકરએ કાર્યાલયની મુલાકાત કરી અને કાર્યાલય ખાતે જળસંચયના ટ્યુબવેલનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું. કાર્યાલયના લોકાર્પણ પ્રસંગે સી.આર.પાટીલએ સૌને માર્ગદર્શન આપતા જણાવ્યું કે, કાર્યાલયનુ નિર્માણ અને તેની જરૂરિયાત એ ખૂબ મહત્વની વાત છે. વડાપ્રધાન મોદી અને દેશના ગૃહમંત્રી અમિતભાઈ શાહ રાષ્ટ્રીય અધ્યક્ષ હતા તે સમયે 700 જિલ્લામા પક્ષનુ કાર્યલય બને તે માટે પ્રયત્ન શરૂ કર્યા અને તેમા ગુજરાત કેવી રીતે બાકાત રહી શકે કારણ કે ગુજરાત તો મોડલ કહેવાય. વડાપ્રધાન મોદીની કલ્પના હોય અને અમિતભાઈ સાકાર કરતા હોય તેમા ગુજરાત પાછળ ન રહે. કાર્યાલયના નિર્માણમાં આપ સૌ કાર્યકર્તાઓનો સાથ સહકાર રહ્યો છે. પાટીલએ વધુમાં જણાવ્યું કે, કાર્યાલય એટલે કાર્ય કરવાનું સ્થળ. કાર્યકર્તાઓ માટેનુ કાર્યાલય અધ્યતન બને તે કાર્યકર્તાઓના સાથ સહકાર વગર શક્ય નથી તે બદલ સૌને અભિનંદન અને આભાર વ્યક્ત કરુ છું. કાર્યકર્તાઓને હમેંશા કહું છું કે આપણો જન્મ જ જીતવા માટે થયો છે. જીતના સંકલ્પ સાથે કાર્યકર્તાઓ કામ કરતા હોય ત્યારે તેમને હરાવવા સંભવ નથી. લોકસભામાં કમી રહી ગઈ પણ હવે પસ્તાવો નહી પણ સંકલ્પ કરો કે હવે બીજી વાર આવી ભૂલ ન થાય. વિધાનસભાની પેટા ચૂંટણી સમયે અપક્ષ ઉમેદવાર બોલ્યા હતા કે પાટીલનો પાવર ઉતારવો છે એટલે મે આજે કહ્યુ કે પાવર પાટીલનો નથી પાવર કાર્યકર્તાઓનો છે. આવનાર દિવસમા પાર્ટીને વધુ મજબૂત કરવાની છે.આગામી ગ્રામપંચાયતની ચૂંટણીમા ભવ્ય જીત મળે તે માટે આપણા કાર્યકર્તાઓ પ્રયાસમાં લાગી ગયા છે. પાટીલએ વધુમાં જણાવ્યું કે, જીલ્લાના કાર્યાલયમાં કાર્યકર્તાઓનો અધિકાર છે. અને કાર્યાલયમાં તમારા પર અધિકાર છે તેમ પાર્ટીનો પણ તમારા પર અધિકાર છે. ભાજપના કાર્યકર્તાઓ જે ખેસ પહેરે છે તે જ તેમને સન્માન આપવા માટેનું પ્રતિક બને છે, એટલે તમારા વાણી,વ્યવહાર કે વર્તનથી સન્માનમા ઉમેરો કરાવજો પણ ઘટાડો ન થાય તેનુ ધ્યાન રાખવા વિનંતી. આદરણીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબે જળ સંચયના કાર્યને અગ્રીમતા આપવા આપણને જવાબદારી સૌંપી છે. કાર્યાલયની અંદર રેઈન વોટર હાર્વેસ્ટિંગ માટેની વ્યવસ્થા કરી છે. જળ સંચય એ જન ભાગીદારી સાથે જન આંદોલનમા પરિવર્તિત થવુ જોઈએ તેનો આગ્રહ વડાપ્રધાન મોદી રાખે છે. વરસાદી પાણીનો સંગ્રહ માટે જનતામાં કેવી રીતે જાગૃતિ વધે અને તેનાથી આપણને શું ફાયદો થશે તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી. રાજસ્થાન જે પહેલા પાણીની તકલીફથી પિડાતુ હતુ તે આ યોજનાથી હવે સૌથી વધુ પાણીદાર રાજ્ય બનશે તેવો વિશ્વાસ છે.

# સોનગઢ ખાતે મોરારી બાપુના વ્યાસાસને આયોજીત રામકથામાં સહભાગી બનતા રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

સોનગઢ ખાતે રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા રામકથાકાર મોરારી બાપુના મુખેથી પવિત્ર રામકથાનું રસપાન કર્યું. મંત્રીએ જણાવ્યું હતું કે, બાપુની મધુર વાણીમાં રામચંદ્રના સદાચાર, ભક્તિ અને ધર્મ પર આધારિત કથાનું શ્રવણ કરવું એ સત્ય, પ્રેમ અને કરૂણાની જીણી ધારા જેવું છે. રામચરિતમાનસના ઉત્તમ જીવનમૂલ્યો અને આધ્યાત્મિક સંદેશ સાથે જન જનને જોડવાનું ભગીરથ કાર્ય પૂજ્ય મોરારી બાપુ સતત કરતા રહ્યા છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે મોરારી બાપુની રામકથા માત્ર ધાર્મિક જ્ઞાન પૂરતું જ નહીં, પરંતુ પ્રેરણાદાયી સંદેશ પણ આપે છે, જે સમાજને નૈતિક મૂલ્યો, સહાનુભૂતિ અને સદભાવના તરફ દોરી જાય છે. પ્રભુ રામના ચરણોમાં શ્રદ્ધા અને સમર્પણ સાથે આ પવિત્ર કથામૃતનો લાભ લેનાર તમામ શ્રોતાઓનું જીવન સુખ-શાંતિ અને મંગલમય બની રહે એવી પ્રાર્થના તેમણે વ્યક્ત કરી.

# સંખેડાના બગલી ગામે માતાજીની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી



કમલેશ પટેલ । સંખેડા

સંખેડા તાલુકાના બંગલી ગામે નવીન બનાવેલ મંદિરમાં માતાજીની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી જેમાં સવારે શોભાયાત્રા કાઢવામાં આવી હતી ત્યારબાદ માતાજીની સ્થાપના કરીમાતાજીના પટાંગણમાં ઓમ,ગરબા કરી કુવારિકા ઓ ને ભોજન કરાવી પછી મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટ્યા હતા અને માતાજીના દર્શનનો લ્હાવો લીધો હતો.

# જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિ બેઠક યોજાઈ

## જનપ્રતિનિધિઓના પ્રજાલક્ષી પ્રશ્નોનું જિલ્લા કલેક્ટરના માર્ગદર્શનમાં હકારાત્મક નિરાકરણ

કિશોર આર. સોલંકી । જાફરાબાદ

ચોમાસાની ઋતુ પહેલાં પાણીના કુદરતી વહેણમાં આવતા અવરોધો દૂર કરી ઘટતી કાર્યવાહી કરવા દિશાનિર્દેશ આપતા જિલ્લા કલેક્ટરશ્રી ઉનાળાની ઋતુ દરમિયાન અસહ્ય ગરમી અને હિટવેવના દિવસોમાં તકેદારી રાખવા અને છેવાડાના વિસ્તારો સુધી જાગૃત્તિ પ્રસરાવવા સૂચન અમરેલી જિલ્લા કલેક્ટરશ્રી અજય દહિયાના અધ્યક્ષ સ્થાને વિધાનસભા નાયબ મુખ્ય દંડક શ્રી અને અમરેલી-કુંકાવાવ-વડીયા મતવિસ્તારના ધારાસભ્યશ્રી કૌશિકભાઈ વેકરિયા, સાવરકુંડલા-લીલીયા મતવિસ્તારના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા અને ધારી-બગસરા-ખાંભા મતવિસ્તારના ધારાસભ્યશ્રી જે.વી. કાકડીયાની પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં જનપ્રતિનિધિ ઓએ રોડ-રસ્તા, સિંચાઈ, વીજળી, વિવિધ યોજનાના અમલીકરણ વગેરે પ્રજાલક્ષી પ્રશ્નોની રજૂઆત કરી હતી, જિલ્લા કલેક્ટરશ્રીના માર્ગદર્શનમાં આ પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ આવ્યું હતું. ચોમાસાની ઋતુ દરમિયાન અતિ ટૂંક સમયમાં ખૂબ વધુ પ્રમાણમાં વરસાદ વરસે તેવા સંજોગોમાં પાણી ભરાઈ નહિ અને પ્રજાજનોને હાલાકી ન પડે તે પ્રકારે આયોજન કરવા માટે રાજ્ય સરકારની સૂચના છે. પૂર્વ તૈયારીના પગલે માર્ગ મકાન રાજ્ય અને પંચાયત, સિંચાઈ વિભાગ રાજ્ય અને પંચાયત, જી.એસ.આર.ટી.સી.ના ઋટના સંભવિત ડાયવર્ઝન્સ ખેતીવાડી, બાગાયત સહિતની કચેરીઓ, તમામ નગરપાલિકા વિસ્તારમાં ટૂંકા અને લાંબાગાળાનું આયોજન કરી તેના અમલીકરણ સહિતની બાબતોમાં તકેદારી લેવાની રહેશે. ચોમાસાની ઋતુ પહેલાં આગોતરી તૈયારીના ભાગરુપે પાણીના નિકાલનું યોગ્ય આયોજન કરવાની રાજ્યની સરકારની સૂચનાના પગલે જિલ્લામાં પ્રાંત અને તાલુકાકક્ષાએ વિવિધ કચેરીઓને આયોજન કરવાના દિશાનિર્દેશો જિલ્લા કલેક્ટરશ્રીએ આપ્યા હતા. નિવાસી અધિક કલેક્ટરશ્રી દિલિપસિંહ ગોહિલે સંકલન સમિતિના અધિકારીશ્રીઓને હિટવેવ અને અસહ્ય ગરમીની સ્થિતિમાં તકેદારીના પગલા ભરવા જણાવ્યુ. ગરમીના લીધે કોઈપણ પ્રકારની વિકટ સ્થિતિ ન સર્જાય તે માટે હિટવેવ ની સ્થિતિમાં શું કરવું અને શું ન કરવું તે અંગે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકાનો છેવાડાના માનવી સુધી પ્રચાર-પ્રસાર કરવાનો રહેશે.

# પીપળીયા ગામ પાસે પાન પાર્લરની આડમાં ગાંજો વેચતો ઈસમ ઝડપાયો

કિશન રોહિડા । જરોદ

વાઘોડિયા તાલુકાના પીપળીયા ગામ પાસે આવેલ શિવ શક્તિ રેસીડેન્સી કમ કોમ્પ્લેક્ષ ખાતે આવેલ જય માતાજી પાન પાર્લર પર ગાંજા ના જથ્થા નું વેચાણ થ ઈ રહ્યું છે ની ચોક્કસ બાતમી વાઘોડિયા પોલીસ ને મળતા વાઘોડિયા પોલીસે મળેલ બાતમીના આધારે સ્થળ પર પહોંચી દરોડા પાડી તપાસ હાથ ધરતા દુકાન માં થી નશા યુક્ત કોઈ પદાર્થ મળેલ નહીં પરંતુ દુકાન સામે પાર્ક કરેલ એક રીક્ષા અને ઈકો મારુતિ કાર પર પોલીસ ને શક જતાં તપાસ હાથ ધરતા ડ્રાઈવર સિટ ના આગળના ભાગે આવેલ એકસિલેટર પાસે એક કાળા કલરની મોટી કોથળી પર પોલીસ ની નજર પડતાં તે કોથળી માં ઝીપ વાળી લોક ધરાવતી 20 નંગ નાની કોથળી માં ગાંજો મળી આવ્યો હતો દુકાન માલિક ગાંજો વેચનાર મહેશ જયંતી ભાઈ સોલંકી રહે,જય યોગેશ્વર ટાઉન શીપ આજવા રોડ ના ઓ ને પુછપરછ દરમિયાન પોલીસ તપાસમાં દુકાન ની આગળ ના ભાગે પાર્ક કરેલ ત્રણેય વાહનો મહેશ સોલંકી ના બહાર આવવા પામતા 95 ગ્રામ ગાંજા ની અંદાજીત કિંમત રૂપિયા 950/- મોબાઈલ ફોન અને ઈકો ગાડી કિંમત રૂપિયા 4,લાખ કુલ મળીને 4,05,950/- નો મુદ્દામાલ કબજે કરી મહેશ સોલંકી ધરપકડ કરી આગળની કાર્યવાહી વાઘોડિયા પોલીસે હાથ ધરી છે

રાજુલામાં હોળી - ધુળેટી દરમિયાન થયેલી હિંસાનો કેસ

# બે જૂથો વચ્ચે થયેલી અથડામણમાં અને સ્થાન ઉપર બાઈક સળગાવવાના કેસમાં ઘટનાનું રિકન્ટ્રક્શન કરતી રાજુલા પોલીસ

કિશોર આર. સોલંકી । જાફરાબાદ



રાજુલા શહેરમાં ધૂળેટી ના દિવસે થયેલી અથડામણમાં ની ઘટનામાં પોલીસે કડક કાર્યવાહી શરૂ કરી છે. વાવેરા રોડ ઉપર બે જૂથો વચ્ચે થયેલી બોલાચાલી હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું આ ઘટનામાં એક મહિલા સહિત પાંચ વ્યકિતઓ ઘાયલ થયા હતા અને એક બાઈક સળગાવી દેવામાં આવી હતી પ્રથમ ફરિયાદ જશીબેન શાંતિભાઈ ચૌહાણે નોંધાવી હતી તેમનાં જણાવ્યા મુજબ તેમના પુત્ર સાથે બાઈક પર ઘરે જતા સમયે ભાવેશ ઉર્ફે મલ, ઉત્તમ શંકરભાઈ, ભરત ચૌહાણ સહિત ૬ વ્યક્તિઓએ તેમના પર હુમલો કર્યો હતો આરોપીઓએ પાઈપથી માર માર્યો અને પથ્થર મારો કર્યો હતો ઉપરાંત રૂ ૨૦,૦૦૦ ની કિંમતનું બાઈક સળગાવી દીધું હતું સમા પક્ષે ઉત્તમ શંકરભાઈ ઝાપડીયાએ રવિ શાંતિભાઈ ચૌહાણ, કૃણાલ શાંતિભાઈ ચૌહાણ, શિવરાજ બાબુભાઈ કોટીલા સહિત ૬ વ્યક્તિ ઓ સામે ફરિયાદ નોંધાવી છે. તેમના જણાવ્યા મુજબ વડલી રોડ ઉપર ઉભા હતા ત્યારે આરોપીઓએ સરનામું પૂછવાના બહાને હુમલો કર્યો હતો અમરેલી પોલીસ અધિક્ષક શ્રી સંજય ખરાત ના આદેશ બાદ પોલીસે તમામ આરોપીઓની ધરપકડ કરી છે. અને જ્યાં ઘટના બની ત્યાં લઈ જઈ ઘટના સ્થળે રિકન્ટ્રક્શન પંચનામું કરવામાં આવ્યું છે. પોલીસની આ કડક કાર્યવાહી થી શહેરમાં અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાયો છે .

# સેલાવી રોડ પર આવેલી પેપર મિલમાં કચરો સળગાવવાથી આસપાસના ખેતરોમાં આગ લાગી

નીતિન ઠાકર । ચાણસ્મા

પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના સેલાવી ગામમાં ગંભીર ઘટના સામે આવી છે. સેલાવી રોડ પર આવેલી પેપર મિલમાં કચરો સળગાવવાથી આસપાસના ખેતરોમાં આગ લાગી છે. પેપર મિલના સળગતા કચરાના તણખા નજીકના ખેતરમાં ભેગો કરેલા મેથીના પાક પર પડ્યા હતા. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું અને એક પછી એક એમ ત્રણ ખેતરોમાં ફેલાઈ ગઈ. આ ઘટનાથી વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ખેડૂત પટેલ ભરતભાઈ કાશીરામના જણાવ્યા મુજબ, તેમના અને તેમના પડોશી નવનીતભાઈના બે-બે વીઘા તેમજ અનિલભાઈના દોઢ વીઘા ખેતરમાં મેથીનું વાવેતર કરવામાં આવ્યું હતું. આગની ઘટનામાં ત્રણેય ખેડૂતોને અંદાજે દોઢ લાખ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે. ભરતભાઈ અને અન્ય બે ખેડૂતોને 50-50 હજાર રૂપિયાનું નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. લણણીની તૈયારીમાં રહેલો મેથીનો આખો પાક આગમાં બળીને ખાક થઈ ગયો છે. આ ઘટના પેપર મિલ દ્વારા યોગ્ય સાવચેતી વગર કચરો સળગાવવાને કારણે બની હોવાનું સામે આવ્યું છે.



# ચાણસ્મા ભાજપ દ્વારા નવનિયુકત જિલ્લા ભાજપ અધ્યક્ષનું સાલ ફુલહારના બદલે ખજુરથી ભવ્ય સ્વાગત સાથે સન્માન કરાયું

જિલ્લા ભાજપ અધ્યક્ષે સ્વાગતમાં આવેલી ખજુર બાલમંદિરના ભુલકાંઓને વહેચવા આપી

નીતિન ઠાકર । ચાણસ્મા



તાંજેતરમાં પાટણ જિલ્લા. ભાજપ અધ્યક્ષ તરીકે રમેશભાઈ સિંધવ પ્રદેશ ભાજપ દ્વારા નિમણુક કરાઈ છે ત્યારે ચાણાસ્મા તાલુકા ભાજપ દ્વારા સીટી પોઈન્ટ હોટલ ખાતે ભવ્ય સ્વાગત સાથે સન્માન કરાયું હતું જેમાં તાલુકા ભાજપ અધ્યક્ષ કિરણભાઈ જાની સહિત તાલુકા ના ભાજપ ના પદાધિકારીઓ સહિત કાર્યકરો શાલ કે ફુલહાર સિવાય ખજુરના પેકેટ આપી હુફાળું સ્વાગત સાથે સન્માન કર્યું હતું જ્યારે નવ નિયુકત જિલ્લા ભાજપ ના અધ્યક્ષ રમેશભાઈ સિંધવે તેમને સ્વાગત માં મળેલી ખજુર બાલમંદિર ના ભુલકાં ઓ માટે અર્પણ કરી હતી અને સાલ ફુલ હાર ના બદલે ખજુર દ્વારા ચાણસ્મા તાલુકા ભાજપ દ્વારા ખજુર સ્વાગત કરી નવતર સ્વાગત સન્માન ની નવતર રૂઢી ની સરાહના નવનિયુંક્ત જિલ્લા અધ્યક્ષે તેમના પ્રતિભાવમાં કરી હતી આ પ્રસંગે જિલ્લા ભાજપ ના પૂર્વ પ્રમુખ દશરથજી ચાણસ્મા ભાજપ ના અગ્રણી ઓ પૈકી મૂકેશભાઈ પટેલ દાઢી વિનય સિંહ ઝાલા એપીએમસી ના ચેરમેન દશરથભાઈ પટેલ મહેશભાઈ ચૌધરી નાનજીભાઈ ચૌધરી (ધિણોજ) સહિત ચાણસ્મા તાલુકા ભાજપ ના પદાધિકારીઓ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા સાથે ચાણસ્મા શહેર ભાજપ સંગઠન દ્વારા પણ ચાણસ્મા શિશુ મંદિર. ખાતે નવનિયુક્ત જિલ્લા ભાજપ અધ્યક્ષ નો સન્માન સમારોહ યોજાયો હતો જેમાં નવ પાલિકા પ્રમુખ નગરસેવકો ઉપસ્થિત રહ્યા હતા.

# સંખેડા ગામે શ્રીમદ ભાગવત કથાનો આરંભ થયો



કમલેશ પટેલ । સંખેડા

સંખેડા ગામે શ્રીમદ ભાગવત કથાનો આરંભ થયો છે. કથાના આરંભ પૂર્વે પોથીયાત્રા નીકળી હતી જેમાં સંખેડા ગામના ઉપરાંત આસપાસના ગામના ભાવિક ભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા. સંખેડા ગામમાં શ્રીમદ ભાગવત કથાનો આરંભ થયો છે. સમસ્ત સંખેડા ગામ મહિલા મંડળ યુવા મંડળો તથા ધર્મ પ્રેમી જનતાના સહયોગથી પવિત્ર ફાગણ માસમાં શ્રી રામજી મંદિરના પટાંગણમાં શ્રીમદ ભાગવત કથા નું આયોજન કરવામાં આવેલું છે. પહેલા દિવસે જ વ્યાસપીઠ ઉપર બિરાજમાન પૂજ્ય કનૈયાલાલ શાસ્ત્રીજી સુરેન્દ્રનગર વાળા દ્વારા કથાનું રસપાન કરાવવામાં આવ્યું. આ કથાનો આરંભ પૂર્વે પોથી યાત્રા નીકળી હતી. સંખેડા ગામમાં આવેલા ચાર રસ્તા થી આ પોથિયાત્રાનો આરંભ થયો હતો. આ પોથિયાત્રામાં સંખેડા ઉપરાંત આસપાસના ગામોના ભાવિક ભક્તો જોડાયા હતા. દીપ પ્રાગટ્ય તથા આરતી પ.પૂ. કનૈયાલાલ શાસ્ત્રીજી ના વરદ હસ્તે થયો હતો. જે બાદ કથાનો આરંભ થયો હતો. પહેલા દિવસે જ મોટી સંખ્યામાં ભક્તોએ આ કથાનો લ્હાવો લીધો હતો. આજથી શરૂ થયેલી શ્રીમદ ભાગવત કથા તા. 16 માર્ચ થી 22 માર્ચ સુધી દરરોજ બપોરે બે વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી આ કથા ચાલશે.

## ઐતિહાસિક ભવ્ય નગરયાત્રા નીકળી, મા હરસિદ્ધિ નગરચર્યાએ નીકળ્યા

# રાજપીપલાની કુળદેવી હરસિધ્ધિ માતાજી મંદિરનો દ્વિદીવસીય પ્રાગટ્ય મહોત્સવનો પ્રારંભ : માતાજીના દર્શને ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું







ભરત શાહ । નર્મદા

રાજપીપલાની કુળદેવી હરસિધ્ધિ માતાજી મંદિરનો દ્વિદીવસીય પ્રાગટ્ય મહોત્સવનો આજે પ્રારંભ ભારે શ્રદ્ધા અને ભક્તિભાવ પૂર્વક થયો હતો. રાજપીપલા હરસિદ્ધિ મંદિર ઐતિહાસિક ભવ્ય નગરયાત્રા નીકળી હતી. જેમાં મા હરસિદ્ધિ નગરચર્યાએ નીકળતા માતાજીના દર્શને ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું.આ ઐતિહાસિક ભવ્ય નગરયાત્રા લોક આકર્ષણનું કેન્દ્ર બની હતી. સાંસદ મનસુખ વસાવા ના હસ્તે નગર યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું.સાથે ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખ, જિલ્લા ભાજપ પ્રમુખ નીલ રાવ, નગરપાલિકા કારોબારી અધ્યક્ષ કુલદીપસિંહ ગોહિલ, પૂર્વ ધારાસભ્ય પી. ડી.વસાવા સહિત આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા જ્યારે મહિલા મંડળો, યુવા મંડળો, સહિત ભક્તો હાજર રહ્યા હતા. નગર યાત્રામાં ખાસ રથમા મન્દિરના ગર્ભગૃહમાં વાઘની સવારી પર બિરાજેલ હરસિદ્ધિ માતા સ્વરૂપબનેલ માતાજી શણગારેલ રથમા જોડાયાં હતા. ઈ. સ 1657 માં રાજવી વેરીશાલજી મહારાજ સાથે જે સ્વરૂપમાં માતાજી પધાર્યા હતા. તે મૂળ સ્વરૂપનો ટેબલો દર્શન ખાસ કરીને લોક આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. વાઘ પર સવારી કરનાર મા હરસિધ્ધિ માતાજી સાથે પધારેલ મહાદેવ, વીર વૈતાલ અને હનુમાન સાથેના ટેબલા સાથે માતાજીના દર્શન કરી ભક્તો અભિભુત થયા હતા. ખાસ રથમા મન્દિરના ગર્ભગૃહમાં વાઘની સવારી પર બિરાજેલ હરસિદ્ધિ માતા સ્વરૂપ માં શણગારેલ રથમા બિરાજેલ હરસિદ્ધિ માતા સ્વરૂપની ઝાંખી વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની હતી.ખાસ તો મંદિરના ગર્ભ ગૃહમાં મુકેલ મા હરસિધ્ધિની તસવીર પૂજારી અને આરતી સાથેના દર્શનની અનોખી ઝાંખી જોવા લોકટોળાં ઉમટ્યાહતા જયારે હરસિધ્ધિ મન્દિર, ઉજ્જૈન મન્દિર, કોયલા ડુંગર સહીત વીર વૈતાલની ઝાંખી વિશેષ આકર્ષણનું કેન્દ્ર રહી હતી. એ ઉપરાંત બાલિકાઓની કળશ યાત્રા સાથે જોડાઈ હતી તેમજ મોટી સંખ્યા મહિલાઓ માતાજીના ગરબાની રમઝટ સાથે નીકળેલી નગર યાત્રાનું ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.રથમા બિરાજમાન રાજવી પરિવાર સાથે નગરજનો પણ નગરયાત્રામાં જોડાયાં હતા.પ્રાગટ્ય મહોત્સવના પ્રથમ દિવસે નગરમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. પ્રાગટ્ય દિવસે આખો દિવસ ભક્તો હજારોની સંખ્યામાંમાતાજીના દર્શને ભક્તો ઉમટ્યા હતા અન્નકૂટના દર્શન કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી રાજપીપલાના રાજવી પરિવારની કુળદેવી અને લાખો ભક્તોની આસ્થા અને શ્રદ્ધા જેની સાથે જોડાયેલી છે તે મંદિરને મંદિરને 300 કિલો રંગબેરંગી ફૂલોથી શણગારાયુ હતું.એ ઉપરાંત ત્રણ રથ, બે બગી નું આકર્ષણ જામ્યું હતું 13 જેટલાં સ્થળોએ લાઈટિંગ રોશની આતશબાજી ડીજે ઈવેન્ટનું આકર્ષણ તથા વિવિધ સમાજ દ્વારા ઠેર ઠેર સ્વાગત દર્શન માટે ભારે ભીડ જામી હતી.

# "વીર ભીલ યોદ્ધાઓ" ભીલ સમાજનો શોર્ય વર્ણિત પુસ્તકનું વિમોચન કરતા ડાંગના રાજવી ધનરાજ સિંહ સૂર્યવંશી

સુશીલ પવાર । ડાંગ

ડાંગનાં રાજવી ધનરાજસિંહ સૂર્યવંશી વાસુર્ણા દ્વારા ભીલ સમાજનાં શૌર્યનો ઈતિહાસની ગાથાઓનો વર્ણન કરતું પુસ્તક વીર ભીલ યોદ્ધાઓ નો ડાંગ દરબાર રંગ ઉપવન ખાતે વિમોચન કરવામાં આવ્યુ હતુ.આ પુસ્તકમાં ડાંગના વીર વીલ યોદ્ધાઓની ગાથાનો વર્ણન ચમકડુંગરનું યુદ્ધ,લશ્કરિયાનું યુદ્ધ રાજા શીલપતસિંહનાં નેતૃત્વ હેઠળ લડેલી લડાઈ અને યોદ્ધાઓ પોતાની જમીન સંસ્કૃતિ પરંપરા ધરોહર અને રાષ્ટ્ર માટે લડ્યા છે.અને ક્યારેય બ્રિટિશરોની સામે એમને હારનો સ્વીકાર કર્યો નહીં છેવટે બ્રિટિશોએ આ રાજાઓ સાથે સુલેહ કરવી પડી એવું વર્ણન કરેલું છે.આ પુસ્તકમાં ડાંગ જિલ્લાની ઐતિહાસિક યુદ્ધગાથાઓ અને ભીલ સમાજના અદમ્ય શૌર્ય અને સાહસની વિગતવાર ઝલક રજૂ કરવામાં આવી છે. પ્રથમ અધ્યાય 'ચમક ડુંગરના યુદ્ધ' માં ભીલ યોદ્ધાઓની બહાદુરી, તેમની વ્યૂહરચનાઓ અને બ્રિટિશ સેનાના હુમલાઓ સામેના ભીલ યોદ્ધા ના પ્રતિકારનું વર્ણન છે. જેમાં રામાયણ સમકાલીન પવિત્ર પંપા સરોવર અને શબરી માતાનું મહત્વ પણ આ ચેપ્ટરમાં સમજાવવામાં આવ્યું છે.બીજો અધ્યાય 'લશ્કરિયા યુદ્ધ'માં શીલપતસિંહ પવારના નેતૃત્વ હેઠળ લડાયેલી ગેરિલા યુદ્ધ પધ્ધતિની વાત છે. જ્યાં ભીલ યુદ્ધવીરોના જંગલના વ્યૂહો અને તેમના પારંપરિક શસ્ત્રોનો મહિમા વર્ણવાયો છે. ત્રીજા અધ્યાયમાં 'ડાંગનો અંતિમ બળવો' દર્શાવવામાં આવ્યો છે. જ્યાં ભીલ સમુદાયે અંગ્રેજ શાસન સામે છેલ્લી મોટી લડાઈ લડી હતી.આ પુસ્તકમાં ભીલ સ્ત્રીઓની પ્રભાવશાળી ભૂમિકા પણ પ્રકાશમાં મૂકવામાં આવી છે. ભૂરીબાઈ, કલાવતીબાઈ અને કાલીબાઈ જેવી હિંમતવાન સ્ત્રીઓએ અંગ્રેજ શાસન સામે પ્રતિકાર કર્યો. તેઓ માત્ર લડાઈઓમાં જ નહીં, પરંતુ સમાજને એકત્રિત કરવાના પ્રયાસોમાં પણ અગ્રેસર રહ્યા હતા. અંતિમ વિભાગમાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભીલ સમુદાયના યોગદાન અને ભારત છોડો આંદોલનમાં તેમની ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.




OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### પાર્કિંગમાં લઘુશંકા કરવાની ના પાડી તો શખસે દંડાથી ફટકાર્યા, રોડ પર પગ પકડીને ઢસડી મોઢા ઉપર લાતો-મુક્કા માર્યા

# સુરતમાં 77 વર્ષીય સિક્યોરિટીને નિર્દયતાથી માર મારવામાં આવ્યો

સુરત | સુરતના રાંદેર વિસ્તારમાં 77 વર્ષીય સિક્યોરિટી ગાર્ડ પર અમાનવીય હુમલાની ઘટના સામે આવી છે. CCTV ફૂટેજમાં કેદ થયેલાં દૃશ્યોમાં સ્પષ્ટ દેખાય છે કે એક શખ્સ વૃદ્ધ સિક્યોરિટી ગાર્ડને રોડ પર પટકે છે અને માર મારે છે. બાદમાં પગ ખેંચીને રોડ પર ઢસડે છે. એટલું જ નહીં, લાકડા અને લાતો-મુક્કાથી સતત માર મારે છે. ગંભીર રીતે ઈજા પામેલા વૃદ્ધ સિક્યોરિટી ગાર્ડ ભાઈલાલભાઈ પ્રજાપતિને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

રાંદેર પોલીસ મથકમાંથી મળતી માહિતી મુજબ, 77 વર્ષીય ભાઈલાલભાઈ ધનજીભાઈ પ્રજાપતિ, માલવિયા હોસ્પિટલ, આનંદમહેલ રોડ, સુરત ખાતે સિક્યોરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવે છે. ધુળેટીના દિવસે તેઓ પોતાની ફરજ પર હતા. એ દિવસે એક કારમાં આવેલા બે શખસ હોસ્પિટલના પાર્કિંગમાં રોકાયા હતા. તેઓ ત્યાં પેશાબ કરવા લાગ્યા હતા, જે જોઈ સિક્યોરિટી ગાર્ડ ભાઈલાલભાઈએ તેમને રોક્યા અને ત્યાં પેશાબ ન કરવા માટે મનાઈ કરી હતી. વૃદ્ધ ગાર્ડ દ્વારા વારંવાર ના પાડતાં કારમાં આવેલા શખસો ઉશ્કેરાઈ ગયા હતા. તેમાંથી એક શખસે ભાઈલાલભાઈને નિર્દયતાપૂર્વક મારવાની શરૂઆત કરી હતી.

ઘટનાના સીસીટીવી ફૂટેજ મુજબ, હુમલાખોર શખસે પહેલા સિક્યોરિટી ગાર્ડને જોરથી જમીન પર પટક્યા હતા. પછી તેમની પાસે રહેલા લાકડાના દંડાથી જ તેમને માર્યા હતાં. ત્યાર બાદ તાબડતોબ ઘા કર્યા હતા. રોડ પર તેમના પગ પકડીને ઢસડી મોઢા ઉપર સતત લાતો અને મુક્કા માર્યાં હતાં. ગાર્ડ ઊઠી પણ ન શકે એવી સ્થિતિમાં હતા, ત્યારે બે મહિલા ત્યાં પહોંચી હતી.

અન્ય લોકો પણ મદદ માટે દોડી આવ્યા અને ઘાયલ ગાર્ડને ઉઠાવી હોસ્પિટલ ખસેડ્યા હતા. અહીં વૃદ્ધ ગાર્ડના માથામાં ગંભીર ઈજા હોવાથી ટાંકા લેવા પડ્યા છે.





**પોલીસ દ્વારા તપાસ શરૂ :** રાંદેર પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી છે. CCTV ફૂટેજ અને ઘટનાસ્થળે હાજર સાક્ષીઓના આધારે પોલીસે આરોપીઓને ઓળખવા માટે તપાસ શરૂ કરી છે. હાલ હુમલાખોરની કારનો નંબર પોલીસ પાસે ઉપલબ્ધ છે અને તેની મદદથી આરોપીઓને ઝડપથી શોધી કાઢવા માટે તપાસ કરવામાં આવી છે.

# રાજકોટ એટલાન્ટિસ બિલ્ડિંગ અગ્નિકાંડ: આગ કાબૂમાં લીધી

### ફાયર NOC રિન્યૂની બે નોટિસ આપી ફાયર વિભાગ ઉંઘતો રહ્યો, હવે કહે છે 5 મિનિટમાં ટીમો મોકલી દોઢ કલાકમાં આગ કાબૂમાં લીધી

રાજકોટ | રાજકોટના 150 ફૂટ રિંગરોડ પર આવેલા એટલાન્ટિસ બિલ્ડિંગમાં ધુળેટીના દિવસે આગ ફાટી નીકળતાં ફૂડ ડિલિવરી કરવા આવેલા ત્રણ લોકોનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે ફસાયેલા અન્ય લોકોને હાઈડ્રોલિક લિફ્ટથી રેસ્ક્યૂ કરાયા હતા. આ બિલ્ડિંગમાં 2014 બાદ ફાયર NOC ન લેવાયું નહોતું અને ફાયર વિભાગ પણ બે નોટિસ આપી ઉંઘતો રહ્યો હતો. હવે ફાયર વિભાગ કહે છે કે, 5 મિનિટમાં ટીમો મોકલી દોઢ કલાકમાં આગ કાબૂમાં લીધી હતી.

એટ્લાન્ટિસ એપાર્ટમેન્ટમાં આગ લાગી હોવાની જાણ થતાં માત્ર 5 મિનિટમાં ટીમો સ્થળે પહોંચી હતી. અમે છઠ્ઠા માળે પહોંચ્યા ત્યારે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું, જેના કારણે ધુમાડો એટલો થયો હતો કે, ઉપરનાં ફ્લોરમાં રહેલા લોકો આગને બદલે ગભરામણથી જીવ ગુમાવે તેવી શક્યતા હતી. અમે સૌપ્રથમ ધુમાડો બહાર નિકળી શકે તે માટે કાચ ફોડીને રસ્તો કર્યો. અમારા 52 જવાનોએ 35 વ્યક્તિને રેસ્ક્યૂ કરવા સાથે માત્ર દોઢ કલાકમાં આગ પર કાબૂ મેળવ્યો હતો. ઓપરેશન સમયસર પાર પાડી ન શકાયું હોત તો મૃત્યુઆંક ઘણો મોટો હોવાની શક્યતા નકારી શકાય તેમ નથી. આ શબ્દો છે ફાયર વિભાગની કામગીરીને લીડ કરનારા ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર અશોકસિંહ ઝાલાના...

રાજકોટનાં 150 ફૂટ રિંગરોડ ઉપરના એટ્લાન્ટિસ એપાર્ટમેન્ટમાં 14 માર્ચને ધુળેટીના દિવસે લાગેલી આગમાં ફાયર વિભાગ દ્વારા કાબિલેદાદ કામગીરી કરવામાં આવી હતી. માત્ર પાંચ મિનિટમાં ટીમો પહોંચી ગઈ હતી અને ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર પણ તરત જ ત્યાં દોડી ગયા હતાં. બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તેમની દેખરેખમાં ફંસાયેલા 35 કરતાં વધુનું રેસ્ક્યૂ કરવાની સાથે આગ ઉપરના માળે ફેલાય તે પહેલાં કાબૂ મેળવવાની કામગીરી સફળતાથી પાર પાડવામાં આવી હતી.



**'આગને બદલે ગભરામણથી લોકો જીવ ગુમાવે એવી શક્યતા હતી'**

અમે છઠ્ઠા માળે પહોંચ્યા ત્યારે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેમાં સીડી સ્પેસમાં જ ફાયરની જ્વાળાઓ જોવા મળી હતી. જેને લઈને ત્યાં આગને બુઝાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. પરંતુ ભીષણ આગને કારણે ધુમાડો એટલો હતો કે છઠ્ઠાથી ઉપરના સાતમા-આઠમાં ફ્લોરમાં રહેલા લોકો આગને બદલે ગભરામણથી જીવ ગુમાવે તેવી શક્યતાઓ જોઇ મળી હતી.

શુક્રવારની સવારે 10:17 મિનિટે કંટ્રોલરૂમમાં ફોન આવ્યો કે, 150ફૂટ રિંગરોડ પર બિગબજારની સામે એટલાન્ટિસ એપાર્ટમેન્ટનાં પાંચમા કે છઠ્ઠા માળે આગ લાગી છે અને તરત જ નિર્મલા ફાયર સ્ટેશનની ટીમ રવાના કરી દેવામાં આવી હતી. આ ટીમ માત્ર 5 મિનિટમાં એટલે કે, 10:22 મિનિટે સ્થળ પર પહોંચી તેની તરત બાદ હું પણ પહોંચી ગયો હતો. આગ વિકરાળ હોવાનું જોતા તરત વધારાની ટીમો બોલાવી લેવામાં આવી હતી. તેમજ હાઈરાઈઝડ બિલ્ડિંગ હોવાથી અને ઘણા લોકો ફંસાયા હોવાનું જોઈ લોકોને રેસ્ક્યૂ કરવા માટે ખાસ મવડી ફાયર સ્ટેશનથી હાઈડ્રોલિક લિફ્ટ પણ મંગાવી લેવામાં આવી હતી. સાતમાં-આઠમાં ફ્લોરમાં રહેલા લોકોને ધુમાડાને લઈ ગૂંગળામણ થતી હતી, એટલે આ લોકોને રેસ્ક્યૂ કરવા માટે બધાને અગાસી પર ખસેડાયા હતા. બધા ટાવરની અગાસી કનેક્ટેડ હોય ત્યાંથી બધાને બાજુના ટાવરમાં ખસેડીને ત્યાંની સીડી અને લિફ્ટ દ્વારા સહી સલામત રીતે નીચે ઉતારવામાં આવ્યા હતા. આ દરમિયાન થોડો ધુમાડો રિલીઝ થતા અન્ય કેટલાક લોકો જોવા મળ્યા હતા.

# દારૂ વેચવાના પોલીસના દબાણના આરોપ બાદ યુવકના આપઘાતનો કેસ

ભરૂચ | ભરૂચ જિલ્લાના કવિઠા ગામમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. આદિવાસી યુવક કીર્તન વસાવાએ પોલીસના કથિત ત્રાસને કારણે આત્મહત્યા કરી લીધી હતી.

ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે આ મામલે ભાજપ સરકાર પર ગંભીર આરોપો મૂક્યા છે. તેમના મતે સરકાર પોલીસનો રાજકીય ઉપયોગ કરે છે, જેના કારણે પોલીસ મનમાની કરે છે.

ભરૂચ જિલ્લા કોંગ્રેસના નેતાઓ અને કાર્યકર્તાઓએ પીડિત પરિવારને ન્યાય અપાવવા માટે પોલીસ સ્ટેશન પર આંદોલન કર્યું હતું. કોંગ્રેસના દબાણ બાદ જવાબદાર પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ વિરુદ્ધ FIR નોંધવામાં આવી છે. ભરૂચના એસપી મયુર ચાવડાએ આ મામલે ત્વરિત કાર્યવાહી કરતાં ત્રણેય પોલીસ કર્મીઓની બદલી કરી દીધી છે અને ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

યુવકે પોતાની સુસાઈડ નોટમાં ગંભીર આરોપો મૂક્યા છે. તેણે લખ્યું કે પોલીસ તેને વારંવાર પરેશાન કરતી હતી અને દારૂનો ધંધો શરૂ કરવા દબાણ કરતી હતી. પોલીસ હપ્તાની માંગણી પણ કરતી હતી. જ્યારે તેણે ના પાડી ત્યારે પોલીસે તેની પત્ની, પુત્રી અને બહેનને રાત્રે ઉઠાવી લીધા હતા. આ ઉપરાંત તેની સાથે ગાળાગાળી અને મારપીટ પણ કરવામાં આવી હતી.

ભરૂચના કાવીઠા ગામમાં આદિવાસી યુવક કીર્તનભાઈ અમૃતભાઈ વસાવાએ પોલીસ ત્રાસના કારણે આત્મહત્યા કરી હોવાની દુખદ ઘટના સામે કોંગ્રેસના નેતા શક્તિસિંહ ગોહિલે સરકાર અને પોલીસ તંત્ર પર આકરા પ્રહારો કર્યા છે. શક્તિસિંહ ગોહિલે જણાવ્યું કે આદિવાસી યુવકની મરણોતર નોંધમાં સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે પોલીસ અધિકારીઓના ત્રાસને કારણે તેણે આ પગલું ભરવું પડ્યું.

આ યુવકે દારૂના ગેરકાયદેસર ધંધાને બંધ કરી દીધો હોવા છતાં, પોલીસ દ્વારા વારંવાર હપ્તા માટે ધમકાવવામાં આવતો હતો. આદિવાસી યુવકના ઘરના સભ્યોને પણ રાત્રે પોલીસ સ્ટેશનમાં લઈ જવામાં આવતા હતા, જે અત્યંત શરમજનક છે.

# ભરૂચમાં કામદારોની બસમાં આગ : બસ બળીને ખાખ...

### ડ્રાઈવરની સૂઝબૂઝથી તમામ કામદારોનો બચાવ, ભીષણ આગથી બસ બળીને ખાખ થઇ ગઇ



ભરૂચ | ભરૂચના દહેજ ઔદ્યોગિક વિસ્તારમાં આજે બપોરે હિમાની કંપનીના કામદારોને લઈ જતી લક્ઝરી બસમાં દહેગામ ચોકડી નજીક અચાનક આગ લાગી હતી. જોત જોતામાં જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જોકે, બસ ચાલકની સમયસૂચકતાથી મોટી દુર્ઘટના ટળી હતી. આગની જાણ થતાં જ ચાલકે તાત્કાલિક બસને રોડની સાઈડમાં ઊભી રાખી હતી. તેણે તમામ કામદારોને સલામત રીતે બહાર કાઢ્યા હતા. ભરૂચ નગરપાલિકાના ફાયર બ્રિગેડના જવાનો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમણે પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. આગને કારણે માર્ગ પર ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતા. ભરૂચ તાલુકા પોલીસે સ્થળ પર પહોંચી ટ્રાફિક નિયંત્રણની કામગીરી સંભાળી હતી. આ ઘટનામાં કોઈ જાનહાની થઈ ન હતી, પરંતુ વાહન માલિકને આર્થિક નુકસાન થયું હતું. ઉલ્લેખનીય છે કે, 2 માર્ચના રોજ પણ આ જ વિસ્તારમાં જીટીપીસીએલ કંપનીની બસમાં આગ લાગવાની ઘટના બની હતી. તે સમયે પણ તમામ કર્મચારીઓનો આબાદ બચાવ થયો હતો.

# તાપમાનમાં ઘટાડો થતાં ગરમીથી આંશિક રાહત...


### આગામી 5 દિવસ દરિયાકાંઠા વિસ્તારમાં બફારો અકળાવશે; પારો 40 ડિગ્રી સેલ્સિયસથી નીચે ગયો

અમદાવાદ | હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતમાં આગામી સાત દિવસ વાતાવરણ શુષ્ક રહેવાની સંભાવના છે. આ સાથે જ તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફારની શક્યતાઓ નહિવત છે, પરંતુ લઘુત્તમ અને મહત્તમ તાપમાન ઘટતી જતી સ્થિતિમાં રહેશે. પરંતુ આ ઘટાડો ફક્ત એકથી બે ડિગ્રી સેલ્સિયસનો હોઈ શકે છે. આગામી પાંચ દિવસ વાતાવરણ યથાવત્ રહેવાની શક્યતાઓ છે.

ઉલ્લેખનીય છે કે, ગત સપ્તાહની સરખામણીમાં આ સપ્તા દરમિયાન મહત્તમ તાપમાનમાં ઘટાડો આવતા ગરમીથી આંશિક રાહત મળી છે. રાજ્યના તમામ જિલ્લાઓનું મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસ કરતા ઓછું નોંધાઈ રહ્યું છે, જેથી ગુજરાતવાસીઓને હાલ પૂરતી ગરમીથી રાહત મળી છે. તો બીજી તરફ આગામી 5 દિવસ દરિયાકાંઠા વિસ્તારમાં બફારાનો અનુભવ થવાની હવામાન વિભાગે આગાહી કરી છે.

રાજ્ય ઉપર હાલમાં પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ દિશા તરફથી પવનો ફુકાઈ રહ્યા છે, જેથી તાપમાનમાં ઘટાડો આવ્યો છે. જો ફરી એક વખત પવનની દિશા બદલાય તો તાપમાનમાં વધારો થઈ શકે છે, પરંતુ આગામી પાંચ દિવસ દરમિયાન તેની શક્યતાઓ ઓછી રહેલી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ ભેજ યુક્ત હોવાને કારણે બફારાનો અનુભવ થશે. જેથી હવામાન વિભાગ દ્વારા સમગ્ર ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારમાં બફારા માટે ચેતવણી જાહેર કરી છે.

ગુજરાતનો તમામ જિલ્લાઓનું મહત્તમ તાપમાન ગત સપ્તાહ કરતા ઘટીને 40 ડિગ્રી સેલ્સિયસથી ઓછું નોંધાઈ રહ્યું છે. ગતરોજ રાજ્યમાં સૌથી વધુ મહત્તમ તાપમાન રાજકોટમાં 38.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ ઉપરાંત ચાર મહાનગરોમાં પણ મહત્તમ તાપમાન 36થી 38cની આસપાસ રહ્યું હતું. જેમાં અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન 37.8, વડોદરાનું મહત્તમ તાપમાન 37.6 અને સુરતનું મહત્તમ તાપમાન 37.2 ડિગ્રી સેલ્સિયસ હતું. જ્યારે આજે પણ મધ્ય ગુજરાતમાં એટલે કે, અમદાવાદ અને આસપાસના વિસ્તારનું મહત્તમ તાપમાન 37થી 38 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની શક્યતાઓ છે.




પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ દિશા તરફથી પવનો ફુકાઈ રહ્યા છે, જેથી તાપમાનમાં ઘટાડો આવ્યો છે.

જો ફરી એક વખત પવનની દિશા બદલાય તો તાપમાનમાં વધારો થઈ શકે છે, પરંતુ આગામી પાંચ દિવસ દરમિયાન તેની શક્યતાઓ ઓછી રહેલી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ ભેજ યુક્ત હોવાને કારણે બફારાનો અનુભવ થશે. જેથી હવામાન વિભાગ દ્વારા સમગ્ર ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારમાં બફારા માટે ચેતવણી જાહેર કરી છે.

# કન્સ્ટ્રક્શન સાઇટ પર કોહવાયેલી લાશ મળી

### સુરતમાં માઈલસ્ટોન ઇફૉરિયા નામની કન્સટ્રક્શન સાઇટ પર કામદારે ફાંસો ખાધો, આપઘાતનું કારણ અકબંધ

(એજન્સી) સુરત | તા. 16

સુરતમાં એક કન્સ્ટ્રક્શન સાઈડ પર કોહવાઈ ગયેલી લટકતી હાલતમાં લાશ મળી આવી હતી. અલથાણ વિસ્તારમાં નવનિર્મિત બિલ્ડીંગની ત્રીજા માળેથી એક કામદારનો ફાસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટના અંગે જાણ થતા અલથાણ પોલીસ દ્વારા વધુ તપાસ કરવામાં આવી હતી. 24થી 36 કલાક પહેલા આ કામદારનું મોત થઈ ગયું હતું, જેના કારણે મૃતદેહ કોહવાઈ ગયો હતો.

મળતી માહિતી પ્રમાણે મૂળ બિહાર અને અલથાણ વિસ્તારમાં નવનિર્મિત બિલ્ડીંગ માઈલસ્ટોન ઈફૉરિયા નામની કન્સ્ટ્રક્શન સાઈટ પર 28 વર્ષીય અનિલ કુમાર ખેખરુ મિસ્ત્રી રહેતો હતો. આ નવનિર્મિત બિલ્ડીંગ પરત સેન્ટીંગનું કામ કરી પત્ની અને બે પુત્ર સહિતના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ગતરોજ બપોરે ત્રીજા માળે સેન્ટીંગ



કામના પાઈપ સાથે ગમછો બાંધીને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

આ ઘટના અંગે જાણ થતા અલથાણ પોલીસ દ્વારા મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પીએમ કરનાર તબીબે જણાવ્યું હતું કે અનિલ કુમારનું મોત 24થી 36 કલાકની વચ્ચે થઈ હોવાની શક્યતા છે. આ સાથે તેના શરીર પર કોઈ ઈજાના અન્ય નિશાન મળી આવ્યા નથી. જોકે અનિલ કુમારના આપઘાતનું કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી.

# બાયો ડિઝલ : ચોટીલા-રાજકોટ હાઈવે પરની 2 હોટલમાંથી 39.71 લાખનો જથ્થો જપ્ત કરાયો

(એજન્સી) સુરેન્દ્રનગર | તા. 16

ચોટીલા-રાજકોટ હાઈવે પર આવેલી બે હોટલોમાંથી ગેરકાયદેસર બાયોડીઝલનો મોટો જથ્થો પકડાયો છે. નાયબ કલેક્ટર એચ.ટી. મકવાણા અને તેમની ટીમે હોટલ ખુશ્બુ અને હોટલ યુપી બિહાર પંજાબી પર દરોડા પાડ્યા હતા.

તપાસ દરમિયાન બંને હોટલોમાંથી કુલ પાંચ ટાંકા અને એક ટેન્કર મળી આવ્યાં હતા. આ દરોડામાં કુલ 37,700 લીટર બાયોડીઝલ અને એક ટેન્કર સહિત રૂ. 39.71 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

ખુશ્બુ હોટલમાં રસોડાના પ્લેટફોર્મ નીચે બે ટાંકા બનાવવામાં આવ્યાં હતા. આ ટાંકા પર રસોઈની કામગીરી થતી હતી, જે અત્યંત જોખમી હતી. બાયોડીઝલને છુપાવવા માટે તેના પર પાકું બાંધકામ કરવામાં આવ્યું હતું. જેસીબીની મદદથી આ બાંધકામ તોડી પાડવામાં આવ્યું છે.

પોલીસે યુપી બિહાર હોટલના માલિક જેઠુરભાઈ રામકુભાઈ ખાચર (રહે. ઠીકરીયાળી, વાંકાનેર) અને



ખુશ્બુ હોટલના માલિક વિક્રમભાઈ જોરુભાઈ ધાધલ (રહે. ખેરડી, ચોટીલા)ની ધરપકડ કરી છે. બંને હોટલને સીલ કરી દેવામાં આવી છે. આ કાર્યવાહી સાંજે 4 વાગ્યાથી શરૂ થઈ હતી અને વહેલી સવારે 5 વાગ્યા સુધી ચાલી હતી. તમામ પાંચ ટાંકામાંથી જ્વલનશીલ પદાર્થના નમૂના લેવામાં આવ્યા છે. આ ગેરકાયદેસર પ્રવૃત્તિથી મોટી દુર્ઘટના સર્જાવાની શક્યતા હતી.

# ઈમોરલ ટ્રાફિકિંગના ગુનામાં ફરાર આરોપી ઝડપાયો...

સુરત | ઈમોરલ ટ્રાફિકિંગ કેસમાં નાસતો ફરતો આરોપી ગૌરવ અજમેરસિંગ ડંડોતીયા (ઉં.વ. 33) ને સુરત શહેર SOG પોલીસે વાલક પાટિયા ચાર રસ્તા પાસે પકડી પાડ્યો હતો. સરથાણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં સંડોવાયેલા આ આરોપીને અગાઉ પોલીસે પકડી શક્યો નહોતો. કારણ કે તે પોલીસની નજરથી બચવા ડ્રાઈવિંગનો ધંધો કરી રહ્યો હતો. જોકે, ચોક્કસ બાતમીના આધારે SOG પોલીસે તેને ઝડપી લીધો હતો.

પોલીસ ને જાણકારી મળી હતી કે સરથાણા વિસ્તારના શુભમ રેસિડન્સી C-1, દુકાન નંબર 110 અને 111માં સ્પાની આડમાં કુટણખાનું ચલાવવામાં આવી રહ્યું હતું. 24-11-2025ના રોજ ત્યાં પોલીસ રેડ કરવામાં આવી ત્યારે ગૌરવ ડંડોતીયા ત્યાંથી ફરાર થયો હતો. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે આરોપી ગૌરવ ડંડોતીયા અને તેના સાગરીત દિપક નામના શખ્સે સરથાણા વિસ્તારના શુભમ રેસિડન્સી C-1, દુકાન નંબર 110 અને 111 ભાડે લીધી હતી. અહીં તેમણે 'સ્પા'ના નામે ગેરકાયદેસર ધંધો શરૂ કર્યો હતો, જ્યાં યુવતીઓ દ્વારા અનૈતિક ગતિવિધિઓ કરાવવામાં આવતી હતી. પોલીસને મળેલી બાતમીના આધારે, તે દિવસે રેડ કરવામાં આવી હતી, જેમાં મુખ્ય આરોપી દિપક પકડાઈ ગયો હતો, જ્યારે ગૌરવ ત્યાંથી ભાગી ગયો હતો. પોલીસની નજરમાંથી બચવા માટે તેણે પછીથી ડ્રાઈવિંગનો ધંધો શરૂ કર્યો હતો.

આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા 2023ની કલમ 144(2), 61(B) તેમજ ઈમોરલ ટ્રાફિકિંગ પ્રિવેન્શન એક્ટ 1956ની કલમ 3, 4, 5 અને 7 હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# મોરબીમાં લોબીમાં સૂવા બાબતે વિવાદ 3 શખસે વૃદ્ધને છરીના ઘા મારી કરી હત્યા

(એજન્સી) મોરબી | તા. 16

મોરબીમાં ભગવતી ચેમ્બર્સ નજીક એક વૃદ્ધની હત્યાની ચકચારી ઘટના સામે આવી છે. લોબીમાં સૂવાની ના પાડવા બદલ ત્રણ શખ્સોએ વૃદ્ધની હત્યા કરી નાખી છે.

ઘટના મુજબ, રાત્રે 8:30 વાગ્યે ત્રણ શખ્સો ભગવતી ચેમ્બર્સની લોબીમાં સૂવા આવ્યા હતા. વૃદ્ધ અને આજુબાજુના દુકાનદારોએ તેમને ત્યાં સૂવાની ના પાડી હતી. આ વાતનો ખાર રાખીને આરોપીઓ રાત્રે 11:45 વાગ્યે ફરી પાછા આવ્યા હતા.

દિલીપભાઈએ જણાવ્યું હતું કે "સાંજના સાડા આઠેક વાગ્યાના અરસામાં મુસ્તાક, ઝાકીર અને ઈકબાલ નામના ત્રણ માણસ તેઓની ઓફિસ પાસે લોબીમાં સુવા માટે આવ્યા હતા. જો કે મેં તેમને ત્યાં સુવાની ના પાડી હતી. ફરિયાદીએ જણાવ્યા મુજબ, તેઓ પાછા ફરિયાદીની ઓફિસે લોબીમાં આવ્યા હતા અને આરોપીઓએ ફરિયાદીના પિતા ઝાકીરને પકડી રાખ્યા હતા. મુસ્તાક નામના શખસે તેના પાસે રહેલી છરી વડે ફરિયાદીના પિતાને છરીના ઘા માર્યા હતા, જેથી ફરિયાદીના પિતાને ગંભીર ઈજા થતાં તેમનુ મોત નીપજ્યું હતું. હાલમાં મૃતકના દીકરાએ નોંધાવેલી ફરિયાદ આધારે પોલીસે ત્રણ શખસની સામે હત્યાનો ગુનો નોંધીને આરોપીઓને પકડવા માટે તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, આરોપીઓમાં મુસ્તાક ઉર્ફે કાળો મિયાણા, ઝાકીર સંધિ અને ઈકબાલ જેડાનો સમાવેશ થાય છે. તેમણે વૃદ્ધ સાથે ઝઘડો કર્યો હતો. બે શખ્સોએ વૃદ્ધને પકડી રાખ્યા અને એક શખ્સે છરી વડે હુમલો કર્યો હતો. મૃતક વૃદ્ધના પુત્ર ગિરિરાજગીરી ગોસાઈને દિલીપભાઈ ઓડેદરાનો ફોન આવ્યો હતો. તેમણે તરત જ 108 એમ્બ્યુલન્સને બોલાવી હતી. વૃદ્ધને ડાબા હાથ અને પેટના ડાબા ભાગે છરીના ઘા વાગ્યા હતા. સરકારી હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ત્રણેય આરોપીઓ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે આરોપીઓની ધરપકડ માટે કાર્યવાહી શરૂ કરી છે.

# રેગિંગ કરનારા ચારેય ઈન્ટર્ન ડોક્ટર્સના તમામ સર્ટીફિકેટ બે વર્ષ સુધી હોલ્ડ પર

## ઈન્ટર્ન ડોક્ટર્સ સાથે રેગિંગ-મારામારી કરનારા 8 શખ્સ પોલીસ સમક્ષ હાજર થયાં

(એજન્સી) ભાવનગર । તા.16

ભાવનગર મેડિકલ કોલેજના ત્રણ ઈન્ટર્ન તબીબો સાથે રેગિંગ અને મારામારીના બનાવના આરોપીઓ પોલીસ સમક્ષ હાજર થયાં હતા. બીજી તરફ આજે એન્ટી રેગિંગ કમિટિની બીજી મિટિંગ મળી હતી. જેમાં બન્ને પક્ષકારોના નિવેદનો લીધાં બાદ રેગિંગ કમિટિએ સસ્પેન્ડ કરાયેલા ચારેય ઈન્ટર્ન ડોક્ટર્સના તમામ સર્ટીફિકેટ બે વર્ષ માટે હોલ્ડ પર મુકાયા છે અને તેમને હોસ્ટેલમાંથી પણ સસ્પેન્ડ કરી ઈન્ટર્ન તબીબ તરીકે મળતા લાભો પણ બંધ કરી દેવાયાનો નિર્ણય રવામાં આવ્યો છે.ભાવનગર મેડિકલ કોલેજના ત્રણ ઈન્ટર્ન તબીબો સાથે રેગિંગ અને મારામારીના ચકચારી બનાવના આઠેય આરોપીઓ ધૂળેટીના દિવસે નિલમબાગ પોલીસ મથકમાં હાજર થયાં હતા. જેની નિલમબાગ પોલીસે અટક કરી આગળની




કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બીજી તરફ આજરોજ શનિવારે એન્ટી રેગિંગ કમિટિની બીજી મિટિંગ મેડિકલ કોલેજ ખાતે મળી હતી. જેમાં પીડિત ઈન્ટર્ન તબીબો અને તેના વાલીઓ તથા મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતા સસ્પેન્ડેડ ચારેય ઈન્ટર્ન તબીબો અને તેના વાલીઓના નિવેદનો નોંધવામાં આવ્યા હતા. આ બેઠકમાં એન્ટી રેગિંગ કમિટિએ સસ્પેન્ડ કરાયેલા ચારેય ઈન્ટર્ન ડોક્ટર્સના તમામ સર્ટીફિકેટ બે વર્ષ માટે હોલ્ડ પર મુકવાનો નિર્ણય કર્યો છે. તેમજ ચારેયને હોસ્ટેલમાંથી પણ સસ્પેન્ડ કરી ઈન્ટર્ન તબીબ તરીકે મળતા લાભો પણ બંધ કરી દેવાયા છે. આ ઉપરાંત આ મામલે યુજીસી, એનએમસી અને જીએમસીને પણ જાણ કરવામાં આવશે. બીજી તરફ ભોગ બનનારા વિદ્યાર્થીઓના વાલીઓ મેડિકલ કોલેજના ડીનને રૂબરૂ મળીને ભારે હૈયે પોતાનો અસંતોષ વ્યક્ત કર્યો હતો અને આ મામલે કડક કાર્યવાહી માટે કોલેજ પણ સાથ આપે તેવી માંગ કરી હતી.મેડિકલ કોલેજની રેગિંગની ઘટનાના પીડિત વિદ્યાર્થીઓના વાલીઓ તરફથી આનંદભાઈ કરથીયાએ સંયુક્ત નિવેદન આપતા જણાવ્યું હતું કે, આરોપી વિદ્યાર્થીઓના બે વર્ષ માટે સર્ટીફિકેટ અટકાવવામાં આવ્યા ખરેખર આ ન્યાય નથી, બે વર્ષ પછી પણ આ લોકો ડોક્ટર બનશે જે સમાજ માટે નુકસાનકારક જ છે. આગળ થતી કાયદેસરની કાર્યવાહી અમે કરીશું.

### પોલીસે નિવેદન પ્રમાણે ફરિયાદ ના લીધી : પીડિત વિદ્યાર્થીઓ

આ મામલે પીડિત વિદ્યાર્થીઓ તરફથી પોલીસે નિવેદન પ્રમાણે ફરિયાદ નહી લીધી હોવાની તથા રાજકીય દબાણથી તેમને મદદ કરનારાઓને આ મામલે સમાધાન કરવાનું પ્રેશન આપવામાં આવતું હોવાના આક્ષેપો કર્યાં હતા.

## ધૂળેટીના પર્વે મળેલી બેઠકમાં સમાધાન, ડોળીથી યાત્રાનો પુનઃ પ્રારંભ

# પાલિતાણામાં ડોળી કામદારોની હડતાલનો અંત, પોઈન્ટ ઉપર પોલીસ બંદોબસ્ત રહેશે

(એજન્સી) પાલિતાણા । તા.16

જૈન તીર્થનગરી પાલિતાણામાં ચાલી રહેલી ડોળી કામદારોની અચોક્કસ મુદતની હડતાલનો સુખદ અંત આવ્યો છે. ધૂળેટીના પર્વે મળેલી બેઠકમાં સમાધાન થતાં ડોળી કામદારો, તેડાગર બહેનો અને સામાન ઉંચકનાર તમામ લોકો પુનઃ કામ પર લાગી ગયા છે.પાલિતાણાના શેત્રુંજય પર્વત પર અશક્ત યાત્રિકોને દર્શનાર્થે લઈ જવા-લાવવાનું કામ કરતા ડોળી કામદારોને અસામાજિક તત્ત્વોના ત્રાસ વધતા ડોળી યુનિયન ગ્રામ્ય-સિટી, પાલિતાણા દ્વારા ગત રવિવારથી અચોક્કસ મુદતની



હડતાલ પાડવામાં આવી હતી. પોલીસ અને વહીવટી તંત્ર સાથેની વાટાઘાટો પડી ભાંગતા છ'ગાઉ યાત્રામાં પણ હડતાલનું ગ્રહણ લાગ્યું હતું અને અસંખ્ય અશક્ત યાત્રિકો છ'ગાઉ યાત્રાથી વંચિત રહ્યા હતા. દરમિયાનમાં મુંબઈ અને અમદાવાદના મહાસંઘોના છેલ્લા ૭૨ કલાકના અથાગ પ્રયાસો બાદ ગઈકાલે તા.૧૪-૩ને શુક્રવારે ધૂળેટીના પર્વે પાલિતાણાના દિનદયાળ બગીચામાં શેત્રુંજય યુવક મંડળના આગેવાનો, પાલિતાણા પીઆઈની હાજરીમાં ડોળી યુનિયનના હોદ્દેદારો સાથે મળેલી બેઠકમાં ૪૦૦ જેટલા ડોળી કામદારો, તેડાગર બહેનો, સામાન ઉંચકનારા લોકો હાજર રહ્યા હતા. આ બેઠકમાં જૈન મહાસંઘો અને સરકારી તંત્રે હડતાલ આટોપી લેવાની અપીલ કરી ડોળી કામદારોને વિના વાંકે દરરોજ સવારે થતી તકલીફો દૂર કરવા અને ડોળી પોઈન્ટ ઉપર પોલીસ બંદોબસ્ત રાખવા ખાતરી અપાતા આખરે ડોળી યુનિયને હડતાલને ગઈકાલ શુક્રવારથી જ સમાપ્ત કરવાનો નિર્ણય લઈ શેત્રુંજય પર્વત પર ડોળીથી યાત્રાનો પુનઃ પ્રારંભ કરી દીધો હતો.

વધુમાં યાત્રા દરમિયાન 'યાત્રા મિત્ર' નામની ડોળીનો ઉપયોગ કરનાર યાત્રિકોને યાત્રા સમયે ડોળીવાળા તરફથી કોઈ કનડગત કરવામાં આવે તો તેની ઓનલાઈન ફરિયાદ કરી શકાશે. જેના આધારે ડોળી કામદાર સામે ઘટતી કાર્યવાહી કરવામાં આવશે. આવી ડોળીની પાછળ ક્યુઆર કોડ અને સંસ્થાઓના નામના સ્ટીકર પણ લગાવી દેવામાં આવ્યા હોવાનું મહાસંઘના પ્રવક્તાએ જણાવ્યું છે.

## હિટ એન્ડ રનમાં વડોદરાના બાઈક ચાલકનું સારવારમાં મોત

આણંદ : તારાપુર વાસદ રોડ ઉપર પેટલાદના ધર્મજ ઓવરબ્રિજ ઉપર ગતરોજ બનેલી હીટ એન્ડ રનની ઘટનામાં વાહનની ટક્કરે ગંભીર રીતે ઘવાયેલા બાઈક ચાલકનું સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે પેટલાદ ગ્રામ્ય પોલીસે અકસ્માત સર્જનાર વાહનના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વડોદરાના મકરપુરા વિસ્તારમાં રહેતા ભાનુભાઈ સોલંકી ગતરોજ સવારે મોટરસાયકલ લઈને પોતાના વતન સોજીત્રા તાલુકાના ગાડા ગામે આવેલા મહાકાળી માતાના મંદિરે દર્શન કરવા માટે આવવા નીકળ્યા હતા. દરમિયાન મોટરસાયકલ તારાપુર વાસદ રોડ ઉપર આવેલા ધર્મજ ગામના ઓવરબ્રિજ ઉપરથી પસાર થઈ રહી હતી. ત્યારે પાછળથી પુરપાટ ઝડપે આવીચડેલી ગાડીના ચાલકે તેઓની મોટરસાયકલને ટક્કર મારતા ભાનુભાઈ સોલંકી રોડ પર પટકાયા હતા. અકસ્માત બાદ અજાણ્યો વાહન ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. ગંભીર રીતે ગવાયેલ ભાનુભાઈને તુરંત જ સારવાર અર્થે પેટલાદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાંથી તેઓને વધુ સારવાર અર્થે વડોદરાની હોસ્પિટલમાં લઈ જતા ત્યાં સારવાર દરમિયાન તેઓનું મોત નીપજ્યું હતું.

## ગુલાબ- દ્રાક્ષના બંગલામાં રણછોડરાયજી શ્વેત વસ્ત્રોમાં બિરાજ્યા

# ડાકોરમાં ફૂલડોલોત્સવમાં ઠાકોરજી સાથે 1.50 લાખ ભક્તો કેસૂડાના રંગે રંગાયા

(એજન્સી) ડાકોર । તા.16

યાત્રાધામ ડાકોરમાં શુક્રવારે ફૂલડોલોત્સવે ઠાકોરજી ભક્તો સાથે રંગમાં રંગાયા હતા. સવારે ભોગ ધરાવ્યા પછી શ્રૃંગાર આરતી બાદ આસોપાલવના અને ચાંદીના પારણે હિંડોળે ઠાકોરજીને ઝૂલાવતી વેળાએ જય રણછોડ માખણચોરના નાદ સાથે મંદિર પરિસર ગૂંજી ઉઠયું હતું. ફૂલડોલોત્સવમાં ૧.૫૦ લાખ ભક્તોએ દર્શન કર્યા હતા. ત્યારે અગિયારસથી ફૂલડોલોત્સવ સુધી ૪.૫૦થી પાંચ લાખ ભક્તોએ ઠાકોરજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. બાવનગજની ૪૬ સહિત ૪૭૬ ધ્વજાઓ સંઘો દ્વારા અઢાવાઈ હતી. ફાગણી પૂનમ બાદ ડોલોત્સવનું અનેરૂ મહત્વ હોવાથી હોળી બાદ શુક્રવારે ડોલોત્સવમાં રાબેતા મૂજબ પૂન હોવાથી સંઘોએ ધ્વજાઓ ચઢાવી પરંપરા મુજબ ઉત્સવ ઉજવ્યો હતો. સવારે ૪ કલાકે મંગળા આરતીમાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટયા હતા. અધિકારીઓએ



પણ ઠાકોરજીના દર્શનનો લાભ લઈ વહીવટીતંત્ર દ્વારા ધ્વજા ચઢાવાઈ હતી. આરતી બાદ ઠાકોરજીને શ્વેત વસ્ત્રો, આભૂષણોથી સુંદર શણગાર કરાયો હતો. ધૂળેટી પર્વની ઉજવણી નિમિત્તે ઠાકોરજીને નવરંગોનો છડો અંગીકાર કરાવી ભક્તો પર પણ છંટકાવ કરાયો હતો. ઠાકોરજીને પતાસાના હારડાનો હાર પણ ધરાવાયો હતો. આ દર્શન બપોરે રાજભોગ સુધી રહ્યા હતા. બાદમાં ઠાકોરજીની આજ્ઞામાળા ધારણ કરાવી આસોપાલવ અને ચાંદીના હિંડોળે ઝૂલાવવામાં આવ્યા હતા. અબીલ-ગુલાલના રંગોથી રંગાયેલા ઠાકોરજીને અર્ધસ્નાન કરાવવામાં આવ્યું હતું. તેમને શીખંડ ભોગ ધરાવી ગુલાબ- દ્રાક્ષના બંગલામાં બીરાજમાન કરાવ્યા હતા. ઠાકોરજી સન્મૂખ સોનાની પિચકારીમાં કેસૂડાનું જળ ભરીને ભક્તો પર છંટકાવ કરવામાં આવ્યો હતો. ઠાકોરજી સાથે ડોલોત્સવમાં રંગે રંગાવવા ભક્તોની ભારે ભીડ ઉમટી હતી. દિવસ ભર ભક્તોનો પ્રવાહ શરૂ રહ્યો હતો. ગરમીના કારણે ઠાકોરજીને દ્રાક્ષના બંગલામાં બીરાજમાન કરાયા હતા. જે દર્શન બપોરે બે વાગ્યા સુધી રહ્યા હતા. બાદમાં ઠાકોરજીને પોઢાડી દેવામાં આવ્યા હતા. બપોરે ૩.૩૦ કલાકે દર્શન ખૂલ્યા હતા. શુક્રવાર હોવાથી ઠાકોરજીની સવારી લક્ષ્મીજી મંદિરે ઢોલ- નગરા સાથે લઈ જવામાં આવી હતી. જ્યાં આરતી ઉતાર્યા બાદ સવારી પરત ફરી હતી. ઠાકોરજીને રાતે ૯ વાગ્યે સખડીભોગ ધરાવી બાદમાં પોઢાડી દેવાયા હતા. ત્યારે દિવસ દરમિયાન સંઘોએ ગોપાલલાલજી સાથે અબીલ- ગુલાબ ઉછાળી બાવનગજની મોટી ધજાઓ શીખરે ચઢાવવામાં આવી હતી.

## સલુણની દુકાનમાં પડીકી લેવા મુદ્દે ટોળાનો પથ્થરમારો

નડિયાદ : નડિયાદ તાલુકાના સલુણ ગામે ધૂળેટીની સાંજે દુકાનમાં પડીકી લેવા બાબતે બોલાચાલી થતા બે ટોળા સામસામે આવી ગયા હતા. જેમાં પથ્થરમારો થતાં મામલો બિચક્યો હતો. બંને પક્ષોના ૮ વ્યક્તિઓને ઈજાઓ થઈ હતી. આ બનાવની જાણ થતા પોલીસે ઘટના સ્થળે દોડી જઈ બંને પક્ષોના લોકોને વિખેરી મામલો થાળે પાડયો હતો. આ બનાવ સંદર્ભે નડિયાદ ગ્રામ્ય પોલીસે બંને પક્ષોની ફરિયાદ લઈ સામસામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. નડિયાદ તાલુકાના સલુણ ગામના વિશાલ મકવાણા ગત સાંજે સલુણ બસ સ્ટેન્ડ પાસે સંજય તળપદાની દુકાને પડીકી લેવા ગયા હતા. ત્યારે અગાઉના ઝઘડાની રીસ રાખી સંજય તળપદા, દશરથ તળપદા, પ્રવીણ તળપદા, દિનેશ તળપદા, સંગ્રામ તળપદા, દશરથ મેમ્બર તળપદા, સુરેશ તળપદા, તાવડી તળપદા, સતીશ તળપદા, જીતુ તળપદા અને બીજા ૧૫ જેટલા લોકોનું ટોળું ધસી આવી લાકડાના દંડા, ઈંટો લોખંડની પાઈપ જેવા મારક હથિયારો સાથે વિશાલ અને તેના મીત્રો પર હુમલો કર્યો હતો. પથ્થરમારો પણ કર્યો હતો. જેમાં પાંચ વ્યક્તિ ઈજાગ્રસ્ત થયા હતા. બનાવ સંદર્ભે વિશાલ પ્રવીણભાઈ મકવાણાએ નડિયાદ ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે સંજય તળપદા, દશરથ, પ્રવીણ, દિનેશ સહિત દસ તેમજ અન્ય ૧૫થી વધુ લોકોના ટોળાં સામે ગુનો નોંધ્યો હતો.


## મહેમદાવાદના ખાત્રજ ચોકડીથી બેસાડી

# શિક્ષિકાને રિક્ષામાં કેફી પીણું પીવડાવી રૂપિયા 3 લાખના દાગીના તફડાવ્યા

(એજન્સી) નડિયાદ । તા. 16

મહેમદાવાદ ખાત્રજ ચોકડી પર ઉભેલ શિક્ષિકાને રિક્ષામાં બેસાડી બળજબરી પૂર્વ કેફી પીણું પીવડાવી બેભાન થઈ ગયેલ મહિલાના શરીર પરના સોનાના દાગીના તેમજ મોબાઈલ મળી કુલ રૂ.૩,૦૬,૦૦૦ ની મતા ગઠિયાઓએ તફડાવી લીધી હતી. બાદમાં મહિલાને બેભાન હાલતમાં રણાસર ટોલ નજીક ઉતારી બે મહિલા સહિત રિક્ષા ચાલક નાસી ગયા હતા.

અમદાવાદ વાલ સુર્યાબેન ચંદુભાઈ પ્રજાપતિ (ઉં.વ.૫૫) વરસોલા પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે. તેઓ તા. ૭મીએ ખાત્રજ



ચોકડીએથી રિક્ષામાં બેઠા હતા. રિક્ષા ચાલક સહિત બે મહિલાઓ પહેલેથી જ બેઠેલી હતી. બાદમાં સોજાલી પાસે રિક્ષા ઉભી રાખી ચાલક અને બે મહિલાઓ રસ પીવા ગયા હતા. બાદમાં શેરડીનો રસ લઈને આવેલી મહિલાએ બળજબરી પૂર્વક સૂર્યાબેનને રસ પીવડાવ્યો હતો. બાદમાં રિક્ષા નેનપુર ચોકડી પહોંચતા શિક્ષિકાને ચક્કર આવવા લાગ્યા હતા. બાદમાં તેઓ બેભાન થઈ ગયા હતા. મુસાફરના સ્વાંગમાં બેઠેલી મહિલાઓએ શિક્ષિકાના શરીરેથી સોનાની બે બંગડી, ત્રણ વીંટી, સોનાની ચેન, બુટ્ટી અને બોલાઈલ મળી રૂા. ૩,૦૬,૦૦૦ની મત્તા ગઠિયાઓ તફડાવી લીધી હતી. ટોળકીએ શિક્ષિકાને રણાસર ટોલનાકા પાસે બેભાન હાલતમાં ઉતારી ફરાર થઈ ગઈ હતી. લોકોએ ૧૦૮ મારફતે શિક્ષિકાને અમદાવાદ સિવિલ ખેસેડયા હતા. આ અંગે સૂર્યાબેન ચંદુભાઈ પ્રજાપતિની ફરિયાદના આધારે મહેમદાવાદ પોલીસે રિક્ષાચાલક તેમજ તેની સાથે બેઠલ પુરુષ તેમજ બે અજાણી મહિલાઓ સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ રહી હતી.

## આરોગ્ય વિભાગ હસ્તકના

# જન્મ-મરણ વિભાગમાં જન્મ-મરણના પ્રમાણપત્ર ફીમાં વધારો અમલમાં

(એજન્સી) ભાવનગર । તા.16

ભાવનગર મહાપાલિકાના આરોગ્ય વિભાગ હસ્તકના જન્મ-મરણ વિભાગમાં જન્મ-મરણના પ્રમાણપત્રની ફીમાં વધારો કરવામાં આવ્યો છે અને તે આગામી તા. ૧૭ માર્ચને સોમવારથી અમલમાં આવશે. તેમ મહાપાલિકાના મેડિકલ ઓફિસર ઓફ હેલ્થની યાદીમાં જણાવાયું હતું. યાદીમાં જણાવાયું હતું કે, જન્મ-મરણ પ્રમાણપત્રમાં અરજદાર પાસેથી ૧ કોપીના રૂા. ૫ની ફી લેવામાં આવતી હતી. હાલમાં જન્મ અને મૃત્યુ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૮ની કલમ-૩૦ દ્વારા મળેલ સત્તાઓનો ઉપયોગ કરીને ગુજરાત તથા કેન્દ્ર સરકારની મંજૂરીથી ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટ તા. ૨૭-૨-૨૫ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ હોય, જે અનુસાર હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફર ડિપાર્ટમેન્ટના નોટિફિકેશનમાં જણાવ્યા અનુસાર જન્મ-મરણ મરણપત્રમાં ફી વધારો કરવામાં આવ્યો છે. ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટના નિયમ-૫ના પેટા નિયમ(એ) મુજબ ૨૧ દિવસથી ઉપર પરંતુ ૩૦ દિવસની અંદર લેઈટ ફી વધારીને રૂા. ૨૦ કરવાની થાય છે. જ્યારે પેટા નિયમ (બી)માં મુદ્દા નં.૨ મુજબ ૩૦ દિવસ પછી પરંતુ ૧ વર્ષની અંદર જન્મ-મરણ નોંધણીમાં નોટરીના સોગંદનામા મુજબ થતી નોંધણીમાં ફી વધારીને રૂા. ૫૦ કરવાની થાય છે.

## ઉનાળામાં રાત્રે પણ અકળાવનારી ગરમી હોય છે

# ભાવનગર-ઓખા ટ્રેન વહેલી દોડાવવા માંગ સંદર્ભે રેલવે પ્રશાસનની વિચારણા

(એજન્સી) ભાવનગર । તા.16

ભાવનગરથી રાત્રે ૧૦.૧૦ વાગ્યે ઉપડતી અને દ્વારકા બપોરે ૧૨ વાગ્યે પહોંચતી ભાવનગર-ઓખા ટ્રેન વહેલી દોડાવવા માંગ સંદર્ભે રેલવે પ્રશાસન દ્વારા વિચારણા ચાલી રહી હોવાનું આધારભૂત સૂત્રોએ જણાવ્યું હતું. ભાવનગર-ઓખા ટ્રેન રાત્રીના ૧૦.૧૦ વાગ્યે પ્રસ્થાન કરે છે. આ ટ્રેન બપોરે ૧૨ વાગ્યે દ્વારકા પહોંચે છે. આમ, ૧૪ કલાક જેટલો સમય લાગે છે. જ્યારે ઓખાથી ભાવનગર આવવા માટે પ્રસ્થાન કરતી ટ્રેન બપોરે ૩.૫૫ વાગ્યે દ્વારકા પહોંચે છે અને વહેલી સવારે ૫.૩૦ વાગ્યે ભાવનગર આવે છે. વર્તમાન સમયમાં રાજ્યમાં એક સ્થળથી બીજા સ્થળ પહોંચવામાં ૧૪-૧૪ કલાકનો સમય લાગે તે ઘણો વધારે ગણાય. આથી આ સમયગાળો ઘટાડવામાં આવે અને ભાવનગરથી ટ્રેનના પ્રસ્થાનનો સમય રાત્રીના ૯ વાગ્યાનો કરવામાં આવે તો યાત્રીઓ વહેલા દ્વારકા પહોંચી શકે અને બપોર પછીની ઓખા-ભાવનગર



ટ્રેનમાં પરત આવી શકે. આ માંગ લાંબા સમયથી યાત્રીગણમાં પ્રવર્તી રહી છે ત્યારે રેલવે પ્રશાસન પણ આ બાબતને ધ્યાનમાં રાખી ટ્રેન વહેલી દોડાવવા વિચારણા કરી રહ્યું હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. ભાવનગર-ઓખા ટ્રેનમાં એસી (વાતાનુકૂલિત) કોચ જ લગાવવામાં આવતા નથી. આ ટ્રેનમાં દ્વારકા જતા યાત્રીઓમાં નાના બાળકો, વૃદ્ધો સહિતના પરિવાર જતા હોય છે. અને ઉનાળામાં રાત્રે પણ અકળાવનારી ગરમી હોય છે. આથી અબાલ-વૃદ્ધો માટે યાત્રા મુશ્કેલ બની રહે છે. હજુ તો વસંત ઋતુ ચાલી રહી છે ત્યાં આકરા તાપનો પ્રારંભ થઈ ગયો છે.

## દિવસ પહેલા જન્મેલી દીકરીનું મોં પિતા ન જોઈ શક્યા

# આણંદના યુવાને લિવર અને બે કિડનીના દાનથી ત્રણ વ્યક્તિના જીવનમાં રંગો ભર્યા

(એજન્સી) આણંદ । તા.16

રંગોના તહેવાર ધૂળેટીના દિવસે આણંદના યુવાને લિવર અને બે કિડનીના દાનથી ત્રણ



વ્યક્તિના જીવનમાં રંગો ભર્યા હતા. બાજખેડાવાડ બ્રાહ્મણ યુવાન બ્રેઈનડેડ થયો ત્યારે દિવસ પહેલા જન્મેલી પુત્રીનું મોઢું પણ જોઈ શક્યો ન હતો. છતાં પત્નીએ મક્કમ બની અંગદાનનો નિર્ણય કર્યો હતો. આણંદના યતકૃપા રેસીડન્સીમાં રહેતા અને ૧૦૦ ફૂટ રોડ પર પ્રોવિઝન સ્ટોર ચલાવતા હાર્દિક નવીનચંદ્ર શેલત (ઉં.વ.૪૦) તા. ૧૦મી માર્ચે મોર્નિંગ વૉકેથી આવ્યા બાદ નહાવા ગયા બાદ અડધો કલાક બાદ બહાર નીકળ્યા ન હતા. ગર્ભવતી પત્નીએ દરવાજો ખખડાવતા ખૂલી ગયો હતો. હાર્દિક અંદર બેભાન પડયો હતો.

૧૦૮ મારફતે હોસ્પિટલે લઈ જવાતા સારવારમાં નાના મગરજમાં હેમરેજ હોવાનું ખૂલ્યું હતું. તા. ૧૩મીએ ડૉક્ટરોએ હાર્દિકને બ્રેઈનડેડ જાહેર કર્યો હતો. બીજી તરફ પત્ની નીમા (ઉં.વ.૩૮)એ ૧૨મીના રોજ પુત્રીને જન્મ આપ્યો હતો. પત્ની અને માતા- પિતા (નવીનચંદ્ર અને દક્ષાબેન) એ કઠણ હૃદયે હાર્દિકના અંગોનું દાન કરી અન્યના જીવનમાં ઉજાશ લાવવા સહમતી આપી હતી. ત્યારે હાર્દિકના હૃદય અને ફેફસાનું દાન મેડિકલ કારણોસર થઈ શક્યું ન હતું. જ્યારે લિવર ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની ૪૭ વર્ષીય મહિલામાં કરાયું હતું. જ્યારે એક કિડની અમદાવાદની ૩૧ વર્ષીય મહિલા અને બીજી કિડની લુણાવાડાની ૪૯ વર્ષીય મહિલામાં કરાયું હતું. જ્યારે આંખોનું દાન આણંદની સ્થાનિક હોસ્પિટલમાં કરાયું હતું. આણંદથી અમદાવાદ સુધીનો માર્ગ ગ્રીન કોરીડોર કરી અંગો લઈ જવામાં આવ્યા હતા.

## ડૉક્ટરની બેદરકારીથી 3 વર્ષમાં 4 મોત થયાનો સ્થાનિકોનો દાવો

# આંકલાવની શ્રી હોસ્પિ.માંથી મૃત મહિલાની ફાઈલ તપાસ માટે મોકલાઈ


(એજન્સી) આણંદ । તા.16

આંકલાવની શ્રી હોસ્પિટલમાં કસુંબાડની મહિલાના મોત મામલે પોલીસે મૃત મહિલાની ફાઈલ તપાસ માટે મોકલી આપી છે. રિપોર્ટમાં ડૉક્ટરની બેદરકારી સાબિત થશે તો ડૉક્ટર સંદીપ પટેલ વિરૂદ્ધ કાર્યવાહી કરાશે તેવું પોલીસ દાવો કરી હતી છે. ત્યારે હોસ્પિટલમાં ડૉક્ટરની બેદરકારીથી ત્રણ વર્ષમાં ચાર મહિલાઓના મૃત્યુ થયા હોવાનું સ્થાનિકો કહી રહ્યા છે. આંકલાવની શ્રી હોસ્પિટલમાં કસુંબાડ ગામના હેતલબેન પઢિયાર (ઉં.વ.૨૭)નું ઓરપેશન પછી રજા આપ્યા બાદ તબિયત લથડી હતી. બાદમાં હોસ્પિટલ પરત લાવ્યા બાદ મહિલાનું મોત થયું થયું હતું. ત્યારે શ્રી હોસ્પિટલના ડૉક્ટર સંદીપ પટેલની બેદરકારીના કારણે યુવતીનું મોત નિપજ્યું હોવાના આક્ષેપ સાથે પરિવારજનોએ હોબાળો મચાવ્યો હતો. આંકલાવ પોલીસે આ ઘટનામાં અપમૃત્યુની નોંધ કરી વધુ તપાસ શરૂ કરી હતી.

ઘટના સંદર્ભે પેટલાદ પ્રાંત ડિવિઝન ડીવાયએસપી પી.કે. દીયોરાએ જણાવ્યું હતું કે, કરમસદ હોસ્પિટલમાં પેનલ ડૉક્ટરો દ્વારા પીએમ કરવામાં આવ્યું છે જેનો રિપોર્ટ આવ્યા પછી ડૉક્ટર સામે કાર્યવાહી સંદર્ભે માહિતી મળી શકશે. મહિલાની સારવાર દરમિયાન જે દવાઓ- ટ્રીટમેન્ટ કરાઈ છે તે ફાઈલ પોલીસે જપ્ત કરી છે. તે હવે ગુજરાત રાજ્ય મેડિકલ બોર્ડ વડોદરા અથવા અમદાવાદ મોકલી અપાશે. જેની અધિકારીઓ દ્વારા ઊંડાણપૂર્વક તપાસના રિપોર્ટ બાદ જો ડૉક્ટરની બેદરકારી સાબિત થશે તો તેની સામે કાર્યવાહી કરાશે. મૃતક મહિલાના પરિવારજનોના નિવેદનો લેવાઈ રહ્યા છે. હાલ પોલીસ તપાસ શરૂ જ છે.


આંકલાવની શ્રી હોસ્પિટલમાં ડૉક્ટરની બેદરકારીથી ત્રણ વર્ષમાં ભેટાસી, કાસીન્દ્રા, અનગઢ અને હાલ કસુંબાડની મહિલાઓના મૃત્યુ થયા હોવાનું આંકલાવમાં ચર્ચાઈ રહ્યું છે. કેટલીક ઘટનામાં પરિવારજનોએ પોલીસ ફરિયાદ પણ કરી છે. પરંતુ, રાજકીય વગ અને લેવડદેવડને કારણે મોટાભાગરના કેસમાં ફિંડલું વળી ગયું છે. પોલીસ દ્વારા ડૉક્ટર વિરૂદ્ધ કાર્યવાહી કરવાના બદલે કાયદાની છટકબારીનો લાભ અપાતો હોવાનો આક્ષેપ સ્થાનિક લોકો કરી રહ્યા છે.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**

તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે.




**વૃષભ (બ,વ,ઉ)**

તમે નવરાશની લહેજત માણવાના છો. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો.



**મિથુન (ક,છ,ઘ)**

કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે-તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો.




**કર્ક (ડ,હ)**

સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક ઠરશે-તમને તમારી જાત માટે સારૂં લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે.




**સિંહ (મ,ટ)**

બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. જો તમે કોઈ ની જોડે પાછું માંગી રહ્યા હતા અને તે દર સમયે તમારી વાત ને ટાળતો હતો તે આજ ના દિવસે કીધા વગર તમારા પૈસા પાછા આપી શકે છે.




**કન્યા (પ,ઠ,ણ)**

તમે નવરાશની લહેજત માણવાના છો. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. પરિવારના સભ્યોની માગ ખૂબ વધારે હશે.




**તુલા (ર,ત)**

ખાતી-પીતી વખતે ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. તમારા દિલ પર રૉમાન્સનું રાજ હશે.




**વૃશ્ચિક (ન,ય)**

પ્રશંસા કરીને તમને અન્યોની ખુશીનો આનંદ લો એવી શક્યતા છે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે। એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે.




**ધન (ભ,ધ,ફ)**

તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે.




**મકર (ખ,જ)**

હૃદયરોગના દર્દીઓ માટે કૉફી છોડવાનો આ યોગ્ય સમય છે. તેનો હજી વધુ ઉપયોદ હૃદય પર બિનજરૂરી દબાણ વધારશે. ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે .



**કુંભ (ગ,શ,સ)**

પરિવારના તબીબી ખર્ચમાં વધરાની શક્યતા નકારી શકાય નહીં. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે.



**મીન (દ,ચ,ઝ,થ)**

તમારા લાંબા સમયની બીમારીના ઈલાજ માટે સ્મિત થૅરેપીનો ઉપયોગ કરજો કેમ કે તે તમામ સમસ્યાની શ્રેષ્ઠ દવા છે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે.

# Indusind Bank ના સ્ટોકમાં કડાકાની સ્થિતિ વચ્ચે RBIનું નિવેદન, રોકાણકારોની ચિંતા દૂર!

(એજન્સી) મુંબઈ । તા. 16

ઈન્ડસઈન્ડ બેન્કે પોતાના ડેરિવેટિવ પોર્ટફોલિયોમાં ગરબડના કારણે હિસાબમાં ગોટાળાની જાહેરાત થતાં જ બેન્કના શેરમાં મંદીનું મોજું ફરી વળ્યું છે. તેના રોકાણકારો પણ ભયભીત બન્યા છે. જો કે, આરબીઆઈએ ગઈકાલે ઈન્ડસઈન્ડ બેન્કની નાણાકીય સ્થિતિ મુદ્દે સ્પષ્ટતા કરતાં આવતીકાલે નવા સપ્તાહે બેન્કના શેરમાં સુધારો જોવા મળી શકે છે.




આરબીઆઈએ નોટિફેશન જાહેર કરી સ્પષ્ટતા આપી હતી કે, આ બેન્કની નાણાકીય સ્થિતિ સ્થિર છે અને પર્યાપ્ત મૂડી ધરાવે છે. બેન્કનો 31 ડિસેમ્બર, 2024ના રોજ પૂર્ણ થતાં ત્રિમાસિકમાં 16.46 ટકા કેપિટલ એડેકવન્સી રેશિયો અને 70.20 ટકાનો પ્રોવિઝન કવરેજ રેશિયો ધરાવે છે. તેમજ 9 માર્ચ, 2025 સુધી તેનો લિક્વિડિટી કવરેજ રેશિયો 113 ટકા હતો, જે 100 ટકાની રેગ્યુલેટરી જરૂરિયાત કરતાં વધુ છે.

આરબીઆઈએ ઈન્ડસઈન્ડ બેન્ક સંબંધિત આ માહિતી રજૂ કરતાં ગ્રાહકોને અપીલ કરી છે કે, તેઓ બેન્ક મુદ્દે કોઈપણ પ્રકારની અટકળો પર ધ્યાન ન આપે. ઈન્ડસઈન્ડ બેન્કની નાણાકીય સ્થિતિ મજબૂત છે. તે સતત રેગ્યુલેટરની નજરમાં છે.

ઈન્ડસઈન્ડ બેન્કનો શેર છેલ્લા ચાર દિવસમાં 26 ટકા તૂટ્યો છે. માર્ચમાં અત્યારસુધી બેન્કનો શેર 32.15 ટકા તૂટ્યો છે. તેના હિસાબમાં ગોટાળાની જાહેરાત થતાં જ શેર 25 ટકા સુધી તૂટ્યો હતો. 10 માર્ચે 909.25ના સ્તરે ખૂલ્યા બાદ 13 માર્ચે 672.65 પર બંધ રહ્યો હતો. જેના લીધે રોકાણકારોને ચાર દિવસમાં જ 18489.8 કરોડ ડૂબ્યા છે. ઈન્ડસઈન્ડ બેન્કના શેરમાં મંદીની શરૂઆત બેન્કના સીઈઓનો કાર્યકાળ માત્ર એક વર્ષ સુધી લંબાવવાના નિર્ણયથી થઈ હતી. આરબીઆઈએ બેન્કના સીઈઓનો કાર્યકાળ ત્રણ વર્ષના બદલે એક વર્ષ સુધી લંબાવવાનો નિર્ણય લીધો હતો. જેથી બેન્કનું મેનેજમેન્ટ ખુશ ન હતું. ત્યારબાદ તમામ બ્રોકરેજ હાઉસે ટાર્ગેટ ઘટાડવાનો શરૂ કરતાં શેરમાં ઘટાડો શરૂ થયો હતો.

## ચાંદી અને ડોલરના ભાવમાં પણ ઉછાળો

# ઐતિહાસિક તેજી સાથે સોનું રૂપિયા 90,700 એ પહોંચ્યું

(એજન્સી) મુંબઈ । તા. 16



વૈશ્વિક બજારમાં પ્રવર્તતી ટેરિફ વૉરની ગતિવિધિ સહિતના અન્ય અહેવાલો પાછળ સોનું ઉછળીને 3000 ડૉલરની સપાટી કૂદાવી ગયાના અહેવાલો પાછળ અમદાવાદ સોના-ચાંદી બજારમાં સોનામાં રૂ. 1300નો ઉછાળો નોંધાતા 99.9 સોનાના ભાવ રૂ. 90000 ની સપાટી કૂદાવીને રૂ. 90700 ની નવી ટોચે પહોંચ્યા હતા. બીજી તરફ ચાંદીમાં પણ તેજીનો માહોલ ચાલુ રહ્યો હતો. જો કે, વૈશ્વિક બજારમાં સોનામાં ઉંચા મથાળેથી પીછેહઠ થતા ત્યાં સોનું ઘટીને 2978 ડૉલર બોલાતું હતું. દરમિયાન મુંબઈ બુલિયન બજારમાં ગઈકાલે ધૂળેટીના દિવસે ચાંદી ઉછળીને રૂ. 100750 ની ટોચે પહોંચી ગઈ હતી જે ઘટીને રૂ. 99650 બોલાતી હતી. અમદાવાદ સોના-ચાંદી બજારમાં ગઈકાલની ધૂળેટીની રજા બાદ કામકાજ શરૂ થયા હતા જેમાં અમદાવાદમાં સોનું (99.9) રૂ. 1300 ઉછળીને 90700 ની ઉંચી સપાટીએ પહોંચી ગયું હતું. જ્યારે સોનું (99.5) પણ ઉછળીને રૂ. 90400 ની સપાટીએ બંધ રહ્યું હતું. જ્યારે ચાંદી રૂ. 1000 ઉછળીને 99000ની સપાટીએ બંધ રહી હતી. મુંબઈ ઝવેરી બજારમાં શનિવારના કારણે બુલિયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જો કે બંધ બજારે સોના-ચાંદીના ભાવમાં રેકોર્ડ તેજીને બ્રેક વાગતાં વિશ્વ બજાર પાછળ ભાવ ટોચ પરથી પ્રત્યાઘાતી ઘટાડા પર રહ્યાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. વિશ્વ બજારના સમાચાર ઉછાળે ફંડોનું સેલીંગ બતાવતા હતા. વૈશ્વિક સ્તરે ડોલર ઈન્ડેક્સ તથા બોન્ડ યીલ્ડ ઉંચકાતાં વૈશ્વિક સોનામાં ઉછાળે ફંડોની વેચવાલી દેખાઈ હતી. મુંબઈ બુલિયન બજારમાં બંધ બજારે સોનાના ભાવ જીએસટી વગર 10 ગ્રામના 995 ના રૂ.88500 વાળા રૂ.87600 તથા 999 ના રૂ.88800 વાળા રૂ.87900 રહ્યા હતા. જ્યારે મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર કિલોના રૂ.100750 વાળા રૂ.99650 બોલાઈ રહ્યા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંશના જે શુક્રવારે ઉંચામાં 3004 થી 3005 ડોલર થઈ ગયા હતા તે શનિવારે ઘટી સપ્તાહના અંતે નીચામાં 2978 થઈ છેલ્લે ભાવ 2984 થી 2985 ડોલર રહ્યાના સમાચાર હતા. સોના પાછળ વૈશ્વિક ચાંદી ઉંચામાં 34.08 થઈ ફરી ઘટી નીચામાં 33.53 થઈ છેલ્લે ભાવ 33.79 થી 33.80 ડોલર રહ્યા હતા.દેશમાં આયાત થતા સોના-ચાંદીમાં ઈમ્પોર્ટ ડયુટી ગણવા બેન્ચમાર્ક તરીકે વપરાતી ટેરીફ વેલ્યુમાં સરકારે વૃદ્ધિ કર્યાના સમાચાર મળ્યા હતા. આના પગલે કિંમતી ધાતુઓની ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટીમાં તેટલા પ્રમાણમાં વૃદ્ધિ થઈ છે. આવી ટેરીફ વેલ્યુ ડોલરના સંદર્ભમાં સોનામાં 10 ગ્રામદીઠ 927 થી વધી 941 ડોલર તથા ચાંદીમાં કિલોદીઠ 1025થી 1067 ડોલર કરાયાના નિર્દેશો હતા. વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ 997 ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ છેલ્લે 0.70 ટકા માઈનસમાં રહ્યા હતા. વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ બ્રેન્ટના તળિયેથી વધી બેરલના 70.75 થઈ છેલ્લે ભાવ 70.58 ડોલર રહ્યા હતા. અમેરિકા દ્વારા ટેરીફ લદાતાં કેનેડા દ્વારા અમેરિકામાં મોકલવામાં આવતા ક્રૂડતેલની સપ્લાય ઘટાડાશે એવા સમાચાર મળ્યા હતા.

# ફેબ્રુઆરીમાં એમએન્ડએ તથા પીઈના 7.20 અબજ ડોલરના સોદા પાર પડયા

(એજન્સી) મુંબઈ । તા. 16

વિતેલા ફેબ્રુઆરીમાં દેશમાં ૭.૨૦ અબજ ડોલરના મૂલ્યના ૨૨૬ મર્જર એન્ડ એક્વિઝિશન (એમએન્ડએ) અને પ્રાઈવેટ ઈક્વિટી (પીઈ) કરાર પાર પડયા હતા જે છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ એક મહિનામાં વોલ્યુમની દ્રષ્ટિએ સૌથી વધુ આંક છે. ફેબ્રુઆરી, ૨૦૨૪ની સરખામણીએ વર્તમાન વર્ષના ફેબ્રુઆરીમાં કરારમાં મૂલ્યની દ્રષ્ટિએ ૫.૪૦ ટકા અને વોલ્યુમ્સની દ્રષ્ટિએ ૬૭ ટકા વધુ હોવાનું એક રિસર્ચ રિપોર્ટમાં જણાવાયું હતું. ગયા મહિને ૪.૮૦ અબજ ડોલરના મૂલ્ય સાથેના એમએન્ડએના ૮૫ કરાર પાર પડયા હતા. એમએન્ડએના કુલ સોદામાં વોલ્યુમની દ્રષ્ટિએ ઘરેલુ કરારનો હિસ્સો ૬૮ ટકા મૂલ્યની દ્રષ્ટિએ ૭૮ ટકા હિસ્સો રહ્યો હતો.



વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા વચ્ચે ભારતની બજારમાં વિદેશી ઈન્વેસ્ટમેન્ટસમાં ઘટાડા અને ટ્રેડ ટેરિફના ઓછાયા છતા, ભારતમાં કરાર ક્ષેત્રે સ્થિતિસ્થાપકતા જોવા મળી છે. ઘરઆંગણે મજબૂત માગને કારણે આ સ્થિતિસ્થાપકતા જોવા મળી હોવાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. ૧૪૧ સોદા સાથે પીઈના કુલ ૨.૪૦ અબજ ડોલરના વ્યવહાર પાર પડયા હતા. મે, ૨૦૨૨ બાદ આ સૌથી ઊંચુ પીઈ વોલ્યુમ જોવા મળ્યુ છે.

એમએન્ડએમાં સોદાના વોલ્યુમમાં સ્થિર વધારો જોવા મળી રહ્યો છે જ્યારે ગયા વર્ષના ડિસેમ્બરથી મૂલ્યમાં ઘટાડો થઈ રહ્યો છે. એમએન્ડએમાં સરહદપાર પ્રવૃત્તિ મિશ્ર જોવા મળી રહી છે. સ્ટાર્ટઅપ્સ તથા એમએસએમઈને વેરામાં રાહત, મૂડીખર્ચની ફાળવણીમાં વધારો અને ક્ષેત્ર પ્રમાણે પહેલોને પરિણામે આગળ જતા કરારની પ્રવૃત્તિમાં ખાસ કરીને ઉત્પાદન, ઊર્જા, ઈન્ફ્રા સંચાલનમાં વધારો જોવા મળવાની સંભાવના છે.

## કેમિકલ કંપનીએ રોકાણકારોને આપી હોળીની ભેટ

(એજન્સી) મુંબઈ । સ્પેશિયાલિટી કેમિકલ મેન્યુફેક્ચરિંગ કંપનીએ હોળીના બીજા દિવસે એટલે કે ધૂળેટી પર એક મોટી જાહેરાત કરી છે. સપ્તાહના અંતે, કેમિકલ કંપનીએ રોકાણકારો માટે વચગાળાના ડિવિડન્ડની જાહેરાત કરી છે. કંપનીના બોર્ડે 180% વચગાળાના ડિવિડન્ડને મંજૂરી આપી છે. સોમવારે બજાર ખુલશે ત્યારે કેમિકલ કંપનીના શેર ફોકસમાં રહેશે. એક્સચેન્જ ફાઈલિંગમાં, સ્પેશિયાલિટી કંપની ગેલેક્સી સર્ફેક્ટન્ટે જણાવ્યું હતું કે, કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક શનિવારે (15 માર્ચ, 2025) ના રોજ યોજાઈ હતી અને આ બેઠકમાં, બોર્ડે અન્ય બાબતોની સાથે, નાણાકીય વર્ષ 2024-25 માટે 10 રૂપિયાના ફેસ વેલ્યુ પર 18 રૂપિયા (180%) ના વચગાળાના ડિવિડન્ડને મંજૂરી આપી હતી.

# 17 માર્ચે ખુલશે આ SME IPO, એન્કર રોકાણકારો પાસેથી કંપની એકત્ર કરશે રૂ. 11 કરોડ

(એજન્સી) મુંબઈ । તા. 16

પ્રદીપ પરીવાહનનો IPO ખુલવાનો છે. કંપનીનો IPO 17 માર્ચ 2025ના રોજ ખુલશે. રોકાણકારોને 19 માર્ચ સુધી IPO પર દાવ લગાવવાની તક મળશે. IPOનું કદ 44.86 કરોડ રૂપિયા છે. કંપની IPO દ્વારા 45.78 લાખ શેર ઈશ્યૂ કરશે. આ IPO સંપૂર્ણપણે તાજા શેર પર આધારિત છે. તમને જણાવી દઈએ કે, કંપનીના IPOનું લિસ્ટિંગ BSE SMEમાં પ્રસ્તાવિત છે.

આ IPOની પ્રાઈસ બેન્ડ 93 થી 98 રૂપિયા પ્રતિ શેર નક્કી કરવામાં આવી છે. કંપનીએ 1200 જેટલા શેર કર્યા છે. જેના કારણે રોકાણકારોએ ઓછામાં ઓછા 1,11,600 રૂપિયાની સટ્ટો લગાવવી પડશે.

આઈપીઓ આજે ગ્રે માર્કેટમાં શૂન્ય રૂપિયાના પ્રીમિયમ પર ટ્રેડ થઈ રહ્યો છે. જે વર્તમાન શેરબજારના મૂડને દર્શાવે છે. જો બજારની સ્થિતિ એવી જ રહેશે તો કંપનીના અદભૂત લિસ્ટિંગની અપેક્ષા ન રાખવી જોઈએ. પરંતુ જો બજારની સ્થિતિ બદલાય અને ગ્રે માર્કેટનો મૂડ બદલાય તો આ SME IPO પણ કમાલ કરી શકે છે.

IPO ના મહત્તમ 50 ટકા લાયક સંસ્થાકીય ખરીદદારો માટે આરક્ષિત છે. તે જ સમયે, રિટેલ રોકાણકારો માટે ઓછામાં ઓછો 35 ટકા હિસ્સો હશે. ઓછામાં ઓછો 15 ટકા હિસ્સો NII માટે આરક્ષિત રહેશે.


IPO ના મહત્તમ 50 ટકા લાયક સંસ્થાકીય ખરીદદારો માટે આરક્ષિત છે. તે જ સમયે, રિટેલ રોકાણકારો માટે ઓછામાં ઓછો 35 ટકા હિસ્સો હશે. ઓછામાં ઓછો 15 ટકા હિસ્સો NII માટે આરક્ષિત રહેશે.

## રૂપિયા 1.10 લાખ કરોડના જાહેર ભરણાંમાંથી અસંખ્ય ઢીલમાં મુકાવાની વકી

# દેશની IPO બજાર પર સેકન્ડરી બજારની મંદીનું ગ્રહણ લાગી જવાના એંધાણ

(એજન્સી) મુંબઈ । તા. 16

દેશમાં હાલમાં પ્રક્રિયા હેઠળના રૂપિયા ૧.૧૦ ટ્રિલિયનના મૂલ્ય સાથેના ઈનિશિઅલ પબ્લિક ઓફરિંગ્સ (આઈપીઓ-જાહેર ભરણાં) પર સેકન્ડરી બજારની મંદીનું ગ્રહણ લાગવાની સ્થિતિમાં છે. સેકન્ડરી બજારની મંદીને પરિણામે રિટેલ રોકાણકારોનો પ્રાઈમરી માકેટમાંથી પણ રસ ઉડી રહ્યાનું જોવા મળી રહ્યું છે. આવી સ્થિતિમાં જાહેર ભરણાં સફળ જવાની શકયતા ઓછી રહે છે, એ હકીકતને ધ્યાનમાં રાખી અનેક કંપનીઓ જેમણે આઈપીઓ લાવવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે તેમાં તેઓ ઢીલ કરશે તેમ જણાઈ રહ્યું છે. અસંખ્ય કંપનીઓ તેમને મળી ગયેલી મંજુરી રદ થવા દેવાની પણ તૈયારીમાં છે. ૨૦૨૪માં દેશની આઈપીઓ બજારે જોરદાર રેકોર્ડસ દર્શાવ્યા બાદ વર્તમાન વર્ષના પ્રથમ બે મહિનામાં પ્રાઈમરી માર્કેટમાં પ્રવૃત્તિ એકદમ ધીમી પડી ગયાનું જોવા મળ્યું છે. જાહેર




ભરણાંની સંખ્યામાં ઘટાડો થવા ઉપરાંત નવા ડ્રાફ્ટ પેપર્સ ફાઈલિંગની સંખ્યા પણ ઘટી ગયાનું પ્રાપ્ત ડેટા જણાવે છે. જાન્યુઆરીની સરખામણીએ ફેબુરઆરીમાં ડ્રાફ્ટ ફાઈલિંગ્સના મૂલ્યમાં પચાસ ટકાથી વધુનો ઘટાડો થયો છે. કંપનીઓની સંખ્યા પણ ૨૯ પરથી ઘટી ૧૬ રહી છે. વર્તમાન વર્ષના જાન્યુઆરી-ફેબુરઆરીમાં મેઈનબોર્ડ આઈપીઓની સંખ્યા નવ જ જોવા મળી હતી જે ગયા વર્ષના આ ગાળામાં ૧૬ રહી હતી. જોકે એસએમઈ સેગમેન્ટમાં પ્રવૃત્તિ મજબૂત જળવાઈ રહી છે. છેલ્લા બે-અઢી વર્ષની રેલીને કારણે અસંખ્ય કંપનીઓએ જાહેર ભરણાં લાવવાની યોજના ઘડી કાઢી હતી. એક અંદાજ પ્રમાણે રૂપિયા ૧.૧૦ ટ્રિલિયન સાથેના ૬૯ જેટલી કંપનીઓએ ભરણાં માટે પ્રક્રિયા શરૂ કરી દીધી છે, પરંતુ હવે સેકન્ડરી બજારની સ્થિતિ બદલાઈ ગઈ છે, ત્યારે આ સૂચિત કંપનીઓમાંથી કેટલી કંપનીઓ ભરણાંમાં આગળ વધે છે તે જોવાનું રહે છે, એમ એક એનાલિસ્ટે જણાવ્યું હતું. સેકન્ડરી બજારમાં રેલીને કારણે અસંખ્ય કંપનીઓને લિસ્ટિંગમાં સારા લાભ જોવા મળ્યા હતા જે હવે કદાચ જોવા મળવાની સંભાવના નથી. ૨૦૨૪માં ૧૫૭ જેટલી કંપનીઓના જાહેર ભરણાં જોવા મળ્યા હતા.

# LG ઈન્ડિયા ₹15,000 કરોડનો IPO લોન્ચ કરશે:સેબીએ મંજૂરી આપી

(એજન્સી) મુંબઈ । તા. 16

દક્ષિણ કોરિયાની LG ઈલેક્ટ્રોનિક્સ ટૂંક સમયમાં તેના ભારતીય યુનિટનો પ્રારંભિક જાહેર ઓફર એટલે કે IPO લાવવા જઈ રહી છે. માર્કેટ રેગ્યુલેટર સિક્યોરિટીઝ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) એ LG ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયાના ડ્રાફ્ટ પેપર્સને મંજૂરી આપી દીધી છે. આ IPOનું ઈશ્યૂ કદ રૂ. 15,000 કરોડ હશે. આ ઈશ્યૂ એક ઓફર ફોર સેલ છે, જેના દ્વારા રૂ.10ની ફેસ વેલ્યુના 10.18 કરોડ ઈક્વિટી શેર વેચવામાં આવશે. કંપનીને IPOમાંથી કોઈ આવક થશે નહીં. આ ઈશ્યૂના કદ સાથે આ પબ્લિક ઈશ્યૂ દેશના અત્યાર સુધીના ટોચના 5 સૌથી મોટા આઈપીઓમાંનો એક હશે. DRHPમાં મોર્ગન સ્ટેનલી, જેપી મોર્ગન, એક્સિસ કેપિટલ, બોફા સિક્યોરિટીઝ અને સિટીગ્રુપને આ ઈશ્યૂના મુખ્ય મેનેજર બનાવવામાં આવ્યા છે.




1.8 બિલિયન ડોલરના IPO પછી જ્યારે શેર લિસ્ટેડ થશે, ત્યારે LG ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડનું મૂલ્યાંકન લગભગ 13 બિલિયન ડોલર એટલે કે 1.10 લાખ કરોડ રૂપિયા હોઈ શકે છે. LG ઈલેક્ટ્રોનિક્સ આ IPO એક વ્યૂહરચનાના ભાગ રૂપે લાવી રહી છે, કારણ કે કંપનીએ 2030 સુધીમાં ઈલેક્ટ્રોનિક્સ આવક $75 બિલિયન એટલે કે રૂ. 6.35 લાખ કરોડનું લક્ષ્ય રાખ્યું છે અને આ ગ્રાહક ઈલેક્ટ્રોનિક વ્યવસાયને પાટા પર લાવવાના પ્રયાસોનો એક ભાગ છે. આ વાતો કંપનીના સીઈઓ વિલિયમ ચોએ ઓગસ્ટમાં બ્લૂમબર્ગ ટેલિવિઝન સાથેની મુલાકાતમાં કહી હતી.

# 72% વધશે અદાણીનો આ શેર ! એક્સપર્ટે આપી ખરીદવાની સલાહ

(એજન્સી) મુંબઈ । તા. 16

આગામી દિવસોમાં અદાણી ગ્રુપની આ કંપનીના શેર ફોકસમાં રહેવાના છે. વૈશ્વિક બ્રોકરેજ ફર્મ એમ્કે ગ્લોબલે આકર્ષક મૂલ્યાંકન અને મજબૂત વૃદ્ધિના દૃષ્ટિકોણને કારણે શેર પર 'ખરીદી' રેટિંગનો પુનરોચ્ચાર કર્યો છે. બ્રોકરેજ ફર્મે કંપનીના શેર પર 1,500 રૂપિયાનો લક્ષ્ય ભાવ આપ્યો છે. ગુરુવારે અને 13 માર્ચના 873.95 રૂપિયાના બંધ ભાવની સરખામણીમાં 71.63 ટકાનો સંભવિત લાભ સૂચવે છે. તમને જણાવી દઈએ કે અદાણી ગ્રુપનો આ સ્ટોક ગયા ગુરુવારે 3% વધીને 873.95 રૂપિયા પર પહોંચી ગયો હતો. શુક્રવારે હોળી નિમિત્તે શેરબજાર બંધ હતું. MK ગ્લોબલે જણાવ્યું હતું કે, નાણાકીય વર્ષ 25 માં ખાવડામાં ચોમાસું લાંબુ અને તીવ્ર રહ્યું હતું, જેના કારણે પ્રોજેક્ટ કાર્ય પર અસર પડી હતી, સ્થિરીકરણથી CUF વૃદ્ધિ મર્યાદિત રહી હતી. બીજા છ મહિનામાં વીજળીની માંગમાં વૃદ્ધિમાં મંદીએ વ્યાપક વેપારી દરોને પણ અસર કરી હતી. તેમ છતાં, મેનેજમેન્ટ



સંચિત રીતે 5 GW ઉમેરવાનો વિશ્વાસ રાખે છે, અને 2030 સુધી 50 GW લક્ષ્ય અકબંધ રહે છે. બ્રોકરેજના જણાવ્યા મુજબ, કંપનીએ તાજેતરમાં UPPCL પાસેથી 40 વર્ષ માટે 1.25 GW PSP સ્ટોરેજ ક્ષમતા માટે ટેન્ડર જીત્યું છે, જ્યારે હાઈબ્રિડ MSEDCL અને NHPC ટેન્ડર જીતવાથી ચોવીસ કલાક ચાલતી ઈકોસિસ્ટમમાં વધારો થાય છે. જોકે, MKએ તેના વાર્ષિક EBITDA (વ્યાજ, કર, અવમૂલ્યન અને ઋણમુક્તિ પહેલાંની કમાણી) અંદાજમાં 25-30 ટકાનો ઘટાડો કર્યો છે અને લક્ષ્ય ભાવ લગભગ 40 ટકા ઘટાડીને 1,500 રૂપિયા કર્યો છે. આમ છતાં, રૂ. 1,500 ની સૂચિત લક્ષ્ય કિંમત ગુરુવારના 873.95 રૂપિયાના બંધ ભાવની તુલનામાં 71.63 ટકાના સંભવિત વધારાનો સંકેત આપે છે.

# ક્રિકેટર બનવાનું સપનું હતું, પણ બન્યા વિશ્વની સૌથી મોટી કંપનીના CEO

(એજન્સી) મુંબઈ । તા. 16

વિશ્વની ઘણી મોટી કંપનીઓમાં ભારતીયો પ્રભાવ પાડી રહ્યા છે. ગૂગલ પણ તેમાંથી એક છે, જેનું નેતૃત્વ ભારતીય મૂળના સુંદર પિચાઈ કરી રહ્યા છે. પિચાઈ 2004માં ગૂગલનો હિસ્સો બન્યા હતા. પોતાની મહેનત અને ક્ષમતાના આધારે તેમણે 2015માં ગૂગલના સીઈઓનું પદ હાંસલ કર્યું હતું. આજે તે Google અને તેની મૂળ કંપની Alphabet Inc બંનેનું નેતૃત્વ કરે છે. આટલી મોટી જવાબદારી સંભાળતા સુંદર પિચાઈનો પગાર પણ ઘણો મોટો છે. એક રિપોર્ટ અનુસાર જાન્યુઆરી 2025 સુધીમાં સુંદર પિચાઈની વાર્ષિક આવક અંદાજે 280 મિલિયન યુએસ ડોલર એટલે કે અંદાજે 2,435 કરોડ રૂપિયા છે. જો આપણે દૈનિક ધોરણે જોઈએ તો પિચાઈ દરરોજ 6.67 કરોડ રૂપિયા કમાઈ રહ્યા છે. સુંદર પિચાઈનો જન્મ 10 જૂન 1972ના રોજ તમિલનાડુના મદુરાઈમાં થયો હતો. એક સામાન્ય પરિવારમાં જન્મેલા પિચાઈએ તેમનું બાળપણ ચેન્નાઈમાં વિતાવ્યું હતું. તેમના પિતા ઈલેક્ટ્રિકલ એન્જિનિયર હતા અને માતા સ્ટેનોગ્રાફર હતા. તેમનો પ્રારંભિક અભ્યાસ ચેન્નાઈથી પૂર્ણ કર્યા પછી સુંદર પિચાઈએ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (IIT) ખડગપુરમાંથી મેટલર્જિકલ એન્જિનિયરિંગ (Metallurgical Engineering)માં B.Tech કર્યું. આ પછી તે વધુ અભ્યાસ માટે અમેરિકા ગયા. તેમણે અહીંની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાંથી મટિરિયલ્સ સાયન્સ અને એન્જિનિયરિંગમાં એમએસ કર્યું છે. ત્યારબાદ તેમણે યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિયાની વોર્ટન સ્કૂલમાંથી એમબીએની ડિગ્રી મેળવી. ટેક્નોલોજીની દુનિયાના આ નિષ્ણાત ખેલાડીને ક્રિકેટ ખૂબ જ પસંદ છે. તે બાળપણમાં ક્રિકેટર બનવા માંગતા હતા. તેમણે ચેન્નાઈમાં તેમની શાળાની ક્રિકેટ ટીમની કેપ્ટનશિપ પણ કરી હતી. મીડિયા અહેવાલો સૂચવે છે કે ટીમે તેમના નેતૃત્વમાં ઘણી ટૂર્નામેન્ટ પણ જીતી હતી.

# 3 કે 4 ટકા, આ વખતે કેટલું વધશે DA? કેટલો વધશે કર્મચારીઓનો પગાર ?

(એજન્સી) મુંબઈ । તા. 16

જો તમે કેન્દ્ર સરકારના કર્મચારી અથવા પેન્શનર છો, તો તમારો પગાર અને પેન્શન ટૂંક સમયમાં વધી શકે છે. સરકાર ટૂંક સમયમાં મોંઘવારી ભથ્થા (DA) અને મોંઘવારી રાહત (DR)માં વધારાની જાહેરાત કરી શકે છે. આ વધારો 1 જાન્યુઆરી, 2025થી લાગુ થશે. નિષ્ણાતોનો અંદાજ છે કે આ વખતે DA 2% થી 4% વધી શકે છે. જો કે, જો તેમાં માત્ર 2%નો વધારો થશે, તો તે છેલ્લા 7 વર્ષમાં સૌથી ઓછો વધારો હશે. કેન્દ્ર સરકાર વર્ષમાં બે વાર જાન્યુઆરી અને જુલાઈમાં DAની સમીક્ષા કરે છે. ઔદ્યોગિક કામદારો માટે ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (AICPI-IW) ના ડેટાના આધારે DA નક્કી કરવામાં આવે છે. હાલમાં DA 53% છે અને જો તેમાં 2%નો વધારો થશે તો તે 55% થઈ જશે. ઉદાહરણ તરીકે, જો કર્મચારીનો મૂળ પગાર રૂપિયા 20,000 છે, તો DAમાં 2%નો વધારો તેના પગારમાં રૂપિયા 400નો વધારો કરશે. તેવી જ રીતે, જો તેમાં 3% અથવા 4%નો




વધારો થાય છે, તો આ રકમ 600 રૂપિયા અને 800 રૂપિયા વધશે. ઓક્ટોબર 2024માં સરકારે DA 50% થી વધારીને 53% કર્યું હતું. આ સિવાય સરકાર 8મા પગાર પંચ પર પણ વિચાર કરી રહી છે, જે 1 જાન્યુઆરી, 2026થી અમલમાં આવી શકે છે. જો આનો અમલ થશે તો કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનધારકોના પગાર અને પેન્શનમાં મોટો વધારો થશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ના ગવર્નરે તાજેતરમાં જણાવ્યું હતું કે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI) પર આધારિત ફુગાવાનો દર ચાલુ નાણાકીય વર્ષમાં 4.8% રહેવાની સંભાવના છે. જો ફુગાવો ઊંચો રહેશે તો DAમાં પ્રમાણમાં વધુ વધારો થવાની શક્યતા રહેશે.

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2081, ફાગણ વદ-03

# ગ્રીન કાર્ડ હોલ્ડર્સ વાન્સની વાતથી ફફડી ગયા



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા વિદેશીઓને તગેડી મૂકવા મચી પડયા છે ત્યારે તેમના ઉપપ્રમુખ જે.ડી. વાન્સે અમેરિકામાં સત્તાવાર રીતે પરમેનન્ટ રેસિડેન્સી (પીઆર) સ્ટેટસ ધરાવતાં લોકોને પણ અમેરિકામાંથી હાંકી કાઢવાનો સંકેત આપીને નવો પલિતો ચાંપ્યો છે. જેડી વાન્સે કહ્યું છે કે, ગ્રીન કાર્ડ ધરાવનારને અમેરિકામાં કાયમ માટે રહેવાનો અધિકાર નથી મળી જતો. અમેરિકામાં કાયમ માટે કોને રહેવા દેવા અને કોને અમેરિકન સમાજનો હિસ્સો બનવા દેવો એ અમેરિકાનાં લોકો નક્કી કરે છે તેથી ગ્રીન કાર્ડ હોય એટલે અમેરિકામાંથી કાઢી નહીં મૂકાય એવા ભ્રમમાં રહેવાની જરૂર નથી. વાન્સની વાતે અમેરિકામાં ખળભળાટ મચાવ્યો છે કેમ કે અમેરિકામાં ગ્રીન કાર્ડ ધરાવનારાંની સંખ્યા તો ગેરકાયદેસર રીતે રહેનારાં કરતાં પણ વધારે છે. અમેરિકાના લગભગ ૧.૫૦ કરોડ ગ્રીન કાર્ડ હોલ્ડર્સ વાન્સની વાતથી ફફડી ગયા છે. અમેરિકામાં અમેરિકાની સરકાર દ્વારા પરમેનન્ટ રેસિડેન્સી એટલે કે કાયમી નિવાસ તથા કામ કરવાની મંજૂરી આપે તેમને ગ્રીન કાર્ડ અપાય છે. અમેરિકામા રહેવા માટે વર્ક વિઝા સહિતના કોઈ પણ પ્રકારના વિઝા મળે એ અમેરિકાની નાગરિકતા (સિટીઝનશીપ) માટેનું પહેલું પગથિયું ગણાય છે જ્યારે ગ્રીન કાર્ડ એ બીજું પગથિયું છે. ગ્રીન કાર્ડ મેળવનાર વ્યક્તિ એક વર્ષ પછી અમેરિકન સિટિઝનશીપ માટે અરજી કરી શકે છે. સામાન્ય રીતે ગ્રીન કાર્ડ મળ્યાના પાંચેક વર્ષના ગાળામાં અમેરિકાની સિટિઝનશીપ મળી જાય છે તેથી ગ્રીન કાર્ડ મેળવનાર મોટા ભાગે અમેરિકાનો નાગરિક બની જ જશે એવું મનાય છે પણ વાન્સે આ માન્યતાનો ભાંગીને ભુક્કો કરી નાંખ્યો છે. અમેરિકાના કાયદા પ્રમાણે ગ્રીન કાર્ડ રદ કરવાનો અમેરિકાની સરકારને અધિકાર છે પણ આ અધિકારનો ઉપયોગ ખાસ સંજોગોમાં કરાય છે. ગ્રીન કાર્ડ ધરાવતી વ્યક્તિ ગંભીર પ્રકારની ગુનાઈત પ્રવૃત્તિઓમાં સામેલ હોય, લાંબો સમય સુધી અમેરિકાની બહાર રહી હોય કે પછી ઈમિગ્રેશનને લગતા નિયમો કે કાયદાનો ભંગ કર્યો હોય તો અમેરિકાની સરકાર ગ્રીન કાર્ડ કેન્સલ કરી શકે પણ વાન્સ આવા કિસ્સાઓની વાત નથી કરી રહ્યા એ પણ સ્પષ્ટ છે. વાન્સે સ્પષ્ટતા કરી છે કે, ફ્રી સ્પીચના નામે અમેરિકાની સુરક્ષા સામે ખતરારૂપ બને એવાં કોઈ પણ લોકોને અમેરિકામાં નહી રહેવા દેવાય. અમેરિકાએ હમણાં હમાસતરફી સેંકડો વિદેશીઓના સ્ટુડન્ટ વિઝા કેન્સલ કરીને તેમને પોતપોતાના દેશમાં પાર્સલ કરી દીધા છે. ઈઝરાયલ અને હમાસ વચ્ચેનો જંગ જામેલો ત્યારે અમેરિકાની ઘણી યુનિવર્સિટીઓમાં હમાસતરફી દેખાવો થયેલા. હમાસતરફી વિદ્યાર્થીઓએ કેમ્પસ પર કબજો કરીને દિવસો લગી દેખાવો કરેલા. જ્યોર્જ સોરોસ સહિતના લોકો નાણાં આપીને આ વિદ્યાર્થીઓને દેખાવો કરવા માટે લાવતા હતા એવા આક્ષેપો પણ થયા હતા. એ વખતે જો બિડેનની સરકાર હતી. બિડેન પણ ઈઝરાયલતરફી હતા પણ સોરોસ સહિતનાં લોકો તરફ કૂણી લાગણી ધરાવતા એટલે આ બધી પ્રવૃત્તિઓ સામે આંખ આડા કાન કરેલા. બિડેનના સ્થાને ટ્રમ્પ આવ્યા કે તરત હમાસતરફીઓ સામે લાલ આંખ કરીને પગલાં લેવાવા માંડયાં તેમાં ઘણાંનો વારો પડી ગયો છે. વાન્સની વાતને ઘણાં લોકો આ કાર્યવાહી સાથે જોડે છે પણ વિદેશી બાબતોના નિષ્ણાતોના મતે, વાન્સની વાત ભવિષ્યમાં અમેરિકા કઈ દિશામાં આગળ વધશે તેનો સ્પષ્ટ સંકેત આપે છે. વાન્સે ગ્રીન કાર્ડ સાથે અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દાને જોડી દીધો છે. રાષ્ટ્રીય સુરક્ષા કોઈ પણ દેશ માટે સંવેદનશીલ મુદ્દો હોય છે. રાષ્ટ્રીય સુરક્ષાની વાત આવે એટલે અદાલતો પણ હથિયાર હેઠાં મૂકી દેતી હોય છે તેથી ટ્રમ્પ એક વાર સપાટો બોલાવવાનું ચાલુ કરશે પછી કોઈ તેને રોકી નહીં શકે. નિષ્ણાતોના મતે, વાન્સ ભલે રાષ્ટ્રીય સુરક્ષાની વાતો કરે પણ ટ્રમ્પનો ઈરાદો અમેરિકન સીટિઝનશીપના વેપારને મોટો કરવાનો છે અને વાન્સે તેની પૂર્વભૂમિકા બાંધી દીધી છે. ડોનાલ્ડ ટ્રમ્પે થોડા સમય પહેલાં અમેરિકામાં રોકાણના બદલામાં ગ્રીન કાર્ડ માટેનો ઈબી-૫ પ્રોગ્રામ બંધ કરીને તેના સ્થાને ગોલ્ડ કાર્ડ લાવવાની જાહેરાત કરી હતી. ટ્રમ્પની જાહેરાત પ્રમાણે, ૫૦ લાખ ડોલર એટલે કે લગભગ ૪૪ કરોડ રૂપિયા ખર્ચીને વિદેશીઓ ગોલ્ડ કાર્ડ લઈને અમેરિકાના નાગરિક બની શકશે.

## ગાંધીનગર એડવાઈઝરી કમિટીની બેઠક જિલ્લા આરોગ્ય અધિકારી ગાંધીનગરની કચેરી, આરોગ્ય શાખા જિલ્લા પંચાયત ખાતે યોજાઇ



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે ધ પી.સી.પી.એન.ડી.ટી એક્ટ ૧૯૯૪ અંતર્ગત એડવાઈઝરી કમિટીના નવા સભ્યોની નિયુકતિ કરવામાં આવી હતી. જેમાં કલેક્ટર દ્વારા ફાઈલ પર મંજુરી લઇ નવા કમિટી મેમ્બર તરીકે લાયોનસ ક્લબના પ્રમુખ મીનાક્ષી જય સીધાનીયા અને અધ્યક્ષ તરીકે અને આઇ વી ફાઉંડેશન(એન.જી.ઓ)ના પ્રોગ્રામ ચીફ ઓફિસર શિવાનીબેન જૈનની સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી હતી. આ કમિટી બેઠકમાં ડો.એ જે વૈષ્ણવે પી.સી.પી એન ડી ટી એક્ટ અંતર્ગત, સોનોગ્રાફી ક્લિનિક ચકાસણી કરવા ઓછા સેક્સ રેસીયો ધરાવતા હોસ્પિટલની સ્પેશિયલ નજર રાખવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ગાંધીનગર દ્વારા સૂચના આપવામાં આવી હતી. તથા પીસી પી એન ડી ટી કાયદા નું અમલીકરણ સુદ્રઢ બને તે બાબત પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. આ બેઠક અંતર્ગત ડો.ગૌતમ નાયક, ડો. વિજય ચૌહાણ, GMCના ડો.હરેશ પટેલ કમિટીના સભ્યો વગેરે હાજર રહ્યા હતા.

## HIV પીડિત SC તેમજ OBC વર્ગના લોકો માટે તબીબી સહાય વધારવા MLA ડો. દર્શનાબેન દેશમુખને આવેદન

### પીડિતો માટે કાર્યરત એ.પી.+ સંસ્થા દ્વારા નાંદોદ ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખ ને આવેદન આપી રજૂઆત કરાઇ

ભરત શાહ । નર્મદા

નર્મદા જિલ્લાના એચઆઈવી પીડિતો માટે એશોશિએશન ઓંફ ધી પર્સન્સ લીવીંગ વિથ એચ. આઈ.વી./એઇડ્સ (એ.પી.+) સંગઠન સને-૨૦૦૪ના વર્ષથી વડોદરા જીલ્લામાં એચ.આઈ.વી./એઇડ્સ સાથે જીવતા લોકોનું, લોકો માટે, લોકો દ્વારા કાર્યરત સ્વૈચ્છિક સમુદાયિક સંગઠન છે. એચ.આઈ.વી./એઇડ્સ સાથે જીવતા લોકો માટે વિવિધ સેવાઓ લક્ષી અવિરત સેવાયજ્ઞ એ.પી.+ દ્વારા કાર્યરત છે. એ.પી.+ ને ગુજરાત એઇડ્સ કંટ્રોલ સોસાયટી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો અવિરત સહયોગ પ્રાપ્ત થઇ રહેલ છે. જેના પરિણામ રૂપે



એશોશિએશન ઓંફ ધી પર્સન્સ લીવીંગ વિથ એચ.આઈ.વી./એઈડ્સ (એ.પી.+)સંગઠન, ૪(ચાર) જિલ્લાઓમાં(વડોદરા, નર્મદા, છોટાઉદેપુર અને ખેડા) સાર-સંભાળને લગતી વિવિધ સેવાઓને વેગ આપવો શક્ય બન્યો છે. સમગ્ર પ્રોજેક્ટ ના નર્મદા જિલ્લાના હેલ્થ પ્રમોટર ગીતાબેન પટેલ અને હેતલબેન ખત્રી એ આપેલા આવેદન માં જણાવ્યા મુજબ સરકાર દ્વારા મફત તબીબી સહાય યોજના હેઠળ અગાઉ માસિક ૫૦૦/- રૂપિયા સહાય આપવામાં આવી હતી, ત્યારબાદ મફત તબીબી સહાય યોજનામાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત તેમજ આર્થિક રીતે પછાત વર્ગના એચ.આઈ.વી./એઈડ્સના દર્દીઓનો સમાવેશ કરવામાં આવેલ. તેમજ આદિજાતી એચ.આઈ.વી./એઈડ્સના દર્દીઓને મફત તબીબી સહાય યોજના માસિક ૧૦૦૦/- રૂપિયા કરવામાં આવી હતી. ત્યારબાદ, આ સહાયમાં વધુ ૧૫૦૦/- રૂપિયાનો વધારો કરી કુલ ૨૫૦૦/- રૂપિયાની મફત તબીબી સહાય યોજના કરવામાં આવેલ છે. આમ, આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા સહાયમાં સતત વધારો કરવામાં આવેલ છે, જ્યારે સમાજના અન્ય વર્ગો જેવા કે સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગ (SEBC, OBC) અને અનુસૂચિત જાતિ (SC) ના લોકોને પણ આવા પ્રકારની સહાયનો લાભ સમાન પ્રમાણમાં આપવો ન્યાયસંગત અને જરૂરી છે.

## બિતાડા ગામે જમીનમાં દાટેલા ઈંગલીશ દારૂ ઝડપી પાડતી એલ.સી.બી ટીમ નર્મદા

ભરત શાહ, નર્મદા । ૧૬ પ્રશાંત સુંબે, પોલીસ અધિક્ષક, નર્મદા નાઓએ જીલ્લામાં અસામાજીક પ્રવૃતિ કરતા ઈસમો ઉપર વોચ રાખી જીલ્લામાંથી દારૂના દુષણને ડામવા અને જીલ્લામાં પ્રોહીબીશનની પ્રવૃતિને નાબુદ કરવાની




અસરકારક કામગીરી કરવા તેમજ જીલ્લામાં ગેરકાયદેસર દારૂના વેચાણ તથા હેરાફેરી ઉપર વોચ રાખી નાકાબંધી દ્વારા વધુમાં વધુ પ્રોહીબીશનના કેસો કરવાના કડક સુચના આપતા પોલીસ ઈન્સપેક્ટર આર.જી ચૌધરી, એલ.સી.બી, નર્મદા નાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. ટીમના માણસો પ્રોહી. અંગેની વોચ તેમજ પેટ્રોલીંગમા રાજપીપળા પો.સ્ટે. વિસ્તારમાં હતા ત્યારે એ.એસ.આઈ કિરણભાઈ રતિલાલ એલ.સી.બી તથા એ.એસ.આઈ ભંગાભાઈ ગોવિદભાઈ એલ.સી.બી નર્મદાનાઓને સયુક્ત રાહે મળેલ બાતમી ના આધારે હરેશભાઈ શંકરભાઈ વસાવા, રહે.બિતાડા તા.નાદોદ જી.નર્મદા પોતના ઘરની નજીક પડતર જમીન માં સંતાડેલ મિણીયા કોથળા ની અંદર વિસ્કી પ્લાસ્ટિકના ક્વાટરીયા નંગ-૩૦૯ કિમત રૂપિયા ૪૬,૩૫૦/- નો પ્રોહી.મુદ્દામાલ ઝડપી પાડતી ટીમ એલ.સી.બી નર્મદા, જોકે આ રેડ માં દારૂ રાખનાર હરેશભાઈ શંકરભાઈ વસાવા ને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ શરૂ કરી છે.

**રાજ્ય સરકાર ડાંગ આરટીઓ કચેરીનાં અધિકારીઓનાં કાન આમળે તેવી લોક માંગ**

## વઘઇ ખાતે આરટીઓના અધિકારીઓ દ્વારા વાહનચાલકો પાસે ઉઘરાણુ કરાતું હોવાની બૂમ

### ડાંગ જિલ્લાનાં આર.ટી.ઓ અધિકારીઓની સાપુતારા-વઘઇ આંતર રાજય ધોરીમાર્ગમાં વાહન ચાલકોને કનડગત

સુશીલ પવાર । ડાંગ.

રાજ્યનાં છેવાડે આવેલ ડાંગ જિલ્લામાં એ.આર.ટી.ઓ અધિકારીઓ દ્વારા વાહનચાલકોને કનડગત કરવાની કોઈ પણ કચાસ બાકી ન રાખતા મોટી બૂમ ઉઠવા પામી છે.ડાંગ જિલ્લાનાં સાપુતારાથી વઘઈને જોડતા આંતર રાજય ધોરીમાર્ગનાં વઘઇ ફોરેસ્ટ ચેકપોસ્ટ તથા વઘઇ બોટનીકલ ગાર્ડન પાસે એ.આર.ટી.ઓનાં અધિકારીઓ ચેકીંગનાં નામે વાહનચાલકોને ઉભા રાખી મસમોટું ઉઘરાણુ કરી રહ્યાની બૂમરેંગ ઉઠવા પામી છે.જેમાં સાપુતારા-વઘઇ માર્ગ આંતર રાજય ધોરીમાર્ગ હોય જેથી આ માર્ગ પરથી રોજેરોજ અસંખ્ય નાના મોટા વાહનો તથા માલવાહક વાહનો અવર જવર કરે છે.સાથે વઘઇ-સાપુતારા માર્ગ પર બોટનીકલ ગાર્ડન,ગીરાધોધ



અને સાપુતારા જે પ્રવાસન સ્થળ તરીકે પ્રખ્યાત હોય જેથી શનિ- રવિવારની રજાઓમાં મોટી સંખ્યામાં નાના મોટા વાહનો સહિત લકઝરી બસોમાં સવાર થઈ પ્રવાસીઓ સાપુતારા થઈ વણી - શિરડી તરફ જાય છે.ત્યારે લકઝરી બસોને પણ એ.આર. ટી.ઓ કચેરીનાં અધિકારીઓ દ્વારા યેનકેન પ્રકારે ઉભી રાખી મસમોટા દંડ ફટકારવામાં આવતા હોય તેવી ચર્ચાએ વેગ પકડ્યો છે.તેમજ રોજેરોજ શાકભાજીના વાહનો તથા અન્ય વાહનચાલકો પાસેથી પણ મસ મોટું ઉઘરાણું કરવામાં આવતું હોય તેવુ જાણવા મળી રહ્યું છે.ડાંગ જિલ્લો એ મહારાષ્ટ્રની સરહદને અડીને આવેલ જિલ્લો છે.તેમજ ગુજરાત રાજ્યનું એકમાત્ર ગિરિમથક સાપુતારા ડાંગ જિલ્લામાં આવેલ છે.ત્યારે ગીરીમથક સાપુતારા ખાતે મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવતા હોય છે. તેમજ મહારાષ્ટ્ર રાજ્યમાં જવા માટે પણ સાપુતારા થઈને જ વાહન ચાલકો પસાર થતા હોય છે.ત્યારે આ વાહનચાલકો અને પ્રવાસી વાહનચાલકો પાસેથી એ.આર.ટી.ઓનાં અધિકારીઓ દ્વારા મસમોટું ઉઘરાણું કરવામાં આવતું હોય તેવું સૂત્ર પાસેથી જાણવા મળી રહ્યું છે. તેમજ સાપુતારામાં આવતી લક્ઝરી બસ કે જે સાપુતારા ખાતે આવેલ હોય અથવા સાપુતારા થઈને મહારાષ્ટ્ર રાજ્યના વણી - શિરડી તરફ જતી હોય છે.

## રાજપીપળા M V રોડ પર મોપેડ ચાલક થાંભલા સાથે ભટકાતા મોત

ભરત શાહ । નર્મદા

રાજપીપળા એમ.વી રોડ ઉપર પુરપાટ જતા મોપેડ ચાલકે સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવતા આજે નવા જ નાખેલા લાઈટ ના થાંભલા સાથે માથું ભટકાતા ગંભીર ઈજાઓ બાદ ઘટના સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

મોત ને ભેટનાર યુવાન શાક માર્કેટ માં સેવ ઉસળ નો ધંધો કરતો હોવાનું જાણવા મળ્યું છે. તેનું નામ કનૈયા દિનેશભાઈ માછી ઉર્ફે કાનો કાનો હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ ઘટના સ્થળે પહોંચી મૃતક ને સિવિલ માં લઈ ગયા બાદ ત્યાં પીએમ ની કામગીરી ચાલુ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે હકીકત જાણી ફરિયાદ લેવા તજવીજ હાથ ધરી છે.

## રાજુલા-જાફરાબાદ પંથકમાં બેખૌફ રીતે ચાલતા ઓવરલોડ વાહનો સામે કડક કાર્યવાહી કરવા માંગ

કિશોર આર. સોલંકી । જાફરાબાદ

**અમરેલી જીલ્લા પત્રકાર એક્તા પરીષદના ઉપપ્રમુખ પ્રતાપભાઇ વરૂએ પત્ર મારફતે મુખ્યમંત્રીને રજૂઆત કરી**

રાજુલા-જાફરાબાદ તાલુકામાં ખનીજ માફીયાઓ બેફામ બન્યા છે. મહાકાય પથ્થર, કાકરી, મીઠુ સહિતના ઓવરલોડ વાહનો ધમધમી રહ્યાં છે. ત્યારે અમરેલી જીલ્લા પત્રકાર એક્તા પરીષદના ઉપપ્રમુખ પ્રતાપભાઇ વરૂ દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર દ્વારા રજૂઆત કરવામાં આવી છે. જેમાં જણાવેલ કે, રાજુલા-જાફરાબાદ તાલુકામાં ખુલ્લેઆમ ઓવરલોડ વાહનો જેમાં ટ્રક મારફતે મહાકાય પથ્થર, કાકરી, મીઠુ, રોડ પરથી પસાર થતાં હોય છે. અને બેફામ ચલાવી રહ્યા છે. જેથી અવારનવાર નિર્દોષ માણસો અકસ્માતનો ભોગ બને છે. રાજુલાના હિંડોરણા ગામ નજીક થી ઓવરલોડ વાહનો પસાર થતાં હોય છે. ત્યારે જવાબદાર તંત્ર કોઈ કાર્યવાહી કરવામાં ન આવતી ચર્ચાનો વિષય બન્યો છે. જવાબદાર તંત્ર દ્વારા માત્ર કામગીરી દર્શાવી ખાતર એક-બે ટ્રકો સહિત વાહનો પર કાર્યવાહી કરીને તેરી ભી ચુપ મેરી ભી ચુપ તેવા પ્રકારની કામગીરી થતી રહે છે. રાજુલા-પંથકમાં મહાકાય પથ્થરો કાઢવા સ્ટોન ક્રશર દ્વારા ભયંકર રીતે બ્લાસ્ટીંગ કરવામાં આવે છે જેના કારણે આ વિસ્તારમાં વાતાવરણમાં ખુબજ પ્રદુષણ ફેલાવવાની ભિતિ સેવાઈ રહી છે. સાથેસાથ પર્યાવરણને પણ ખૂબજ હાની પહોંચી રહીં છે. અગાઉ અનેકવાર પ્રિન્ટ મિડિયામાં સમાચારો પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતાં છતાંપણ તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. જવાબદાર તંત્ર દ્વારા નાના માણસોને હેરાન પરેશાન કરવામાં આવતા હોય છે. જ્યારે ટ્રકો બેફામ રાત દિવસ ચાલતા ઓવરલોડ વાહનો સામે કાર્યવાહી કરવામાશ નથી આવતી. આખરે જવાબદાર તંત્ર દ્વારા ઓવરલોડ વાહનો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી પત્રકાર એક્તા પરીષદના ઉપપ્રમુખ પ્રતાપભાઇ વરૂ દ્વારા માંગ કરવામાં આવી છે.

## લાઠી તાલુકાના મતિરાળા ગામે પ્રાકૃતિક ખેતી પરિસંવાદ યોજાયો : પ્રાકૃતિક ખેત ઉત્પાદનનું મૂલ્યવર્ધન માટે ખેડૂતોને વિશેષ માર્ગદર્શન

કિશોર આર. સોલંકી । જાફરાબાદ

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને અમરેલી આત્મા પ્રોજેક્ટ દ્વારા લાઠી તાલુકાના મતિરાળા ગામે દ્વારા પ્રાકૃતિક ખેતી પરિસંવાદ અને પ્રદર્શન યોજાયું હતું. તા.૧૨ માર્ચના રોજ આયોજિત એક દિવસીય કાર્યક્રમમાં લાઠી, લીલીયા અને બાબરા તાલુકાના વિવિધ ગામના ખેડૂતોને કૃષિ નિષ્ણાંતો દ્વારા પ્રાકૃતિક ખેતી વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખાસ કરીને પ્રાકૃતિક ખેત ઉત્પાદનનું મૂલ્યવર્ધન કરીને ખેડૂતો વધુ આવક મેળવી શકે તેના માટે પણ વિગતો અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિશે વિગતવાર જાણકારી આપવાની સાથે વિવિધ પ્રાકૃતિક કૃષિ



પેદાશોના વેચાણ સ્ટોલ તથા પ્રાકૃતિક ખેત પેદાશોનું નિદર્શન પણ રાખવામાં આવ્યું હતું.

ઉપરાંત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોએ પોતાના અનુભવોની અન્ય ખેડૂતો સાથે આપ-લે કરી હતી. આમ, ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.આ તકે પ્રાકૃતિક ખેતી માટે પ્રચાર-પ્રસાર કરતાં સંયોજક શ્રી પ્રફુલભાઈ સેંજલિયા, અમરેલી આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી મહેશભાઈ ઝીડ, પ્રાકૃતિક કૃષિ યુનિવર્સિટીના વિષય નિષ્ણાંત શ્રી વિરાભાઇ ચાવડા, મતિરાળા ગામના સરપંચ શ્રી વજુભાઈ નાવાપરિયા અને ખેડૂત ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## સુંદરપુરા રોડ પર અલ્ટોમાંથી બહાર ખેંચી હોકી સ્ટીક અને લાકડી વડે માર મારનાર 11 સામે રાયોટિંગ દાખલ

ભરત શાહ, નર્મદા । નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના સુંદરપુરા ગામના રોડ ઉપર એક વ્યક્તિને ગાડી માંથી બહાર ખેંચી માર મારનાર અગિયાર લોકો વિરુદ્ધ રાજપીપળા પોલીસે ગુનો દાખલ કર્યો છે મળતી માહિતી અનુસાર ગણેશભાઈ ડાહ્યાભાઇ વસાવા, રહે.સુંદરપુરા હોળી ચકલા ફળીયુ તા. નાંદોદ જી.નર્મદા નાઓ એ આપેલ ફરિયાદ મુજબ સુંદરપુરા ગામના રોડ ઉપર બનેલ ઘટના માં તેઓ પોતાના ખેતરે દેખરેખ રાખવા માટે જતા હતા તે વખતે એક વ્યક્તિ એ તેમને તેમની મારૂતી સુઝુકી અલ્ટો ગાડીમાંથી બહાર ખેંચી ગડદાપાડુ તથા હોકી સ્ટીકથી માર મારી તેમજ બીજા એ લાકડી વડે માર મારી અને ક્રેડા ગાડી તેમજ ઈકો ગાડીમા આવેલા બીજા નવ વ્યક્તિઓ એ ત્યાં આવી ગમે તેમ ગાળો બોલી ગડદાપાટુનો માર મારી તેમને બરડાના ભાગે, શરીરે ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી એક સંપ થઈ ગે.કા મંડળી બનાવી ગુનો કરતા રાજપીપળા પોલીસે રાયોટિંગ દાખલ કરી છે.

## છેલ્લા ચાર વર્ષથી પ્રાકૃતિક કૃષિ કરતા બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના ખેડૂતશ્રી વરજંગજી ઠાકોર

### સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિની તાલીમ લીધા પછી પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધ્યા

(માહિતી બ્યુરો,પાલનપુર)

ગુજરાતમા દિન-પ્રતિદિન પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધી રહ્યો છે. રાજ્યમાં ૨૦ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરતા થાય તે માટે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક કૃષિ માટે અનેક પ્રયાસો હાથ ધરાયા છે. બનાસકાંઠા જીલ્લાના ખેડૂતો પણ આ દેશી ગાય આધારિત ખેતીના જીવામૃત, બીજામૃત, વાફસા અને સહજીવી પાક એટલે કે મિશ્ર પાક પધ્ધતિને અપનાવીને પ્રાકૃતિક ખેતી સાથે વધુ આવક મેળવતા થયા છે. બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના ઈસરવા ગામના ખેડૂતશ્રી ઠાકોર વરજંગજી વધાજી છેલ્લા ચાર વર્ષથી દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને અપનાવીને આર્થિક સમૃદ્ધિના દ્વાર ખોલ્યાં છે. તેઓ જણાવે છે કે, તેઓ સૌપ્રથમ આત્મા યોજનાના ગ્રુપમાં જોડાયા હતા અને આત્મા વિભાગ બનાસકાંઠા દ્વારા લેવામાં આવતી વિવિધ મિટિંગમાં હાજરી આપતા હતા. તેઓ રાજ્ય બહાર પ્રેરણા પ્રવાસમાં પણ ગયા હતા અને સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતીની તાલીમ પણ લીધી હતી. આ પછી તેમણે પ્રાકૃતિક કૃષિ થકી કંઈક નવું કરવાનો વિચાર આવ્યો અને તેમણે આ ખેતીને હંમેશા માટે અપનાવી લીધી છે. પ્રાકૃતિક કૃષિ અંગે વાત કરતા તેઓ જણાવે છે કે, પહેલા તેઓ પણ બીજા ખેડૂતો માફક પોતાની ખેતીમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ કરતા હતા. તાલીમ અને માર્ગદર્શન મળતા મને વિચાર આવ્યો કે, મારે મારી જમીનને ફળદ્રુપ બનાવવી છે તથા દેશી ગાય આધારિત ખેતી થકી સ્વસ્થ સમાજ બનાવવા તરફ આગળ વધવું છે. તેઓ ચાર વર્ષથી આ ખેતી સાથે જોડાયેલા છે અને શાકભાજી, પપૈયા, સરગવો, ઘઉં, બાજરી, મગ, મરચાં, ચોળી, ધાણા, ફુદીનો, ડુંગળી જેવા પાકોનું વાવેતર કરીને સારું એવું ઉત્પાદન પણ મેળવે છે. તેઓ પ્રાકૃતિક ખેતીમાં બીજામૃત, જીવામૃત, ઘન જીવામૃત આચ્છાદન, દશપર્ની અર્ક, નિમાસ્ત્ર અને ખાટી છાસના ઉપયોગ થકી ખેતી કરે છે. તેમણે પોતાના ખેતરમાં પંચસ્તરીય મોડેલ ફાર્મ બનાવ્યું છે જેમાં તેઓ સરગવો, જામફળ, કેળ, સીતાફળ, આંબા, લીંબુ જેવા બાગાયતી પાકો તથા શાકભાજી અન્ય પાકોનું વાવેતર પણ કરે છે. તેમણે દેશી ગાય નિભાવ ખર્ચ યોજના હેઠળ સરકારશ્રી તરફથી સહાય પણ મેળવી છે.

## નર્મદામાં ફિંગરપ્રિન્ટ ઓટીપી સહિતના દસ્તાવેજો વિના બેંકમાંથી રૂપિયા ઉપાડવાનો નવો કીમિયો

ભરત શાહ, નર્મદા । નર્મદા જિલ્લામાં હાલમાં નવી પધ્ધતિ થી સાયબર ફ્રોડ ની ઘટના સામે આવી છે જેમાં ગાઠિયાઓ ફિંગરપ્રિન્ટ ઓટીપી કે અન્ય કોઈપણ દસ્તાવેજ વિના લોકો ના બેંક ખાતામાંથી રૂપિયા ઉપાડી લેતા હોવાની વાત જાણવા મળી છે. નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં કેટલાક લોકો આવા ફ્રોડ ના શિકાર બન્યા છે જેમાં ધાનપોર, કરાઠા જેવા કેટલાક ગામો ના વ્યક્તિઓ ભોગ બન્યા છે અને કેટલાકે આ માટે પોલીસ ને પણ જાણ કરી છે જેમાં ધાનપોર ના નિકુંજ પટેલે પણ ભોગ બન્યા હોય તેમના જણાવ્યા મુજબ તેમનુ ઈન્ડસલેન્ડ બેંક રાજપીપલા માં બચત ખાતું ચાલે છે. જેમાંથી તારીખ-૨૭/૦૨/૨૦૨૫ ના રોજ રાત્રે ૧૧.૩૦ ની આસપાસ તેમના બચત ખાતામાંથી રુપયા - ૯, ૮૦૦/- તેમની જાણ બહાર ઉપડી ગયેલ હોવાથી તેમણે આ બેંક અને રાજપીપળા પોલીસ માં લેખિત રજૂઆત કરી યોગ્ય તપાસ કરી આ રકમ તેમના ખાતામા ફરી જમા થાય તે મુજબની કાર્યવાહી કરવા વિનંતી કરી છે. અને આવી રીતે બીજા કેટલાક લોકો પણ ભોગ બન્યા હોવાનું તેમણે જણાવ્યું હતું.

**કેટલાક ભોગ બનનારાઓએ બેંક ખાતામાંથી જાણ બહાર રકમ ઉપડેલ હોય જેની તપાસ કરી રકમ પરત અપાવવા પોલીસ ની મદદ માંગી**

## નાંદોદ પુરવઠાની દુકાનદારો સાથે અન્યાય... વ્હાલા દવલાની નીતિથી પાંચેક દુકાનદારો ને તુવરદાળ આપી, બીજા વંચિત

### પાંચેક દુકાનદારો ને આપેલી તુવર દાળ મધ્યાહન ભોજનના કોટામાંથી આપી હોવાની વાત

ભરત શાહ । નર્મદા

નર્મદા જિલ્લા પુરવઠા વિભાગ માં અનેક સમસ્યાઓ જોવા મળે છે જેમાં ખાસ કરીને દુકાનદારો મુસીબત માં મુકાઈ છે અને અવાર નવાર દુકાનદારો અને ગ્રાહકો વચ્ચે તકરાર જોવા મળે છે ત્યારે હાલ ચાલુ મહિના માં પુરવઠા ગોડાઉન ઉપર હજુ તુવર દાળ આવી નથી છતાં કેટલાક વ્હાલા દુકાનદારો ને તુવર દાળ નો જથ્થો આપ્યો છે જેમાં જાણવા મળ્યા મુજબ આ તુવર દાળ નો જથ્થો મધ્યાહન ભોજન ના કોટા માંથી પાંચેક વ્હાલા દુકાનદારો ને આપવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે ત્યારે જો આ વાત સાચી હોય તો મધ્યાહન ભોજન ના કોટા માંથી દુકાનદારો ને કઈ રીતે દાળ આપી... ? કે અમુક દુકાનદારો ને આ જથ્થો અપાયા બાદ બાકી દુકાનદારો તુવેરદાળ લેવા ગયા ત્યારે હજુ દાળ આવી નથી તેવો જવાબ



મળ્યો, ત્યારે દુકાનદારો એ એમ જણાવ્યું કે અમુક દુકાનદારો ને મધ્યાહન ભોજન માંથી દાળ આપી એમ અમને આપો ત્યારે એવો જવાબ મળ્યો કે મધ્યાહન ની દાળ માં ગેટ પાસ નહીં નીકળે માટે આપી શકાય નહીં, તો પાંચેક દુકાનદારો ને કઈ પદ્ધતિ થી આ તુવર દાળ અપાઈ..? ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારની દુકાનદારો ને પણ ઓછું અનાજ અપાઈ રહ્યું હોવાની બૂમ છે. તો શું ઉપર બેઠેલા જિલ્લાના અધિકારીઓ આ બાબત જાણે છે..? જાણતા હોય તો આ બાબતે કડક પગલા લેવાઈ તે જરૂરી છે. બીજી બાજુ ગોડાઉન ઉપરથી દુકાનદારો ને અપાતા જથ્થા માં પહેલા કરતા પણ હાલ માં વધુ ઘટ આવતા દુકાનદારો ખોટ ખાઈ રહ્યા છે. કેટલાક દુકાનદારો ના જથ્થા માં ઘણો ઓછો જથ્થો નિકળતા ગોડાઉન ઉપર જથ્થો પરત મોકલતા ગોડાઉન સંચાલકો એ યોગ્ય જથ્થો કરી આપી માલ આપવાની ફરજ પડી હતી ત્યારે રાજપીપળા ના પુરવઠા ગોડાઉન પર લાંબા સમયથી ચાલતી આવી લાલીયાવાડી બાબતે વિજિલન્સ તપાસ થાય તેવી પણ માંગ ઉઠી છે. જોકે આ મુદ્દે અમે નાંદોદ પુરવઠા ના નાયબ મામલતદાર રુદ્રદત્તસિંહ પરમાર નો ટેલિફોનીક સંપર્ક કરી હકીકત જાણવા પ્રયાસ કર્યો પરંતુ તેમણે હું તપાસ કરી જણાવું એમ કહ્યા બાદ કોઈ રિપ્લાય નહીં આવતા ફરી પ્રયાસ કર્યો પરંતુ તેમણે ફોન રીસીવ ના કર્યો. તો શું સમજવું..?

## રાજપીપળા મોચીવાડમાં રહેતી 6 વર્ષીય અલીના મેમણે જીવનનો પહેલો રોજો રાખ્યો

ભરત શાહ, નર્મદા । મુસ્લિમ સંપ્રદાયનો વર્ષ ભરનો અતિ મહત્વનો ગણાતો પવિત્ર રમઝાન માસ જે ખુબ મહિમા ધરાવતો માસ કહેવાય છે.પવિત્ર રમઝાન માસની વાત કરીએ તો ધૈર્ય, સખાવત અને કસોટીનો ત્રિવેણી સંગમ સમો માસ પણ કહેવાય છે. ત્યારે વિશ્વભરના મુસ્લિમ બિરાદરો એક માસ સુધી રોઝા ઉપવાસ કરી ખુદાની બંદગી કરતા હોય છે. હાલ ચાલી રહેલા રમઝાન માસમાં મુસ્લિમ બિરાદરો અલ્લાહની ઈબાદતમાં ભૂખ્યા તરસ્યા રહી ઉપવાસ રાખી રહ્યા છે. ત્યારે નાના ભૂલકાઓ પણ અલ્લાહની ઈબાદતમાં રોજો રાખી ઉપવાસી બની રહ્યા છે. ઘરના વડીલો ભૂલકાઓને નાનપણથી રમઝાન



એટલે શું અને આ માસ દરમ્યાન કરવામાં આવતા ઉપવાસ રોજાનું ધાર્મિક મહત્વ શું એ સમજાવી ઈસ્લામ અને અલ્લાહ પ્રત્યેની ધાર્મિકતા સમજાવવા ભૂલકાઓને પણ રોજા કરાવતા હોય ત્યારે રાજપીપળા ના દરબાર રોડ મોચીવાડ મા રહેતી 6 વર્ષીય અલીના અવેશ મેમણે એ તેના જીવન નો પહેલો રોજો રાખી રબને રાજી કરવાનો પ્રયાસ કર્યો છે.

# અમેરિકામાં ટ્રમ્પની 'મોદીવાળી', વોશિંગ્ટનની ગંદકી છૂપાવી

ભારતમાં જ્યારે અમેરિકા, ચીન કે રશિયા જેવા દેશોના વડાઓ આવે છે ત્યારે આવા નેતાઓ જે શહેરની મુલાકાત લેવાના હોય છે ત્યાંની ગરીબી અને ગંદકી છૂપાવવા પ્રયત્નો થાય છે. આપણે માનતા હતા કે આવા ભેજાબાજ ફક્ત નરેન્દ્ર મોદી જ છે. જોકે હવે ખબર પડી છે કે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ 'મોદીવાળી' કરે છે. ટ્રમ્પે પોતે કબુલ કર્યું છે કે, મોદી સહિત વિદેશના નેતાઓ જ્યારે અમેરિકા આવે છે ત્યારે વોશિંગ્ટન ડીસીની ગંદકી, ટેન્ટ અને ગ્રાફેટી છૂપાવવા માટે તમામ પ્રયત્નો કરવામાં આવે છે. શહેર ચોખ્ખુ રહે એ માટે પણ અધિકારીઓને કહેવામાં આવે છે કે જેથી અમેરિકાની રાજધાની સુંદર અને સુરક્ષીત દેખાય. વોશિગટન ડીસીના મેયર મ્યુરીઅલ બાઉઝરને સફાઇ બાબતની જવાબદારી સોંપવામાં આવે છે. આજકાલ મહારાષ્ટ્રમાં ઔરંગઝેબના નામે ચાલુ થયેલા રાજકારણ પર બ્રેક લાગી રહી નથી. સમાજવાદી પક્ષના નેતા અબુ આઝમીએ ઔરંગઝેબના વખાણ કર્યાં ત્યારે થયેલો વિવાદ માંડ શાંત થયો છે અને હવે શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના નેતા સંજય રાઉતે ઔરંગઝેબના નામે બીજો બોમ્બ ફોડયો છે. રાઉતે કહ્યું છે કે મહારાષ્ટ્રમાં ભાજપનું શાસન ઔરંગઝેબના શાસન કરતા પણ વધુ ખરાબ છે. રાજ્યમાં ખેડૂતો, બેરોજગારો અને મહિલાઓ આત્મહત્યા કરી રહ્યા છે. આ આત્મહત્યા માટે ભાજપ જવાબદાર છે. ઔરંગઝેબને મર્યાને ૪૦૦ વર્ષ થઈ ગયા છે. એમને ભૂલી જાવ. શું મહારાષ્ટ્રના ખેડૂતો ઔરંગઝેબને કારણે આત્મહત્યા કરે છે? જો મોગલ શાસકોએ અત્યાચાર કર્યા હોય તો હમણાની સરકાર શું કરી રહી છે? હોળીના તહેવાર દરમિયાન પશ્ચિમ બંગાળના કેટલાક વિસ્તારોમાં હિંસા ભભૂકી ઉઠી છે. નંદીગ્રામ બ્લોક-૨ના અમદાબાદ ક્ષેત્રમાં હોળીનો તહેવાર મનાવી રહેલા લોકો પર હિંસક હુમલો થયો હતો. કેટલીક મૂર્તિઓની તોડફોડ કરવાનો આક્ષેપ પણ થયો છે. બરૂઈપુર, જાદવપુર અને મુરશીદાબાદ સહિત આખા રાજ્યમાં હિંસક ઘટનાઓ બની રહી છે. એવો આક્ષેપ થાય છે કે મમતા બેનર્જીની પોલીસે પશ્ચિમ બંગાળના કેટલાક વિસ્તારમાં હોળીની ઉજવણી પર પ્રતિબંધ મૂક્યો હતો. અફવા અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ રોકવા માટે સેઠીયા શહેરની પાંચ ગામ પંચાયતમાં ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે. આ મામલે ભાજપ અને ટીએમસીના નેતાઓ એક-બીજા પર આક્ષેપો કરી રહ્યા છે. કર્ણાટકના બેંગ્લુરુ શહેરમાં આજકાલ સફાઈ કામગીરી અટકી પડી છે. શહેર આખુ કચરાથી ભરાઈ ગયું છે અને કચરો ઉપાડતા વાહનો રસ્તા પર અટકી ગયા છે. આ બાબતે કર્ણાટકના ઉપમુખ્યમંત્રી ડી કે શિવકુમારે ગંભીર આક્ષેપ કર્યો છે. શિવકુમારના કહેવા પ્રમાણે કેટલાક રાજકીય પક્ષોના ધારાસભ્યો બેંગ્લુરુ કચરા સંકટ બાબતે સરકારને બ્લેકમેલ કરી રહ્યા છે. આ ધારાસભ્ય વિકાસ નિધિના ફંડમાંથી ૮૦૦ કરોડ રૂપિયા માંગી રહ્યા છે. શિવકુમારના કહેવા પ્રમાણે શહેરની કચરા નિકાલની વ્યવસ્થાને કેટલાક માફિયા નિયંત્રીત કરી રહ્યા છે. સફાઈ કર્મચારીઓને ઉશ્કેરીને કામ કરતા રોકવામાં આવે છે જેને કારણે બેંગ્લુરુ શહેર કચરાથી ગંધાઈ ઉઠયું છે. સફાઈની કામગીરી કરતા કોન્ટ્રાક્ટરોએ એક કાર્ટેલ રચી છે. છેલ્લા કેટલાક દિવસોથી કેન્દ્ર સરકાર અને તમિલનાડુ વચ્ચે ભાષા બાબતે વિવાદ ચાલી રહ્યો છે. તામિલનાડુના મુખ્યમંત્રી સ્ટાલીન તમિલનાડુ પર હિન્દુ ભાષા થોપવા સામે વિરોધ કરી રહ્યા છે. આ વિવાદની વચ્ચે જનસેના પક્ષના પ્રમુખ અને આંધ્રપ્રદેશના ઉપમુખ્યમંત્રી પવન કલ્યાણએ નિવેદન આપ્યું છે. કલ્યાણએ ભારતની વિવિધ ભાષાઓની રક્ષા કરવા પર જોર આપતા કહ્યું છે કે, દેશના ફક્ત બે નહીં, પરંતુ તામિલ સહિત અનેક ભાષાઓની જરૂર છે. હિન્દીનો વિરોધ કરનારાઓની ટીકા પણ એમણે કરી હતી. પવન કલ્યાણએ કહ્યું હતું કે જે લોકો હિન્દીનો વિરોધ કરે છે તેઓ તામિલ ફિલ્મોને ડબ કરીને હિન્દી ફિલ્મોને રીલીઝ કરવાની પરવાનગી પણ આપે છે. તમિલનાડુની નીચેની કોર્ટે પાપનાશમના ધારાસભ્ય એમ એચ જવાહીરૂલ્લાહ તેમ જ બીજા ચારને છેતરપિંડીના કેસમાં ગુનેગાર ઠેરવ્યા હતા. આ બાબતે આરોપીઓ મદ્રાસ હાઈકોર્ટમાં ગયા હતા. મદ્રાસ હાઈકોર્ટે પણ નીચેની કોર્ટનો ચુકાદો યોગ્ય ગણાવ્યો હતો. જસ્ટીસ પી વેલ મુર્ગનએ જવાહીરૂલ્લાહ, એસ હૈદરઅલી અને જીએમ શેખએ કરેલી અરજીઓ ફગાવી દીધી હતી. જોકે હાઈકોર્ટે આરોપીઓને સુપ્રિમ કોર્ટમાં જઈ



શકે એ માટે ચુકાદા પર સ્ટે આપ્યો હતો. જવાહીરૂલ્લાહ એમએમકેના નેતા છે. ૨૦૦૩ના વર્ષમાં સીબીઆઈએ જવાહીરૂલ્લાહ અને એના સાથીદારો સામે કેસ દાખલ કર્યો હતો. કોઈમ્બતુર મુસ્લિમ રાહત ફંડના નામે એક સંસ્થા બનાવીને આરોપીઓએ છેતરપિંડી કરી હોવાની ફરિયાદ હતી. કન્નડ અભિનેત્રી રાન્યા રાવ કરોડો રૂપિયાના સોનાની દાણચોરી કરવા માટે જેલમાં છે. તપાસનીશ અધિકારીઓ માનસીક અને શારીરિક ત્રાસ આપવાની ફરિયાદ રાન્યા રાવએ કરી હતી. એમ લાગે છે કે રાન્યા રાવની મુશ્કેલીઓ ઓછી નથી થઈ રહી. રાન્યા રાવે જામીન માટે કરેલી અરજી પણ કોર્ટે નકારી કાઢી છે. રાન્યા રાવના સાથી ગુનેગારની પૂછપરછ ડીઆરઆઇના અધિકારીઓ કરી રહ્યા છે અને રાન્યા રાવ સામેના બીજા પુરાવાઓ પણ મળી રહ્યા છે. રાન્યાનો બીજો એક સાગરીત રાજુ પણ જેલમાં છે રાજુ અને રાન્યાએ સાથે મળીને ૧૯ વખત સોનુ ભારત લાવ્યા હતા. ડીઆરઆઈએ મની લોન્ડ્રીંગ બાબતે રાન્યા રાવના રહેઠાણ ઉપર દરોડા પાડયા છે. દક્ષિણ ભારતના રાજ્યોમાં નવી શિક્ષણ નીતિ સામે જે રીતે વિરોધ વધ્યો છે તે જોતાં ભાજપે દક્ષિણના નેતાઓને જ નવી શિક્ષણ નીતિના બચાવમાં ઉતારવાનો વ્યૂહ ઘડયો છે. તેના ભાગરૂપે પહેલાં તમિલનાડુના પૂર્વ સીએમ ઓ પનીરસેલ્વર પાસે નવી શિક્ષણ નીતિનો આડકતરો બચાવ કર્યો હતો. હવે આંધ્રપ્રદેશના ડેપ્યુટી સીએમ પવન કલ્યાણને મેદાનમાં ઉતાર્યા છે. પવન કલ્યાણ એનડીએના સહયોગી છે. અગાઉ આંધ્રપ્રદેશના સીએમ ચંદ્રાબાબુ નાયડુએ પણ હિન્દીના વિરોધને રાજકીય ગણાવ્યો હતો. તમિલનાડુના ભાજપના અધ્યક્ષ કે. અન્નામલાઈએ પણ એવું કહ્યું હતું કે રાજ્યના જે નેતાઓ વિરોધ કરે છે એમના સંતાનોને બધી ભાષા આવડે તે માટે પ્રયાસો થાય છે. ભાજપ હાઈકમાન્ડે ઉત્તરના નેતાઓને ખાસ એમાં આડેધડ નિવેદનો ન આપવાની તાકીદ કરી છે. ઉત્તર પ્રદેશમાં બસપાના સ્થાપક કાંશીરામની જન્મજયંતી નિમિત્તે માયાવતીએ તેમને અંજલિ આપી ને સાથે સાથે પાર્ટીના રાજ્યભરના નેતાઓને સંબોધિત કર્યા. એ વખતે તેમણે રાજ્યમાં બિહારની જેમ જાતિ આધારિત વસતિ ગણતરી કરાવવી જોઈએ એવી માગણી કરી હતી. એને હવે અખિલેશ યાદવનો ટેકો મળ્યો છે. બસપા અને સપાના નેતાઓમાં હવે એટલો મનમેળ નથી. બંને પાર્ટીઓ એકબીજાને નિશાન બનાવે છે. અગાઉ એકબીજાના સહયોગી રહી ચૂકેલા આ પક્ષો હવે જુદી જુદી રીતે ચૂંટણીઓ લડે છે. પરંતુ દલિત વોટબેંક બંને પાસે હોવાથી માયાવતીની માંગણીને અખિલેશે યોગ્ય ગણાવી હતી. કાંશીરામની જન્મજયંતીએ રાહુલ ગાંધીએ પણ તેમની પ્રશંસા કરીને અંજલિ આપી હતી.

હરિયાણામાં સ્થાનિક ચૂંટણીમાં કોંગ્રેસનો પરાજય થયો પછી હાઈકમાન્ડ ચિંતિત છે. હરિયાણા કોંગ્રેસ માટે નવું ગુજરાત બનવાના રસ્તે છે. કોંગ્રેસનો જનાધાર સતત ઘટવા માંડયો છે. ગત ચૂંટણીમાં કોંગ્રેસને બેઠા થવાની તક હતી, પરંતુ આંતરિક વિખવાદના કારણે હાથમાં આવેલી બાજી સરકી ગઈ હતી. ભાજપે ચૂંટણી પહેલાં મુખ્યમંત્રી બદલીને એન્ટી ઈન્કમબન્સીમાંથી બચવાનો જે રસ્તો કાઢ્યો હતો એ કારગત નીવડયો હતો. એ પછી પાલિકાની ચૂંટણીમાં પણ ભાજપનો જોરદાર વિજય થતાં હવે કોંગ્રેસ માટે નવેસરથી રાજ્યમાં જનાધાર ઉભો કરવાનો પડકાર સર્જાયો છે. કોંગ્રેસ હાઈકમાન્ડ રાજ્યના સંગઠનમાં મોટાં પરિવર્તનો કરે તેવી શક્યતા છે. ૨૦૨૦ની નવી શિક્ષણનીતિ લાગુ પાડવાના મુદ્દે હવે રાજ્યો અને કેન્દ્ર સરકાર વચ્ચે ઘર્ષણ શરૂ થયું છે. ખાસ તો તમિલનાડુ સહિતના દક્ષિણના રાજ્યોમાં હિન્દી ભાષાને ફરજિયાત ભણાવવાનો વિરોધ વધતો જાય છે. એ રાજ્યો ત્રીજી ભાષાનો વિરોધ કરીને એક માતૃભાષા અને બીજી અંગ્રેજી એમ બે ભાષાના મોડલની તરફેણ કરે છે. હવે ત્રીજી ભાષાને ભણાવવાની શિક્ષણનીતિમાં કેટલીય સ્પષ્ટતા થતી નથી. ભાજપ શાસિત ઘણાં હિન્દીભાષી રાજ્યો ત્રીજી ભાષા તરીકે સંસ્કૃતનો વિકલ્પ આપે છે. શિક્ષણનીતિ પ્રમાણે ત્રણમાંથી બે મૂળ ભારતીય ભાષા હોવી જોઈએ. તેના પરિણામે વિદ્યાર્થીઓ અંગ્રેજીના વિકલ્પે ફ્રેન્ચ, સ્પેનિશ કે જર્મની શીખી શકે, પરંતુ હિન્દી-અંગ્રેજી લેનારાએ ફરજિયાત સંસ્કૃત લેવી પડે છે. આ મુદ્દે ઘણાં રાજ્યોમાં મૂંઝવણની સ્થિતિ છે.

# ટ્રમ્પની ટર્મ મસ્કની સેટેલાઈટ ઈન્ટરનેટ કંપની સ્ટારલિંક માટે સુવર્ણયુગ સાબિત થશે

દુનિયાની ૮૦૦ કરોડની વસતીમાંથી આજની તારીખે ૪૯૫ કરોડ લોકો પાસે ઈન્ટરનેટ એક્સેસ છે. બાકી રહેલાં ૩૦૫ કરોડમાંથી ૨૦૦ કરોડ બાળકોની વય ૧૫ વર્ષથી નીચે છે અને તેમની પાસે ઈન્ટરનેટ એક્સેસ નથી એવું માનીને ચાલીએ તોય ૧૦૫ કરોડ લોકો સુધી ઈન્ટરનેટ પહોંચ્યું નથી. આ ૧૦૫ કરોડ 'સંભવિત ગ્રાહકો' પર ઈલોન મસ્ક, જેફ બેઝોસ સહિત દુનિયાભરના ટોચના ઉદ્યોગપતિઓની નજર છે. આ ૧૦૫ કરોડ લોકો પાસે ઈન્ટરનેટ પહોંચ્યું નથી એ માટે તેમની ભૌગોલિક પરિસ્થિતિ જવાબદાર છે. દુર્ગમ પહાડીઓમાં ૧૦૦ કરોડ જેટલી માનવ વસતી રહે છે એમાંથી માંડ વીસેક કરોડ પાસે ઈન્ટરનેટની સુવિધા છે. રણમાં ખપ પૂરતી સુવિધા મેળવીને રહેતાં ૫૦ કરોડ લોકોમાંથીય ૩૦-૩૫ કરોડને ઈન્ટરનેટની જરૂરિયાત વર્તાય છે. ત્યાં સુધી ઈન્ટરનેટ પ્રોવાઈડર્સ કંપની માટે પહોંચવું કપરું છે. પહોંચી જાય તોય ઈન્ટરનેટનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાનું ખૂબ મોંઘુ પડે. સરવાળે આવા વિસ્તારમાં ઈન્ટરનેટ અન્ય ભાગો કરતાં મોંઘું આપવાનું થાય. દુર્ગમ વિસ્તારોમાં રહેતા લોકો ઈન્ટરનેટ માટે એટલી મોટી રકમ ખર્ચી શકે નહીં. આવી સ્થિતિમાં સેટેલાઈટ ઈન્ટરનેટ તેમના માટે સૌથી સારો વિકલ્પ બની શકે છે. પૃથ્વીથી ૫૦૦-૬૦૦ કિ.મીની છીછરી ભ્રમણકક્ષામાં સ્થિર થયેલા સેટેલાઈટથી ઈન્ટરનેટ આપવાનું થાય તો એના માટે દુર્ગમ વિસ્તારોમાં અલગથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાની જરૂર પડતી નથી. વળી, સેટેલાઈટ ઈન્ટરનેટ માત્ર આ લોકો સુધી જ પહોંચે એવુંય નથી. સેટેલાઈટ ઈન્ટરનેટ પ્રોવાઈડર્સ એવો દાવો કરે છે કે ટાવર્સની મદદથી જે ઈન્ટરનેટ મળે છે એના કરતાં સેટેલાઈટથી વધુ સારું રિઝલ્ટ મળશે. એમાં અવરોધ બહુ આવશે નહીં. પરિણામે અત્યારે જે લોકો પાસે ઈન્ટરનેટ એક્સેસ છે એ પણ સેટેલાઈટ ઈન્ટરનેટમાં સ્વિચ થઈ જશે. ભવિષ્યમાં એવા ૧૦૦ કરોડ લોકો ગણીએ તો સેટેલાઈટ ઈન્ટરનેટના સબસ્ક્રાઈબર્સ ૨૦૦ કરોડ સુધી પહોંચી શકે. આ ફ્યુચર પ્લાન પર ઈલોન મસ્કની સ્ટારલિંક સહિતની કંપનીઓ કામ કરી રહી છે. વેલ, સેટેલાઈટ ઈન્ટરનેટ 'જનરેશન નેક્સ્ટ' થિંગ છે. એની કામ કરવાની પદ્ધતિ અત્યારના ઈન્ટરનેટ પ્રોવાઈડર કરતાં જુદી છે. અત્યારે ઠેર-ઠેર ટાવર્સ નાખીને મોબાઈલ સુધી ઈન્ટરનેટ પહોંચાડવામાં આવે છે. અથવા તો વાયરનું જોડાણ કરીને ઈન્ટરનેટનો એક્સેસ મળે છે. સેટેલાઈટ ઈન્ટરનેટ આ બંને કરતાં અલગ પદ્ધતિ છે. પૃથ્વીથી બહુ દૂર નહીં એવી ભ્રમણકક્ષામાં ઈન્ટરનેટ માટેના સેટેલાઈટ સેટ થઈ રહ્યાં છે. આ ઉપગ્રહો યુઝર્સના મોબાઈલમાં ટાવરની મદદ વગર સીધું ઉપગ્રહનું સિગ્નલ પકડે છે. એક નાનકડા ડિશ એન્ટેનાની મદદથી મોબાઈલ કે લેપટોપમાં ઈન્ટરનેટ કનેક્ટ થઈ જશે. અત્યારે મેદાની પ્રદેશમાં ઈન્ટરનેટની સ્પીડ હોય એટલી રણ, જંગલ કે પર્વતોમાં હોતી નથી, કારણ કે ત્યાં ટાવર્સની કનેક્ટિવિટી પહોંચતી નથી, પરંતુ સેટેલાઈટને એવો કોઈ અવરોધ નડશે નહીં - આ તેનો પ્લસ પોઈન્ટ છે. પણ એ માટે પાંચ-પચ્ચીસ સેટેલાઈટથી ચાલે નહીં. સંખ્યાબંધ સેટેલાઈટ લોંચ કરીને આખી ભ્રમણકક્ષાને ઉપગ્રહોથી સજ્જ કરવી પડે. જો થોડાંક સેટેલાઈટ હોય તો જે સેટેલાઈટ યુઝર્સને ઈન્ટરનેટ આપતો હોય એ ડિવાઈસની રેન્જ બહાર જાય કે કનેક્ટિવિટી ખોરવાઈ જાય. સંખ્યાબંધ સેટેલાઈટ ભ્રમણકક્ષામાં ફરતા રહે તો ઈન્ટરનેટ એક્સેસમાં અવરોધ આવતો નથી. એટલે જ ઈલોન મસ્કની સ્ટારલિંક કંપનીએ ૨૦૧૯થી લઈને અત્યાર સુધીમાં સાતેક હજાર સેટેલાઈટ અવકાશમાં ગોઠવી દીધા છે. હજુ ૩૫ હજાર સેટેલાઈટ લોંચ કરવાની યોજના છે. સ્ટારલિંકની યોજના તો ૪૨,૦૦૦ ઈન્ટરનેટ સેટેલાઈટ ફરતા કરવાની છે. એક વખત ૪૨ હજાર ઈન્ટરનેટ સેટેલાઈટ ભ્રમણકક્ષામાં સેટ થઈ જશે પછી સ્ટારલિંક દુનિયાભરના ઈન્ટરનેટ વિહોણા કરોડો યુઝર્સને અવરોધ વગર ઈન્ટરનેટ સવસ આપી શકશે. એમ તો મસ્ક સિવાયના ટોચના ઉદ્યોગપતિઓની નજર ઈન્ટરનેટ સેટેલાઈટના બિઝનેસ ઉપર છે. મસ્કના સૌથી નજીકના હરીફ એમેઝોનના જેફ બેઝોસે પ્રોજેક્ટ કાઈપર શરૂ કર્યો છે. ૨૦૧૯માં સ્થપાયેલી આ કંપનીમાં અત્યારે ૧૪૦૦ કર્મચારીઓ કાર્યરત છે. ૩૨૩૬ સેટેલાઈટ સેટ કરવાનું પ્રારંભિક લક્ષ્ય છે અને એમાંથી બે સેટેલાઈટ લોંચ કરીને કંપનીએ પ્રયોગ પણ કરી દીધો છે. ૧૨ ગ્રાઉન્ડ સ્ટેશન બનાવીને તેના મારફતે યુઝર્સને ઈન્ટરનેટ આપવાનું બેઝોસે વિચાર્યું છે અને એ માટે ૧૦ અબજ ડોલરનું ફંડ ફાળવાશે. ગ્રેગ વિલર નામના બ્રિટિશ સંશોધકે વન-વેબ કંપની ૧૦ વર્ષે પહેલાં સ્થાપી હતી. ભારતી એન્ટરપ્રાઈઝે ૪૨ ટકાનું રોકાણ કર્યું છે. એ રીતે હવે વન-વેબ સેટેલાઈટ ઈન્ટરનેટ પ્રોજેક્ટમાં સુનિલ મિત્તલનો હિસ્સો રહેશે. અત્યાર સુધીમાં આ કંપનીના ૬૪૮ સેટેલાઈટ લોંચ થઈ ચૂક્યા છે. જીઓએ પણ એમ તો થોડા સમય પહેલાં યુરોપિયન કંપની એસઈએસ સાથે કરાર કર્યો છે. તેના ૭૦ ઈન્ટરનેટ સેટેલાઈટ ભ્રમણકક્ષામાં સ્થાપિત થઈ ચૂક્યાં છે, પણ હવે જીઓનો કરાર સ્ટારલિંક સાથે પણ થયો છે એટલે નવાં સમીકરણો બનશે. હ્યુજીસ નેટવર્ક સિસ્ટમ નામની અમેરિકન કંપનીએ પણ આ બિઝનેસમાં ઝંપલાવ્યું છે. ૫૧ વર્ષ જૂની આ કંપનીએ નજીકની ભ્રમણકક્ષાને બદલે દૂર ઉપગ્રહો સેટ કરવાની યોજના બનાવી છે. અમેરિકાની જ વાયાસેટ નામની કંપની વિશ્વભરમાં સેટેલાઈટથી ઈન્ટરનેટ સવસ આપવાના હેતુથી મેદાને પડી છે. ૨૦૨૬ સુધીમાં ૨૮૮ સેટેલાઈટ વહેતા કરવા માટે કંપનીએ ફંડ ફાળવી દીધું છે.આ બધા વચ્ચે સ્ટારલિંક અત્યારે આ ક્ષેત્રમાં 'બિગ પ્લેયર' છે. ૩૦ દેશોના ૪૬ લાખ યુઝર્સને ઈન્ટરનેટ સવસ આપતી આ કંપનીના માલિક મસ્ક તો આગામી પાંચ વર્ષમાં સબસ્ક્રાઈબર્સનો આંકડો ૨૫ કરોડે પહોંચાડવાની ગણતરી માંડીને બેઠા છે. આ કામ અત્યારે અઘરું જણાય છે, પરંતુ ભારત જેવા દેશોમાં કંપની ધારણા પ્રમાણે પગપેસારો કરી શકશે તો આ ટાર્ગેટ અચીવ કરવાનું સહેલું બની જશે. ભારતમાં જ મસ્કને ૧૦ કરોડ સંભવિત ગ્રાહકો મળવાની આશા છે. અત્યાર સુધી ભારત સરકારે સ્ટારલિંકની સેટેલાઈટ ઈન્ટરનેટ આપવાની અરજીને પેન્ડિંગ રાખી હતી. એક વખત મસ્ક ભારતની મુલાકાત કરી ગયા હતા, પરંતુ વાત બની ન હતી. હવે અમેરિકામાં ટ્રમ્પની સરકાર બની જતાં મસ્ક માટે ફાવતું વાતાવરણ બન્યું છે. ટ્રમ્પ ભારત સહિતના દેશો પર ટેરિફ સહિતની સીધી-આડકતરી ધમકીઓ આપીને મસ્કનો રસ્તો આસાન કરી રહ્યા છે. કદાચ એટલે જ મસ્ક માટે ભારતમાં અનુકૂળ પરિસ્થિતિ સર્જાઈ ને એરટેલ-જીઓ જેવી બે મોટી કંપનીઓ સાથે સ્ટારલિંકનો કરાર શક્ય બન્યો.

# ગુજરાતનું રસીકરણ ક્ષેત્રે વિક્રમી પ્રદર્શન, SDG-3 ઈન્ડેક્સમાં 95.95% કવરેજ કર્યું

ગુજરાતે રાષ્ટ્રીય રસીકરણ દિવસ નિમિત્તે રસીકરણ ક્ષેત્રે મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. SDG-3 ઈન્ડેક્સ મુજબ, રાજ્યએ 95.95% રસીકરણ કવરેજ પ્રાપ્ત કર્યું છે, જે રાષ્ટ્રીય સરેરાશ 93.23% કરતાં વધુ છે. ગુજરાત સરકારના આરોગ્ય વિભાગે 'ધન્વંતરી રથ', 'ટીકા એક્સપ્રેસ' અને 'મોબાઈલ મમતા દિવસ' જેવી પહેલ દ્વારા અંતરિયાળ વિસ્તારોમાં રસીકરણની સુવિધા પહોંચાડી. 2024માં 1 વર્ષની ઉંમરના બાળકોનું સંપૂર્ણ રસીકરણ કવરેજ 98% રહ્યું. ગુજરાતે 2024-25 (એપ્રિલ-ફેબ્રુઆરી) દરમિયાન 1 વર્ષની ઉંમરના બાળકો માટે 98% રસીકરણ કવરેજ હાંસલ કર્યું છે. તેમાં BCG રસીકરણ 96%, DPT+Hep-B+HiB 95%, અને ઓરી/રૂબેલા (MR) 97% રહ્યું. રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં રસીકરણ સુનિશ્ચિત કરવા માટે 'ધન્વંતરી રથ', 'ટીકા એક્સપ્રેસ' અને 'મોબાઈલ મમતા દિવસ' જેવા કાર્યક્રમો અસરકારક સાબિત થયા. ગુજરાતે સઘન મિશન ઈન્દ્રધનુષ દ્વારા 0-2 વર્ષના બાળકો અને સગર્ભા મહિલાઓ માટે વ્યાપક રસીકરણ ઝુંબેશ હાથ ધર્યો છે. આમ કુલ 9,95,395 બાળકો અને 2,25,960 સગર્ભા મહિલાઓનું રસીકરણ સફળતાપૂર્વક કરવામાં આવ્યું. આ ઝુંબેશના કારણે રાજ્યના રસીકરણ કવરેજમાં 20%નો વધારો નોંધાયો છે. 16 થી 22 જાન્યુઆરી, 2025 દરમિયાન, 'ખિલખિલાટ રસીકરણ અભિયાન' હેઠળ 25,736 બાળકોને BCG, OPV, Penta, IPV, Rota, PCV, MR અને DPT રસીઓ આપવામાં આવી. આ અભિયાન ખાસ કરીને વડોદરા, સુરત, અમદાવાદ અને મોરબી જેવા શહેરોમાં વધુ અસરકારક રહ્યું. છેલ્લા 3 વર્ષમાં શિક્ષણ વિભાગના સહયોગથી ટિટેનસ-ડિપ્થેરિયા જેવા રોગો સામે 10 અને 16 વર્ષના વિદ્યાર્થીઓ માટે શાળાઓમાં અને 5 વર્ષના બાળકો માટે બાલવાટિકાઓમાં DPT રસીકરણ કરવામાં આવ્યું.

# બાર જ્યોતિર્લિંગ



ઉજ્જયિન્યાં મહાકાલં ઓંકારેત્વમામલેશ્વરમ્ ॥

ભારતીય હિન્દુ સંસ્કૃતિમાં તીર્થ યાત્રાઓનું મહત્વ અધિક સમજાવ્યું છે.શિવ પુરાણ અનુસાર બાર જ્યોર્તિલિંગ ની યાત્રા પૂરી શ્રદ્ધા ભક્તિ થી કરવામાં આવે તો મૃત્યુ બાદ કૈલાસ માં શિવ સમિપતા પ્રાપ્ત થાય છે.પુરાણ અનુસાર જ્યારે બ્રહ્મા અને વિષ્ણુ પોતપોતાને શક્તિશાળી સાબિત કરવા લડાઈ કરી રહિયા હતા ત્યારે એક ચળકતો પથ્થર એમની સામે પ્રગટ થયો. આ ચળકતો પથ્થર પ્રગટ થતા જ આકાશવાણી થઈ કે બન્ને માંથી જે કોઈ આ પથ્થર નો અંત છેડો શોધશે એ શક્તિશાળી સાબિત થશે. ભગવાન વિષ્ણુ એ ચળકતા કળા પથ્થર નો છેડો શોધવા ખૂબ પ્રયત્ન કર્યા બાદ હાર સ્વીકારી લીધી. બ્રહ્માજી એ હાર ન સ્વીકારતા લિંગ માંથી વાચા પ્રગટ થતા કહ્યું કે હું શિવ લિંગ છું મારા ના અંત કે ના શરૂઆત છે. શિવ એટલે કલ્યાણ અને લિંગ એટલે સર્જન,જ્યોતિર્લિંગ ને સમગ્ર બ્રહ્માંડ પ્રતીક માનવામાં આવે છે.જે રીતે મન,બુદ્ધિ,અહંકાર માનવીય શરીર નું મુખ્ય તત્વ,આત્મા,માયા એ ઈશ્વરીય તત્વ,પાણી,હવા એ આકાશીય તત્વ અને ધરતી માંથી જ્યોર્તિલિંગ નું સર્જન થયું છે. પૃથ્વી પર કુલ બાર જ્યોતિર્લિંગ સ્વયંભૂ માનવામાં આવે છે.સનાતન ધર્મ અનુસાર એકમ ના દિવસે શિવલિંગ ની ઉત્પતિ થતા ભગવાન વિષ્ણુ અને બ્રહ્માજી એ પૂજા અર્ચના કરી હતી. ભગવાન શિવ એ દેવો ના દેવ છે એના વગર પૃથ્વી પર જીવ સૃષ્ટી સંભવ નથી. માન્યતા અનુસાર જ્યાં સુધી પૃથ્વી પર બાર જ્યોતિર્લિંગની પૂજા નિત્ય થશે ત્યાં સુધી પૃથ્વી પર પ્રલય થવો અશક્ય છે.



- રુપાલી દવે

મહાકાલેશ્વર જ્યોતિર્લિંગ : મધ્યપ્રદેશ ના ઉજ્જૈન માં ક્ષિપ્રા નદી ના કિનારે ભગવાન સદા શિવ નું ત્રીજું જ્યોતિર્લિંગ "મહાકાલેશ્વર " બિરાજમાન છે. ઉજ્જૈન ભારત ની અતિ પ્રાચીન નગરી છે ને એના પરથી કર્કવૃત રેખા પસાર થાય છે. પ્રાચીન કાળમાં ઉજ્જૈન ને જ્યોતિષ શાસ્ત્ર અને ગૂઢ વિદ્યા ની નગરી માનવામાં આવે છે. જ્યાં મહાકાલ નો નિવાસ ત્યાં સાધક ની સાધનાઓ વિફળ જતી થતી નથી. શિવ પુરાણ અનુસાર બ્રહ્માજી અને ભગવાન વિષ્ણુ વચ્ચે શક્તિશાળી સાબિત કરવાની લડાઈ ચાલી રહી હતી ત્યારે બન્ને વચ્ચે જે કાળા પથ્થર સ્વરૂપે શિવ લિંગ પ્રગટ થયું હતું એ "મહાકાલેશ્વર જ્યોતિર્લિંગ" હતું.

કથા: હજારો વર્ષ પહેલા ઉજ્જૈન માં વેદ પ્રિય નામનો બ્રહ્મણ વસતો હતો એ શિવભક્ત અને નિત્ય શિવલિંગ ની પૂજા કર્યા વગર અન્ન પાણી ગ્રહણ કરતો નહતો. આ બ્રાહ્મણ ને ચાર પુત્રો હતાં,ચારેય પિતા ના પગલા નું અનુસરણ કરતા હતા. એકવાર બાજુ ના જંગલ માં રહેતા દૂષણ નામના રાક્ષસ એ બ્રહ્માજી ની ઉપાસના કરીને તાંત્રિક વિદ્યા પ્રાપ્ત કરી.તાંત્રિક વિદ્યા ના બળે દૂષણ એ ચારેય તરફ હાહાકાર મચાવી દીધો. શું કરવું એ સમજાતું નહતું? દૂષણ ની સામે લડવાની તાકાત કોઈના માં નહતી એ એની તાંત્રિક વિદ્યા ની તાકાત ની અજમાયશ કરીને લોકોને પ્રતાડિત કરવા લાગ્યો હતો. નિરાશ અસહાય વેદપ્રિય બ્રાહ્મણ એ એના ચારેય પુત્રો સાથે ભગવાન સદાશિવ નો આશ્રય જઈને શિવ મહાયાગ દ્વારા ભગવાન સદાશિવ ને પધારવાનું આહવાન કર્યું. વેદપ્રિય બ્રાહ્મણની પવિત્ર શિવભક્તિ નિહાળીને ભગવાન ભોળાનાથ પ્રગટ થયા ને ભયાનક હુંકાર કરીને દૂષણ રાક્ષસનો હવન અગ્નિ માં સ્વાહા કર્યો. મહાકાલ સ્વરૂપ ધારણ કરીને ભગવાન શિવજી એ દૂષણ રાક્ષસના શરીરની રાખ લગાવીને ભગવાન મહાકાલેશ્વર જ્યોતિર્લિંગ સ્વરૂપે એ જગ્યા એ બિરાજમાન થયા હતા.

પૂજા અર્ચના : નિત્ય વહેલી સવારે ચાર વાગ્યે ગ્વાલિયર ન રાજકીય પરિવાર તરફથી ગંગાજળ દ્વારા શિવલિંગ પર અભિષેક કરવામાં આવે છે. ત્યારબાદ સ્મશાન માંથી માનવીય શરીરની તાજી રાખ લાવવામાં આવે છે. મહાકાલેશ્વર જ્યોતિર્લિંગના સ્નાન કે શણગાર વખતે સ્ત્રીઓને દર્શન કરવાની સખત મનાઈ છે.મંદિર ની રચના એ પ્રકારની કરવામાં આવી છે કે ઊગતા સૂર્ય નું પ્રથમ કિરણ શિવલિંગ પર પડે.મંદિર ના ગર્ભ ગૃહ માં ચોવીસ કલાક એક તેલ નો અને બીજો ઘી નો દીવો પ્રગટાવવા માં આવે છે. ઉજ્જૈન નગરી થી પાંચેક કિલો મીટર દૂર ભૈરવ ગઢ માં કાળ ભૈરવ નું સ્થાન આવેલું છે. માં હરસિદ્ધિ માતાનું મંદિર એ શિવ શક્તિ ની આરાધના નું સ્થાન છે. જ્યાં મહાકાલેશ્વર બિરાજમાન હોય ત્યાં શક્તિ સ્વરૂપ નું નિવાસ્થાન હોય એમાં આશ્ચર્ય નથી. શિવ વગર શક્તિ અને શક્તિ વગર શિવ ની કલ્પના થવી અશક્ય છે.

ઓમકારેશ્વર જ્યોતિર્લિંગ : શિવ પુરાણ અનુસાર જ્યારે કાળા પથ્થર ના લિંગ નો છેડો શોધવા માટે ભગવાન વિષ્ણુ એ પોતાની નિષ્ફળતા સ્વીકારી લીધી ત્યારે બ્રહ્માજી એ પોતાની નિર્બળતા પ્રગટ ના થાય એ ખોટું બોલ્યા કે લિંગ નો છેડો એણે શોધી લીધો છે. બ્રહ્માજી ના જૂઠ ના લીધે જ્યોતિ સ્વરૂપે પ્રગટ થઈ ને ભગવાન શિવ એ બ્રહ્માજી ને શ્રાપ આપ્યો કે પૃથ્વી ના અંત સુધી ધાર્મિક પૂજા વિધિ માં બ્રહ્માજી ની પૂજા થશે નહી,આ ઉપરાંત પૃથ્વી પર બ્રહ્માજી મંદિર એકજ મંદિર રહેશે.જ્યારે અનંત કાળ સુધી પૃથ્વી પર વિષ્ણુ ની પૂજા અર્ચના થશે. આવી માન્યતા છે કે બાર જ્યોતિર્લિંગની યાત્રા એ ઓમકારેશ્વર જ્યોતિર્લિંગ પર જળ ચડાવ્યા વગર અધૂરી માનવામાં આવે છે. ભગવાન મહાકાલેશ્વર ભસ્મ આરતી બાદ રાત્રે શયન કરવા ઓમકારેશ્વર નિત્ય આવે છે.ઓમકારેશ્વર મંદિર માં બિરાજમાન માતા પાર્વતીજી સાથે ભગવાન શિવ નિત્ય ચોસર રમે છે.

મધ્ય પ્રદેશ ના ખાંડવા જીલ્લા માં ઓમ આકાર ધરાવતા માંધાતા ટાપુ પરની દેવ નગરી માં ભગવાન શિવ ના બે મંદિર છે એક ઓમકારેશ્વર અને બીજું મામલેશ્વર. ઓમકારેશ્વર માં "ૐ" ના ધ્વનિ સ્વરૂપ આકાર ના દર્શન થાય છે.મામલેશ્વર સ્વરૂપે "અમર ભગવાન" ના દર્શન માતા પાર્વતી અને પુત્ર ગણેશ સાથે થાય છે. રાજા માંધાતા એ એના પુત્ર સાથે ભગવાન શિવ ને પ્રસન્ન કરવા ઉગ્ર તપશ્ચર્યા કરી હતી.રાજા માંધાતા ની ઉગ્ર તપશ્ચર્યા થી પ્રસન્ન થઈ ને ભગવાન સદાશિવ એ બે વરદાન માંગવાનું રાજા માંધાતા ને કહ્યું હતું. રાજા માંધાતા એ પહેલું વરદાન "આ સ્થાન પર ભગવાન સદાશિવ નિત્ય નિવાસ કરે અને બીજું વરદાન ઓમકર આકૃતિ ની ટેકરી માંધાતા ના નામે ઓળખાય. ભગવાન સદાશિવ એ રાજા માંધાતા ની માગણીઓ ને "તથાસ્તુ" કીધા બાદ ત્યાં શિવલિંગ રૂપે બિરાજમાન થયા.

પુરાણ અનુસાર દેવ અને દાનવો વચ્ચે ભયાનક યુદ્ધ થયું એમાં દાનવો ની તાકાત મંત્ર શક્તિ ન લીધે વધતી હતી ને દેવો ની એની સામે લડવાની તાકાત ઘટવા લગતા દેવો એ દાનવો થી બચવા ભગવાન સદાશિવ નુ શરણું લીધું. ત્યારે ભગવાન સદાશિવ દેવો સમક્ષ ઓમકારેશ્વર જ્યોતિર્લિંગના સ્વરૂપે પ્રગટ થયા ને દાનવોનો હરાવ્યા હતા."ઓમકારેશ્વર જ્યોતિર્લિંગ" ના સ્વરૂપે ભકતો ને પ્રગટ દર્શન આપે છે..

આદિ શંકરાચાર્ય ની ગુફા ઓમકારેશ્વર મંદિરની નીચે હોવાની માન્યતા છે. આદિ શંકરાચાર્ય એના ગુરુ ગોવિંદ ભાગવત પદ ને આ સ્થાને મળીયા હતા.જ્યારે પૃથ્વી પર બ્રાહ્મણ નું બ્રહ્મત્વ નિસ્તેજ થયું ને વેદ ની ઋચાઓ અને કર્મકાંડ નામશેષ થવા લાગ્યા ત્યારે ભગવાન સદાશિવ ખુદ આદિગુરુ શંકરાચાર્ય ના સ્વરૂપમાં પ્રગટ થઈને હિન્દુ સંસ્કૃતિના પાયા મજબૂત કર્યા હતા.ધર્મ જીવશે તો જ સંસ્કૃતિ ટકશે અને સંસ્કૃતિ ટકશે તો જ પ્રજા નું અસ્તિત્વ સચવાશે. આમ સમજાવી ને પ્રજાને ધર્મના માર્ગ તરફ દોરી હતી.

ઓમકાર = ઓમ એટલે ધ્વનિ અને અકાર એટલે સૃષ્ટિ આમ જોઈએ તો બન્નેનો અર્થ એક જ થાય છે. ઓમકારેશ્વર જ્યોતિર્લિંગ માં ૐ અર્થ "સૃષ્ટી નો સર્જક" અને ભૂમિ નું આરંભ અને અંત એટલે સ્વયં ભગવાન શિવનું અસ્તિત્વ.

..ક્રમશ.

# અંકિતા લોખંડે સહિત 26 સેલેબ્સ છેતરપિંડીનો ભોગ બન્યાં : મુંબઈ પોલીસે ફરિયાદ નોંધાવી...



તાજેતરમાં એક સેલિબ્રિટી મેનેજિંગ કંપનીએ એક એનર્જી ડ્રિંક કંપની વિરુદ્ધ અંકિતા લોખંડે, આયુષ શર્મા, તેજસ્વી પ્રકાશ, કરણ કુન્દ્રા, જય ભાનુશાલી સહિત 25 સેલિબ્રિટીઓ સાથે છેતરપિંડી કરવાનો આરોપ લગાવ્યો છે. એવા આરોપો છે કે કંપનીએ અનેક સેલિબ્રિટીઓ પાસેથી એનર્જી ડ્રિંક્સની જાહેરાત કરાવી હતી પરંતુ તેમને પૈસા ચૂકવ્યા ન હતા. કંપનીએ સેલિબ્રિટીઝના 1.5 કરોડ રૂપિયા દેવાના છે.

સેલિબ્રિટીઝ મેનેજિંગ કંપનીના રોશન ગેરીએ મુંબઈના ચેમ્બુર પોલીસ સ્ટેશનમાં 5 આરોપીઓ તનિશ છેડજા, મનુ શ્રીવાસ્તવ, ફૈઝલ રફીક, અબ્દુલ અને ઋત્વિક પંચાલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં રોશન ગેરીએ કહ્યું છે કે, તે એક જાહેરાત કંપની ચલાવે છે, જે કાર્યક્રમો અને જાહેરાતો માટે ફેમસ હસ્તીઓ સાથે સહયોગ કરે છે. જુલાઈ 2024માં તેમને એક વ્યક્તિનો ફોન આવ્યો જેણે તેમને કહ્યું કે તે એક એનર્જી ડ્રિંક બ્રાન્ડ માટે 25 સેલિબ્રિટીઓ સાથે કોલોબ્રેશન કરવા માગે છે. તેમણે આ કોન્ટ્રાક્ટ માટે 10 લાખ રૂપિયા એડવાન્સ આપવાની વાત કરી હતી. તે વ્યક્તિએ 10 લાખ રૂપિયાની રસીદ પણ મોકલી હતી, પરંતુ ફરિયાદીના ખાતામાં કોઈ ચુકવણી થઈ ન હતી.

થોડા સમય પછી, આરોપીએ ફરીથી તેનો સંપર્ક કર્યો અને કહ્યું કે- દાદરમાં પાર્ટી માટે સેલિબ્રિટીની જરૂર છે. સેલિબ્રિટીઝ મેનેજિંગ કંપની દ્વારા દાદરમાં આયોજિત પાર્ટીમાં અર્જુન બિજલાણી, અભિષેક બજાજ, હર્ષ રાજપૂત સહિત લગભગ 100 સેલિબ્રિટીઓએ હાજરી આપી હતી, જ્યાં એનર્જી ડ્રિંક્સના પ્રમોશન માટે 25 સેલિબ્રિટીઝની પસંદગી કરવામાં આવી હતી. આ માટે કુલ ચુકવણી 1 કરોડ 32 લાખ રૂપિયા નક્કી કરવામાં આવી હતી.

થોડા સમય પછી આરોપી પક્ષે 15 લાખ રૂપિયાના ચેકનો ફોટો સેલિબ્રિટી મેનેજિંગ કંપનીને મોકલ્યો અને કહ્યું કે રકમ ટૂંક સમયમાં તેમના ખાતામાં જમા કરવામાં આવશે. આ માટે કંપનીએ 35 દિવસની સમયમર્યાદા આપી હતી. આ આત્મવિશ્વાસ સાથે, બ્રાન્ડે સેલિબ્રિટીઝ સાથે એડ શૂટ કરવાનું શરૂ કર્યું અને તે એડ દ્વારા બ્રાન્ડનો પ્રચાર પણ શરૂ કર્યો.

કોલોબ્રેશન ડિલ હેઠળ, બધા સેલેબ્સે તેમના સંબંધિત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર બ્રાન્ડની જાહેરાતો પણ અપલોડ કરી.

કંપનીએ પાર્ટી માટે 2 લાખ રૂપિયા અને 90 હજાર રૂપિયાના બે ચેક આપ્યા હતા, પરંતુ જ્યારે તે બેંકમાં મોકલવામાં આવ્યા ત્યારે બંને ચેક બાઉન્સ થઈ ગયા. જ્યારે કંપનીએ બ્રાન્ડનો સંપર્ક કર્યો, ત્યારે તેને જવાબ મળ્યો કે સ્થાનિક ચલણ વિનિમય મુજબ, દુબઈથી 22.5 લાખ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે, જોકે, 2 દિવસ પછી પણ, કંપનીના ખાતામાં કોઈ પૈસા જમા થયા નથી. કંપનીએ તેજસ્વી પ્રકાશને 6.5 લાખ રૂપિયા અને અદ્રિજા રોયને 1.25 લાખ રૂપિયાના ચેક આપ્યા હતા, પરંતુ તે પણ બાઉન્સ થઈ ગયા. 18 ઓક્ટોબર, 2024ના રોજ, આરોપી કંપનીએ 35 લાખ રૂપિયા અને 45 લાખ રૂપિયાના બે ચેક આપ્યા અને કહ્યું કે પૈસા 2 દિવસમાં જમા થઈ જશે. કંપનીએ જય ભાનુશાલી, ભૂમિકા ગુરુંગ, અંકિતા લોખંડે, આયુષ શર્મા, સના સુલતાન, કુશલ ટંડન સહિત તમામ સેલેબ્સને 35 લાખ રૂપિયાનું એડવાન્સ પેમેન્ટ કરી દીધું હતું.

જોકે, બાદમાં આરોપી કંપનીના 80 લાખ રૂપિયાના ચેક પણ બાઉન્સ થઈ ગયા.








**કંપનીએ આ સેલિબ્રિટીઝ સાથે છેતરપિંડી કરી** અંકિતા લોખંડે, આયુષ શર્મા, અભિષેક બજાજ, અદ્રિજા રોય, બસીર અલી, નિયતિ ફતનાની, પાર્થ કાલનાવત, સમર્થ જુરૈલ, હેલી શાહ, કશિશ, અંકિત ગુપ્તા, મોહિત મલિક, વિજયેન્દ્ર કુમરિયા, જન્નત ઝુબૈર, તેજસ્વી પ્રકાશ, કરણ કુન્દ્રા, મિકી શર્મા, રિદ્ધિમા પંડિત, જય ભાનુશાલી, કુશલ ટંડન, વિભા આનંદ, સના સુલતાન, ભૂમિકા ગુરુંગ, ધ્વની પવાર, સના મકબૂલ સાથે છેતરપિંડી થયાનો આરોપ છે. ફરિયાદીના જણાવ્યા મુજબ, કલાકારોના ભંડોળમાંથી કુલ રૂ. 1.32 કરોડ અને રોશન ભીંડરના અંગત ભંડોળમાંથી રૂ. 16.91 લાખની છેતરપિંડી કરવામાં આવી હતી. તેણે ફરિયાદ બાદ, મધ્યપ્રદેશના રહેવાસી સહિત પાંચ વ્યક્તિઓ સામે કેસ નોંધવામાં આવ્યો છે અને મુંબઈ પોલીસ હાલમાં આ કેસની તપાસ કરી રહી છે.

# એક્ટિંગની પીચ પર ઓસ્ટ્રેલિયન ક્રિકેટરની બેટિંગ...!

## 'રોબિન હૂડ'માં ડેવિડ વોર્નરનો કીમિયો! ફર્સ્ટ લુક રીવીલ, ફિલ્મ 28 માર્ચે રિલીઝ થશે...




(એજન્સી) મુંબઈ | તા.16

ઓસ્ટ્રેલિયાના પૂર્વ બેટ્સમેન ડેવિડ વોર્નર ક્રિકેટ બાદ હવે ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જોવા મળશે. વોર્નર સાઉથ ફિલ્મ-ડિરેક્ટર વેન્કી કુદુમુલાની આગામી એક્શન-ડ્રામા ફિલ્મ 'રોબિન હૂડ'થી પોતાની કારકિર્દીની શરૂઆત કરી રહ્યો છે. વોર્નરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ શેર કરી, જેમાં તેણે કહ્યું હતું કે તે ફિલ્મમાં કામ કરવા માટે ખૂબ જ ઉત્સાહિત છે.

સાઉથનો 'રોબિન હૂડ' બનશે ડેવિડ વોર્નર! ડિરેક્ટર વેન્કી કુદુમુલાની આગામી તેલુગુ એક્શન ફિલ્મ 'રોબિનહૂડ'નું નિર્માણ 'પુષ્પા 2' મેકર્સ માયથ્રી મૂવી દ્વારા કરવામાં આવી રહ્યું છે. શનિવારે પ્રોડક્શન હાઉસે ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ડેવિડ વોર્નરનું ભારતીય સિનેમામાં સત્તાવાર રીતે સ્વાગત કર્યું.

પ્રોડક્શન હાઉસે પોસ્ટર શેર કર્યું પ્રોડક્શન હાઉસે તેના x હેન્ડલ પર વોર્નરનું પોસ્ટર શેર કર્યું અને લખ્યું કે, ક્રિકેટના મેદાન પર ચમક્યા અને છાપ છોડ્યા બાદ હવે ડેવિડ વોર્નરને સિલ્વર પડદે લાવવાનો સમય આવી ગયો છે. અમે ડેવિડ વોર્નરને એક એક્સાઈટેડ કેમિયાના રૂપમાં રજૂ કરવા જઈ રહ્યા છીએ.

'રોબિન હૂડ' 28 માર્ચે સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફિલ્મ અંગે ડેવિડ વોર્નરે કહ્યું કે, તેમને આ ફિલ્મના શૂટિંગમાં ખૂબ મજા આવી. હું ભારતીય સિનેમામાં આવી રહ્યો છું. હું આ ફિલ્મને લઈને ખૂબ જ ઉત્સાહિત છું.

# સાઉથ સુપરસ્ટારો વચ્ચે ભાષા વિવાદ ઉગ્ર બન્યો

(એજન્સી) મુંબઈ | તા.16

સાઉથ સુપરસ્ટાર અને આંધ્રપ્રદેશના ડેપ્યુટી સીએમ પવન કલ્યાણે તાજેતરના ભાષણમાં હિન્દી ભાષાનો વિરોધ કરી રહેલા નેતાઓની ટીકા કરી છે. તેણે કહ્યું કે તમિલનાડુના લોકો હિન્દીનો વિરોધ કરે છે જ્યારે તેઓ અહીં હિન્દીમાં ફિલ્મો ડબ કરીને બોલિવૂડમાંથી પૈસા કમાય છે. તેમનું નિવેદન સાઉથમાં હિન્દી ભાષા વિરુદ્ધના વિરોધ અંગે આવ્યું છે. જોકે, આ વાત પ્રકાશમાં આવતાની સાથે જ પ્રકાશ રાજે તેમના પર હિન્દી ભાષા લાદવાનો આરોપ લગાવ્યો. હવે ભાષાની આ લડાઈમાં પવન કલ્યાણે પણ પ્રકાશ રાજને યોગ્ય જવાબ આપ્યો છે.

પ્રકાશ રાજે સાઉથ ભારતીય ભાષાને ટેકો આપતા લખ્યું, તમારી હિન્દી ભાષા અમારા પર લાદશો નહીં, જેનો અર્થ છે કે અન્ય કોઈપણ ભાષાને નફરત કર્યા વિના તમારી માતૃભાષા અને તમારી માતાનું ગર્વથી રક્ષણ કરવું. કોઈ કૃપા કરીને પવન કલ્યાણને આ જણાવો.

આના જવાબમાં પવન કલ્યાણે ગુસ્સામાં લખ્યું, કોઈ ભાષા પર બળજબરીથી લાદવી અથવા કોઈ ભાષાનો આંધળો વિરોધ કરવો, આ બંને વૃત્તિઓ આપણા દેશ ભારતની રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક એકતાના મૂળભૂત ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવામાં મદદરૂપ નથી. મેં ક્યારેય હિન્દી ભાષાનો વિરોધ કર્યો નથી. મેં ફક્ત તેને દરેક માટે ફરજિયાત બનાવવાનો વિરોધ કર્યો હતો.

# એ.આર. રહેમાનને હોસ્પિટલમાંથી રજા અપાઈ...

## છાતીમાં દુખાવાના કારણે દાખલ કરાયો હતો, હેલ્થ એડવાઈઝરીમાં ડિહાઈડ્રેશન હોવાનું કારણ સામે આવ્યું



નવી દિલ્હી | ઓસ્કર એવોર્ડ વિજેતા સંગીતકાર અને ગાયક એ.આર. રહેમાનની તબિયત રવિવારે સવારે અચાનક બગડી હતી. છાતીમાં દુખાવો થતાં તેમને ચેન્નાઈની એપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમની તબિયતમાં સુધારો થયા બાદ તેમને રજા આપવામાં આવી છે.

58 વર્ષીય સંગીતકારને આજે સવારે 7.30 વાગ્યે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમનો ઈસીજી પણ કરાવવામાં આવ્યો હતો. ઈમરજન્સી વોર્ડમાં દાખલ એ.આર. રહેમાન સતત નિષ્ણાત ડોકટરોની ટીમની દેખરેખ હેઠળ હતા. ચેન્નાઈની એપોલો હોસ્પિટલે એક આરોગ્ય સલાહકાર જારી કર્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે ગાયકને ડિહાઈડ્રેશનના લક્ષણો હતા. આરોગ્ય તપાસ બાદ તેમને રજા આપવામાં આવી છે.

સાયરા બાનોની સર્જરી થઈ હતી સાયરા રહેમાને પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે એ.આર. રહેમાન અને અન્ય લોકોનો તેમના સમર્થન બદલ આભાર માન્યો. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે 'થોડા દિવસો પહેલાં સાયરા રહેમાનને મેડિકલ ઈમર્જન્સીના કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં અને તેમની સર્જરી કરવામાં આવી હતી. આ પડકારજનક સમયમાં તેમનું એકમાત્ર ધ્યાન જલદી સ્વસ્થ થવા પર છે. તે પોતાની આસપાસના લોકોની ચિંતા અને સમર્થનની કદર કરે છે અને ઘણા શુભેચ્છકો અને સમર્થકોને તેમના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરવા વિનંતી કરે છે.'

રહેમાન અને તેની પત્ની અલગ થઈ ગયાં એ.આર. રહેમાન અને સાયરા બાનોનાં લગ્ન 1995માં થયાં હતાં. તેમને ત્રણ બાળકો છે, બે પુત્રીઓ- ખાતીજા અને રહીમા અને એક પુત્ર, જેનું નામ અમીન રહેમાન છે, જોકે આ દંપતીએ નવેમ્બર 2024માં એક સંયુક્ત નિવેદન દ્વારા તેમના અલગ થવાની જાહેરાત કરી.

થોડા સમય પહેલાં પૂર્વ પત્નીને દાખલ કરાઈ હતી તાજેતરમાં એ.આર. રહેમાનની પૂર્વ પત્ની સાયરા બાનુને પણ મેડિકલ ઈમર્જન્સીને કારણે ચેન્નઈની અપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં તેની તાત્કાલિક સર્જરી કરવામાં આવી હતી.

બે ઓસ્કર જીતનાર એકમાત્ર ભારતીય એ.આર. રહેમાનને ફિલ્મ સ્લમડોગ મિલિયોનેરના ગીત "જય હો" માટે બે ઓસ્કર મળ્યા હતા. તેઓ બે ઓસ્કર જીતનારા પ્રથમ અને એકમાત્ર ભારતીય છે. રહેમાને 2 ગ્રેમી એવોર્ડ પણ જીત્યા છે.

# 'આશ્રમ'ની પમ્મી 'દંગલ' માટે રિજેક્ટ થઈ હતી...

(એજન્સી) મુંબઈ | તા.16



એક્ટ્રેસ અદિતિ પોહણકરે અગાઉ આમિર ખાનની ફિલ્મ 'દંગલ' માટે ઓડિશન આપ્યું હતું, પરંતુ આ ફિલ્મ માટે તેને રિજેક્ટ કરવામાં આવી હતી. તાજેતરમાં, એક્ટ્રેસે એક ઈન્ટરવ્યૂ દરમિયાન ખુલાસો કર્યો હતો કે 'દંગલ' માટે તેણે કરેલી તૈયારીઓ વેબ સિરીઝ 'આશ્રમ' દરમિયાન કામ આવી હતી. 'દંગલ' મહાવીર સિંહ ફોગટ અને તેમની પુત્રીઓ ગીતા ફોગટ અને બબીતા ફોગટની સ્ટોરી પર આધારિત હતી. આ ફિલ્મ માટે ઓડિશન આપતા પહેલા આદિતિ પોહનકર કુસ્તી શીખી રહી હતી. હરિયાણવી બોલીની સાથે, તે કુસ્તીના બધા જ યુક્તિઓ અજમાવી રહી હતી પરંતુ તે આ ફિલ્મમાં કામ કરવાનું ચૂકી ગઈ. અદિતિ પોહનકરે કહ્યું- ભલે મને 'દંગલ' માટે રિજેક્ટ કરવામાં આવી હતી, પણ તે સમયે મેં બધું શીખી લીધું. આશ્રમમાં એ ઉપયોગી હતું. ફરીથી, આ સિરીઝમાં પમ્મી પહેલવાનની ભૂમિકા માટે મને વધુ મહેનત કરવી પડી નથી. જ્યારે પણ કોઈ કંઈક શીખે છે, ત્યારે તે ભવિષ્યમાં ક્યાંક ઉપયોગી બને છે. અદિતિ પોહનકરે 2010માં રિલીઝ થયેલી ફિલ્મ 'લવ સેક્સ ઔર ધોખા' થી પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી, પરંતુ તેને ખરી ઓળખ વેબ સિરીઝ 'આશ્રમ' થી મળી. આ સિરીઝનો ત્રીજો ભાગ પણ OTT પ્લેટફોર્મ પર સ્ટ્રીમ કરવામાં આવ્યો છે.



# 'રક્ષિતકાંડ' મામલે જાહન્વી કપૂર ભડકી

## એક્ટ્રેસે કહ્યું- ખૂબ જ ગુસ્સો આવે છે, આરોપીને કડક સજા થવી જોઈએ...

(એજન્સી) મુંબઈ | તા.16

વડોદરામાં હોળીના દિવસે રાત્રે એક દુ:ખદ ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી નાખ્યો છે. કારેલીબાગ વિસ્તારમાં 120ની ઝડપે કાર દોડાવી એક યુવકે 8 લોકોને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં એક મહિલાનું મોત થયું હતું. જ્યારે, અન્ય ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. અકસ્માત સર્જનાર રક્ષિત ચૌરસિયા નામના યુવકને લોકોએ પકડી ધોલાઈ કરી હતી.

પોલીસે શુક્રવાર અને શનિવાર એમ બે દિવસ ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કર્યું હતું.

જાહન્વી કપૂરને આરોપી રક્ષિત પર આવ્યો ગુસ્સો આ ઘટના પર એક્ટ્રેસ જાહન્વી કપૂર આરોપી પર ભડકી છે. એક્ટ્રેસે પોતાની ઈન્સ્ટા સ્ટોરી પર પોસ્ટ શેર કરતાં આરોપી વિરૂદ્ધ કડક પગલાં લેવાની માગ કરી. જાહ્નવી કપૂરે પોસ્ટ કરી કે, આ ખૂબ જ ચોંકાવનારી અને ગુસ્સો અપાવી દે એવી ઘટના છે. તેના વિશે વિચારીને જ ખરાબ લાગે છે કે કોઈ આ પ્રકારનું કૃત્ય કેવી રીતે કરી શકે? નશામાં હતો કે નહીં તેનાથી કોઈ ફરક નથી પડતો.

**શું છે સમગ્ર મામલો?** વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલ મુક્તાનંદ સર્કલ પાસે 13 માર્ચ, 2025 રાત્રે નશામાં ચૂર કારચાલકે 8 લોકોને અડફેટે લઈને ફૂટબોલની જેમ ફંગોળ્યા હતા. જેમાં ઘટના સ્થળે જ હેમાલી પટેલ નામની મહિલાનું મોત થયું હતું. આ ઘટનાને પગલે પોલીસે આરોપી કારચાલક રક્ષિત ચોરસિયા અને તેની બાજુમાં બેઠેલા યુવક (પ્રાંશુ)ની ધરપકડ કરી કરી છે. આ બન્ને યુવકે ડ્રગ્સ લીધું હોવાનો પણ ખુલાસો થયો હતો.

સવારના 10.30 સુધી ઊંઘતો રહ્યો કારચાલક બંને આરોપીઓ આખી રાત લોકઅપમાં રહ્યા હતા અને આરોપી પ્રાંશુને પોલીસ સવારે મેડિકલ માટે લઈ ગઈ હતી અને આરોપી રક્ષિત સવારે 10:30 વાગ્યા સુધી ઊંઘતો રહ્યો હતો.

# 'ખિસ્સામાં દીકરી માટે દૂધ લેવાનાં રૂપિયા પણ નહોતા'

## આદિ ઈરાનીએ યાદ કર્યા સંઘર્ષના દિવસો, કહ્યું- 'બાઝીગર' પછી પણ સફળતા ની ન મળી...

(એજન્સી) મુંબઈ | તા.16

આદિ ઈરાનીએ તાજેતરમાં જ પોતાની કારકિર્દીના તે તબક્કા વિશે વાત કરી જ્યારે તેને ઘણો સંઘર્ષ કરવો પડ્યો હતો. તેણે જણાવ્યું કે 'બાઝીગર' અને 'અનારી' ફિલ્મો પછી તેમની પાસે તેમની દીકરી માટે દૂધ ખરીદવાના પણ પૈસા નહોતા.



આદિ ઈરાનીને ઘણો સંઘર્ષ કરવો પડ્યો આદિ ઈરાનીએ ફિલ્મી મંત્ર મીડિયાને જણાવ્યું કે 1993માં રિલીઝ થયેલી ફિલ્મ 'અનારી' અને તે જ વર્ષે રિલીઝ થયેલી ફિલ્મ 'બાઝીગર' પછી તેમને ઘણો સંઘર્ષ કરવો પડ્યો હતો. એક્ટરે કહ્યું- મારી પહેલી દીકરીનો જન્મ 1995માં થયો હતો અને તે સમયે દૂધનો ભાવ પાંચ રૂપિયા હતો. ક્યારેક મારી પાસે પાંચ રૂપિયા પણ નહોતા. હું રોજ શહેરમાં નોકરી શોધવા જતો હતો. હું લોકોને મળતો હતો જેથી મને કોઈ ફિલ્મમાં ભૂમિકા મળી શકે. તે સમયે મારે મારા મિત્રનું સ્કૂટર ઉધાર લેવું પડ્યું.

આદિ ઈરાની બસમાં મુસાફરી કરતો હતો પોતાના સંઘર્ષ વિશે વાત કરતાં આદિ ઈરાનીએ કહ્યું, 'જ્યારે હું પેટ્રોલ ખરીદી શકતો ન હતો, ત્યારે હું મારા ઘરથી બસ સ્ટોપ સુધી ચાલીને જતો હતો. લોકો મને પૂછતા, 'તું બસ સ્ટોપ પર શું કરી રહ્યો છે?' અને હું જૂઠું બોલતો હતો કે હું ફક્ત મારા મિત્રની રાહ જોઈ રહ્યો છું. લોકો મને કહેતા, 'તારે બસમાં મુસાફરી કરવાની શી જરૂર છે?' આ વાતચીત દરમિયાન તેણે કહ્યું કે તેના ઘરે કોઈ ફોન નથી. એક્ટરે કહ્યું- હું મારા પર આવતા દરેક કોલ માટે પીસીઓ મેનને 1 રૂપિયો અને કોલ બેક માટે 1 રૂપિયો એડવાન્સ આપતો હતો. 'બહેને મદદ માટે હાથ લંબાવ્યો તો પણ મેં ઈનકાર કરી દીધો' આ દરમિયાન આદિ ઈરાનીને એક પ્રશ્ન પૂછવામાં આવ્યો કે શું તેમની બહેન અને એક્ટ્રેસ અરુણા ઈરાનીને તેમની પરિસ્થિતિ વિશે ખબર હતી? આ પ્રશ્નનો જવાબ આપતાં એક્ટરે કહ્યું, મારી બહેનને મારી પરિસ્થિતિ વિશે ખબર હતી. તેણે મને ઘણી વાર મદદ કરવા કહ્યું પણ મેં ના પાડી. હું તેનો ભાઈ છું, પણ એનો અર્થ એ નથી કે તે આખી જિંદગી મારી સંભાળ રાખશે. 'બાઝીગર' ફિલ્મ પછી સંઘર્ષમાંથી પસાર થયો ફિલ્મ 'બાઝીગર' 1993માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મે 4 કરોડના બજેટમાં 32 કરોડની કમાણી કરી. આ ફિલ્મમાં શાહરુખ ખાન, કાજોલ અને શિલ્પા શેટ્ટી સહિત ઘણા કલાકારો જોવા મળ્યાં હતાં. ફિલ્મના ઘણા સ્ટાર કાસ્ટ હિન્દી ફિલ્મ ઈન્ડીસ્ટ્રીના મેગાસ્ટાર બન્યા. તે જ સમયે, ફિલ્મમાં વિકી મલ્હોત્રાની ભૂમિકા ભજવનાર આદિ ઈરાનીને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો.

### DCને 8 રને હરાવ્યું, દિલ્હી કેપિટલ્સ સતત ત્રીજી ફાઈનલમાં હાર્યું

# WPLમાં મુંબઈ ઈન્ડિયન્સ બીજી વખત ચેમ્પિયન



(એજન્સી) નવી દિલ્હી તા 16

મુંબઈ ઈન્ડિયન્સે પહેલી સીઝનની ફાઈનલમાં પણ દિલ્હી કેપિટલ્સ સામે પણ જીત મેળવી હતી. મુંબઈ ઈન્ડિયન્સે 3 વર્ષમાં બીજી વખત વુમન્સ પ્રીમિયર લીગ (WPL)નો ખિતાબ જીત્યો છે. શનિવારે રમાયેલી ફાઈનલમાં ટીમે દિલ્હી કેપિટલ્સને 8 રને હરાવ્યું. દિલ્હી સતત ત્રીજી વખત રનર-અપ રહ્યું. બ્રેબોર્ન સ્ટેડિયમ ખાતે મુંબઈએ 7 વિકેટ ગુમાવીને 149 રન બનાવ્યા. દિલ્હીની ટીમ ફક્ત 141 રન જ બનાવી શકી. મુંબઈની કેપ્ટન હરમનપ્રીત કૌરે એક મહત્વપૂર્ણ ક્ષણે ફિફ્ટી ફટકારી. તેણે નતાલી સાયવર બ્રન્ટ સાથે 89 રનની મહત્વપૂર્ણ ભાગીદારી પણ કરી. સેવર બ્રન્ટે બોલિંગમાં 3 વિકેટ લીધી અને પોતાની ટીમને કમબેક કરાવ્યું. અપાવી.

**પાવરપ્લેમાં મુંબઈએ 2 વિકેટ ગુમાવી દીધી :** ટોસ હારીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી મુંબઈ ઈન્ડિયન્સની શરૂઆત ખરાબ રહી. ટીમે 14 રનના સ્કોરે 2 વિકેટ ગુમાવી દીધી. અહીંથી, કેપ્ટન હરમનપ્રીત કૌર અને નતાલી સિવર બ્રન્ટે ઈનિંગ્સ સંભાળી. જોકે, બંનેએ ખૂબ જ ધીમી બેટિંગ કરી. આઠમી ઓવર પછી, હરમનપ્રીતે શોટ રમવાનું શરૂ કર્યું, તેણે 15મી ઓવરમાં ટીમનો સ્કોર 100 ને પાર પહોંચાડ્યો. આ જ ઓવરમાં નતાલી 30 રન બનાવીને આઉટ થઈ ગઈ. તેણે હરમનપ્રીત સાથે 89 રનની ભાગીદારી કરી.

**હરમનની અડધી સદી, ટીમે સન્માનજનક સ્કોર બનાવ્યો :** હરમન એક છેડે રહી, તેની સામે અમેલિયા કેરે 2 રન બનાવ્યા અને સજીવન સજના ખાતું ખોલાવ્યા વિના આઉટ થઈ ગઈ. હરમન પણ 66 રન બનાવીને આઉટ થયો હતો. અંતે, જી. કમલિની એ 10, અમનજોત કૌરે 14 અને સંસ્કૃતિ ગુપ્તાએ 8 રન બનાવીને ટીમનો સ્કોર 149 સુધી પહોંચાડ્યો. દિલ્હીએ 7 વિકેટ લીધી. ટીમ તરફથી મેરિઝેન કાપ, જેસ જોનાસેન અને ચારાનીએ 2-2 વિકેટ લીધી. એનાબેલ સધરલેન્ડે 1 વિકેટ લીધી. શિખા પાંડે અને મિન્નુ મણિને કોઈ વિકેટ મળી ન હતી.

**દિલ્હીની શરૂઆત પણ ખરાબ રહી હતી :** 150 રનના ટાર્ગેટને ચેઝ કરતી વખતે દિલ્હી કેપિટલ્સની શરૂઆત પણ ખરાબ રહી હતી. ટીમે 17 રનમાં 2 વિકેટ ગુમાવી દીધી. ટીમે 66 રનમાં 5 વિકેટ ગુમાવી દીધી હતી. કેપ્ટન મેગ લેનિંગ 13 રન, શેફાલી વર્મા 4, જેસ જોનાસેન 13 અને એનાબેલ સધરલેન્ડ 2 રન બનાવીને આઉટ થઈ ગઈ. બ્રેબોર્ન સ્ટેડિયમ ખાતે મુંબઈએ 7 વિકેટ ગુમાવીને 149 રન બનાવ્યા. દિલ્હીની ટીમ ફક્ત 141 રન જ બનાવી શકી.

## કેપ, જેમિમાએ લડાઈ બતાવી

જેમિમાહ રોડ્રિગ્ઝે લડાઈ બતાવી અને ટીમને જીત તરફ દોરી જવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે 30 રન બનાવીને આઉટ થઈ ગઈ. તેનાપછી સારાહ બ્રાયસ 5 રને, મિન્નુ મણિ 4 રને અને શિખા પાંડે ખાતું ખોલાવ્યા વિના આઉટ થઈ ગઈ હતી. મેરિઝેન કાપે 5 ચોગ્ગા અને 2 છગ્ગા ફટકાર્યા, પરંતુ તે પણ 40 રન બનાવીને પેવેલિયન પરત ફરી.

**નિક્કી પ્રસાદે આખરે ટીમને જીત અપાવવાનો પ્રયાસ કર્યો**

પરંતુ તેના પ્રયાસો નિષ્ફળ ગયા. ટીમ 9 વિકેટ ગુમાવ્યા બાદ માત્ર 141 રન જ બનાવી શકી. મુંબઈ તરફથી નતાલી સિવર-બ્રન્ટે 3 અને અમેલિયા કેરે 2 વિકેટ લીધી. શબનીમ ઈસ્માઈલ, હેલી મેથ્યુસ અને સાયકા ઈશાકે 1-1 વિકેટ લીધી.

## પાકિસ્તાન સુપર લીગ કરતા ઘણી વધારે છે ભારતની મહિલા પ્રીમિયર લીગની પ્રાઈઝ મની

(એજન્સી) નવી દિલ્હી તા 16

મહિલા પ્રીમિયર લીગ 2025ની ફાઈનલમાં મુંબઈ ઈન્ડિયન્સનો મુકાબલો દિલ્હી કેપિટલ્સ સામે થશે. આ ફાઈનલ જીતનાર ટીમને કરોડો રૂપિયાની ઈનામી રકમ આપવામાં આવશે. આ લીગની ઈનામી રકમ પાકિસ્તાન સુપર લીગ કરતા પણ વધુ છે. પાકિસ્તાન સુપર લીગ કરતા ઘણી વધારે છે ભારતની મહિલા પ્રીમિયર લીગની પ્રાઈઝ મની, જાણો ચેમ્પિયનને કેટલા કરોડ મળશે? મહિલા પ્રીમિયર લીગ 2025ની ફાઈનલ મેચ દિલ્હી કેપિટલ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે રમાશે. બંને ટીમો મુંબઈના બ્રેબોર્ન સ્ટેડિયમમાં એકબીજા સામે ટકરાશે. દિલ્હી કેપિટલ્સ સતત ત્રીજી વખત ફાઈનલ મેચ રમશે. પરંતુ અગાઉના બંને પ્રસંગોએ તેમને હારનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે, મુંબઈની ટીમ બીજી વખત ફાઈનલમાં પહોંચી છે. આ પહેલા તેણે પહેલી સિઝનમાં જ ટાઈટલ જીત્યું હતું. ફાઈનલ મેચ જીતનાર ટીમને કરોડો રૂપિયાની ઈનામી રકમ મળશે, જે પાકિસ્તાન સુપર લીગ કરતા ઘણી વધારે છે. IPLની જેમ મહિલા ખેલાડીઓને ઓરેન્જ કેપ અને પર્પલ કેપ આપવામાં આવે છે. સૌથી વધુ રન બનાવનાર ખેલાડીને ઓરેન્જ કેપ આપવામાં આવે છે

### WPL 2024-25માં 6 કરોડ ઈનામી રકમ

BCCIએ મહિલા પ્રીમિયર લીગ 2025 માટે ઈનામી રકમની જાહેરાત કરી નથી. આવી સ્થિતિમાં એવું માનવામાં આવે છે કે આ વખતે પણ ઈનામની રકમ ગઈ સિઝનની જેમ જ આપવામાં આવશે. 2024 સિઝનમાં સ્મૃતિ મંધાનાની આગેવાની હેઠળ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ટાઈટલ જીત્યું. ત્યારે RCBને 6 કરોડ રૂપિયાની ઈનામી રકમ આપવામાં આવી હતી. જ્યારે રનરઅપ દિલ્હી કેપિટલ્સને 3 કરોડ રૂપિયા મળ્યા હતા. જે પાકિસ્તાન સુપર લીગ કરતા ઘણી વધારે છે.

### PSL 2024માં વિજેતા ટીમને 4.13 કરોડ મળ્યા

પાકિસ્તાન સુપર લીગની શરૂઆત 2016માં થઈ હતી. PSL 2024માં વિજેતા ટીમ ઈસ્લામાબાદ યુનાઈટેડને 4.13 કરોડ રૂપિયા મળ્યા હતા, જ્યારે રનર-અપ મુલતાન સુલ્તાન્સને 1.65 કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા. આનો અર્થ એ થયો કે પાકિસ્તાન સુપર લીગ ઈનામી રકમની બાબતમાં મહિલા પ્રીમિયર લીગ કરતાં ઘણી પાછળ છે. જ્યારે પાકિસ્તાન સુપર લીગ IPLની ઈનામી રકમની નજીક પણ નથી. IPLમાં વિજેતા ટીમને 20 કરોડ રૂપિયા આપવામાં આવે છે.

## આ યુવા સ્ટાર ઓલરાઉન્ડર આઈપીએલ 2025 માટે ફિટ જાહેર

(એજન્સી) નવી દિલ્હી તા 16



IPL 2025 પહેલા ટીમ ઈન્ડિયાના એક ખેલાડીએ ફિટનેસ ટેસ્ટ પાસ કર્યો છે. ફિઝિયોએ આ ખેલાડીને IPLમાં રમવાની પરવાનગી આપી છે. આ ખેલાડી વર્ષની શરૂઆતમાં ઈંગ્લેન્ડ સામેની T20 શ્રેણી દરમિયાન ઘાયલ થયો હતો. આ યુવા સ્ટારે ઈજા બાદ યો-યો ટેસ્ટમાં ગજબ સ્કોર મેળવી હંગામો મચાવી દીધો છે. IPL 2025 માટે બધી ટીમોની તૈયારીઓ તેજ થઈ ગઈ છે. ઈજાગ્રસ્ત ખેલાડીઓ સિવાય, લગભગ દરેક ખેલાડી 18મી સિઝન માટે પોતાની ટીમમાં જોડાયો છે. આ દરમિયાન ટીમ ઈન્ડિયાના ખેલાડીની ફિટનેસ અંગે એક મોટું અપડેટ આવ્યું છે. આ ખેલાડી છેલ્લા કેટલાક સમયથી સાઈડ સ્ટ્રેનની સમસ્યાથી પીડાઈ રહ્યો હતો. પરંતુ હવે તે ફિટ થઈ ગયો છે અને ટૂંક સમયમાં IPL માટે તેની ટીમમાં જોડાશે. ભારતીય ઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડી સાઈડ સ્ટ્રેનની સમસ્યામાંથી સ્વસ્થ થયા બાદ ઈન્ડિયન પ્રીમિયર સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે યો-યો ટેસ્ટ સહિત તમામ ફિટનેસ ટેસ્ટ પાસ કર્યા છે.

## ભારત અને ઈંગ્લેન્ડ ટેસ્ટ સિરીઝમાં રોહિત કેપ્ટન રહેશે

(એજન્સી) નવી દિલ્હી તા 16

ભારતીય કેપ્ટન રોહિત શર્મા આ વર્ષે જૂનમાં યોજાનારી પાંચ મેચની ભારત-ઈંગ્લેન્ડ ટેસ્ટ સિરીઝમાં કેપ્ટનશીપ કરશે. હકીકતમાં, ગયા વર્ષે, તેની કેપ્ટનશીપ હેઠળ, ભારતને ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટમાં હારનો સામનો કરવો પડ્યો હતો. સિડની ટેસ્ટમાં તે જાતે જ ડ્રોપ થયો હતો. જે બાદ ટેસ્ટ ફોર્મેટમાં તેની નેતૃત્વની ભૂમિકા પર પ્રશ્નો ઉભા થઈ રહ્યા હતા. 9 માર્ચે ચેમ્પિયન્સ ટ્રોફી જીત્યા બાદ BCCIએ તેને ટેકો આપ્યો છે. કેપ્ટન તરીકે, રોહિતે 9 મહિનામાં ભારતને બે ICC ટાઈટલ અપાવ્યા. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, રોહિત શર્મા ઈંગ્લેન્ડમાં યોજાનારી ટેસ્ટ સિરીઝમાં ટીમનું નેતૃત્વ કરશે. ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ સિરીઝમાં રોહિત શર્મા ખરાબ ફોર્મમાં જોવા મળ્યો હતો. જે બાદ BCCIએ રોહિતના સ્થાને ખેલાડી શોધવાનું શરૂ કર્યું. પહેલી ટેસ્ટમાં જસપ્રીત બુમરાહે પોતાની કેપ્ટનશીપથી ટીમને જીત અપાવી હતી. પરંતુ સતત ઈજાઓને કારણે તેને ફૂલ-ટાઈમ કેપ્ટન બનાવી શકાય નહીં. ટીમ શુભમન ગિલને ભાવિ કેપ્ટન બનાવવાનું વિચારી રહી છે પરંતુ તેની પાસે હજુ પણ અનુભવનો અભાવ છે. આવી સ્થિતિમાં, બોર્ડને ટેસ્ટમાં કેપ્ટનશીપ માટે કોઈ સંપૂર્ણ વિકલ્પ મળ્યો નહીં. રોહિત શર્મા વન-ડે અને ટેસ્ટ બંને રમવા માંગે બાદ રોહિતે કહ્યું, હું વન-ડેમાંથી નિવૃત્તિ લેવા માંગતો નથી. અને હું જૂનમાં શરૂ થનારી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2027 સાથે ટેસ્ટ ક્રિકેટનો પણ ભાગ બનવા માંગુ છું.



## મેસ્સીના બેન્ચ ગોલની મદદથી ઈન્ટર મિયામીએ કેવેલિયરને 2-0થી પરાસ્ત કર્યું

(એજન્સી) પેરિસ તા 16

લિયોનેલ મેસ્સીએ બેન્ચ પરથી ઊતરીને ગોલ કર્યો હતો જેને પગલે ઈન્ટર મિયામીએ જમૈકાના કૈવેલિયરને 2-0થી પરાસ્ત કરીને કોનકાકૈફ ચેમ્પિયન કપની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો તથા કુલ સ્કોરમાં 4-0નો વિજય હાંસલ કર્યો હતો. મેસ્સી કે જેને કૈવેલિયર વિરુદ્ધના પ્રથમ તબક્કા સહિત મિયામીની પાછલી ત્રણેય મેચોમાં આરામ આપવામાં આવ્યો હતો તેણે બેન્ચ પરથી ઊતરીને રમવાનું શરૂ કરી દીધું હતું. જો કે 53મી મીનિટે નેશનલ સ્ટેડિયમમાં દર્શકોની ખુશી માટે મેદાનમાં ઊતર્યા હતાં. આર્જેન્ટિનાના આ ખેલાડીએ ખેલની આખરી કીકમાં મિયામી માટે બીજો ગોલ કર્યો હતો કે જ્યારે તેણે કિશોર સૈટિયાગો મોરાલેસના એક બહેતરીન થ્રૂ બોલને આગળ ધપાવ્યો હતો અને એક જ પ્રયાસમાં તેને વિન્કો બાર્કલેટ પાસે પહોંચાડી દીધો હતો. ઘરેલું ટીમને અસાધારણ વિજય મેળવવાની અપેક્ષા પહેલેથી જ તૂટી ચૂકી હતી.

## ઈન્ડિયન વેલ્સઃ મીરાએ ઈગા સ્વિયાતેકને હરાવી, ફાઈનલમાં સબાલેન્કા સામે રમશે


(એજન્સી) લંડન તા 16

સબાલેન્કાનો મુકાબલો રશિયાની એન્દ્રીવા સામે રશિયાની સગીર ખેલાડી મીરા એન્દ્રીવાએ ગત ચેમ્પિયન ઈગા સ્વિયાતેકની ત્રીજીવાર ઈન્ડિયન વેલ્સ ટેનિસ ટાઈટલ જીતવાનું સ્વપ્ન રોળી નાખતા તેને સેમિફાઈનલ મેચમાં 7-6 (1), 1-6, 6-3થી પરાજય આપીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.17 વર્ષીય મીરાએ સ્વિયાતેકની ઈન્ડિયન વેલ્સમાં સતત 10 મેચ જીતવાની લયને તોડી નાખી હતી અને સાથે જ ઈગા સામે ત્રણ સપ્તાહમાં બીજીવાર જીત મેળવી હતી. રવિવારે ટૂર્નામેન્ટની ફાઈનલ મેચમાં મીરા ટૂર્નામેન્ટની અત્યારસુધીની સૌથી યુવા ફાઈનલિસ્ટ ખેલાડી તરીકે મેદાનમાં ઉતરશે. આ પહેલા આ ટૂર્નામેન્ટમાં સૌથી યુવા ખેલાડી કિમ ક્લાઈસ્ટર્સ હતી. સ્વિયાતેકએ મેચનો પ્રારંભ એકદમ મજબૂત રીતે કર્યો હતો અને પહેલો સેટ ટાઈબ્રેકરમાં પહોંચાડયો હતો જ્યારે બીજા સેટમાં જીત મેળવી હતી.

## T20 માંથી નિવૃત્તિ બાદ ફરી વાપસી કરવા માટે તૈયાર વિરાટ કોહલી

(એજન્સી) નવી દિલ્હી તા 16

વિરાટ કોહલીએ T20 વર્લ્ડ કપ 2024નો ખિતાબ જીત્યા બાદ T20 ફોર્મેટને અલવિદા કહી દીધું હતું. પરંતુ હવે તેણે ફરીથી T20 ઈન્ટરનેશનલ રમવાની ઈચ્છા વ્યક્ત કરી છે. જોકે, તેણે આ માટે એક શરત મૂકી છે. 2024ના T20 વર્લ્ડ કપનો ખિતાબ જીત્યા બાદ વિરાટ કોહલીએ આ ફોર્મેટમાંથી નિવૃત્તિ લીધી હતી. યુવા પેઢીને તક આપવા માટે તેણે T20 ઈન્ટરનેશનલને અલવિદા કહ્યું હતું. પરંતુ હવે તેણે કંઈક અલગ જ નિવેદન આપ્યું છે. ખરેખર, કોહલીએ કહ્યું છે કે તે પોતાની નિવૃત્તિ પાછી ખેંચી શકે છે. જોકે, તેણે આ માટે એક શરત મૂકી છે. ચાલો જાણીએ કે તે શરત શું છે અને કોહલીએ ફરીથી T20 આંતરરાષ્ટ્રીય મેચ રમવાની વાત કેમ કરી છે?ખરેખર, વિરાટ કોહલી 15 માર્ચે IPL 2025 રમવા રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ ટીમમાં જોડાયો હતો. તેના આગમનની સાથે જ ફ્રેન્ચાઈઝીએ એક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ દરમિયાન ઓલિમ્પિકમાં ક્રિકેટનો સમાવેશ અને તેને રમવા અંગે પ્રશ્નો ઉભા થયા હતા. આના જવાબમાં કોહલીએ T20માંથી નિવૃત્તિ પાછી ખેંચવાની વાત કરી હતી. કોહલીએ કહ્યું, 'હું ઓલિમ્પિકમાં રમવા માટે નિવૃત્તિમાંથી પાછો કમબેક નહીં કરું. પરંતુ જો ટીમ ઈન્ડિયા ફાઈનલમાં પહોંચે છે અને આપણે ગોલ્ડ મેડલ માટે મેચ રમીશું, તો હું તે મેચ માટે ફરીથી રમી શકું છું. હું મેડલ લઈને ઘરે પાછો આવીશ. ઓલિમ્પિક મેડલ જીતવું ખૂબ જ સારું રહેશે.'



## આઈપીએલ 2025માં આ ટીમનું શેડ્યૂલ સૌથી વધુ થકવી નાખનારું

(એજન્સી) નવી દિલ્હી તા 16

ઈન્ડિયન પ્રીમિયર લીગની 18મી સિઝન 22 માર્ચથી શરૂ થશે. આ દરમિયાન બધી ટીમો લીગ તબક્કામાં 14-14 મેચ રમશે, જેના માટે તેમને 8 અલગ અલગ સ્ટેડિયમમાં જવું પડશે. આવી સ્થિતિમાં, બધી ટીમોને ઘણી મુસાફરી કરવી પડશે. IPL 2025 22 માર્ચથી શરૂ થવા જઈ રહી છે. સૌથી મોટી ક્રિકેટ લીગમાં, 10 ટીમો કુલ 74 મેચ રમશે. આ દરમિયાન દરેક ટીમ લીગ તબક્કામાં 14 મેચ રમશે. આમાંથી 7 મેચ હોમ ગ્રાઉન્ડ પર રમાશે, જ્યારે બાકીની 7 મેચ માટે તેમને મુસાફરી કરવી પડશે. આ વખતે સનરાઈઝર્સ હૈદરાબાદનું શેડ્યૂલ સૌથી ઓછું થકવી નાખનારું છે. SRH આ સિઝનમાં સૌથી ઓછી મુસાફરી કરીશ. પરંતુ એક ટીમને 17 હજાર કિલોમીટરથી વધુ મુસાફરી કરવી પડશે.આ ટીમ IPL 2025 માં સૌથી વધુ પ્રવાસ કરશે IPL 2025 માં સૌથી થકવી નાખનારું શેડ્યૂલ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુનું છે. લીગ તબક્કા દરમિયાન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ 17084 કિલોમીટરનું અંતર કાપશે. જેમાં દક્ષિણ અને ઉત્તર ભારત વચ્ચે 1500 કિલોમીટરથી વધુની સતત આઠ યાત્રાઓનો સમાવેશ થાય છે. આવી સ્થિતિમાં, RCB ખેલાડીઓને રિકવરી માટે સૌથી ઓછો સમય મળશે, જે તેમના માટે એક મોટું તણાવ હશે. RCB પછી, ચેન્નાઈ સુપર કિંગ્સનું નામ આ યાદીમાં સામેલ છે. આ વખતે CSK ટીમ કુલ 16184 કિલોમીટરનું અંતર કાપશે.પંજાબનો કાર્યક્રમ પણ ઉતાર-ચઢાવથી ભરેલો રહેવાનો છે. તેમની પાસે 2 હોમ ગ્રાઉન્ડ છે. મુલ્લાનપુર ઉપરાંત PBKS ધર્મશાલામાં પણ તેની ઘરેલું મેચ રમશે. આવી સ્થિતિમાં, તેમણે ઘણી મુસાફરી પણ કરવી પડશે. પંજાબ કિંગ્સ લીગ તબક્કા દરમિયાન 14341 કિલોમીટરની મુસાફરી કરવા જઈ રહી છે. બીજી તરફ, કોલકાતા નાઈટ રાઈડર્સ પણ 13537 કિલોમીટરનું અંતર કાપશે. લીગ તબક્કામાં તેમની સૌથી મોટી સફર ત્રીજી મેચ માટે ગુવાહાટીથી મુંબઈ અને સાતમી મેચ માટે ચેન્નાઈથી મુલ્લાનપુરની હશે. રાજસ્થાન રોયલ્સે જયપુર અને ગુવાહાટીને પોતાનું હોમ ગ્રાઉન્ડ બનાવ્યું છે, જેના કારણે તેમનો તણાવ પણ વધી 12730 કિલોમીટરનો પ્રવાસ કરવો પડશે. જ્યારે મુંબઈ ઈન્ડિયન્સ 12702 કિમીનું અંતર પણ કાપશે. આ ઉપરાંત, ગુજરાત ટાઈટન્સ પણ 10405 કિમીની મુસાફરી કરશે. લખનૌ સુપર જાયન્ટ્સને પણ 9747 કિમીનું અંતર કાપવાનું છે.

## ક્રિકેટ બાદ હવે ફિલ્મી પડદે પણ ચાહકોના હોશ ઉડાવશે ભૂતપૂર્વ ક્રિકેટર

(એજન્સી) ઓસ્ટ્રેલિયા તા 16

ફિલ્મ 'રોબિન હૂડ'થી એક્ટીંગની શરૂઆત ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ડેવિડ વોર્નરને ભારતીય ગીતો ખાસ પસંદ છે. તે ઘણીવાર ભારતીય ગીતોની રીલ્સ બનાવે છે અને સોશિયલ મીડિયા પર શેર કરે છે. રીલ્સ દ્વારા લોકોનું મનોરંજન કરનાર વોર્નર હવે મોટા પડદા પર એક ફિલ્મમાં જોવા મળશે. તેમની ફિલ્મ વિશેની માહિતી પહેલાથી જ જાહેર થઈ ગઈ હતી. હવે તેનો ફર્સ્ટ લુક સામે આવ્યો છે. ડેવિડ વોર્નર તેલુગુ ભાષાની ફિલ્મ 'રોબિન હૂડ'થી ડેબ્યૂ કરવા જઈ રહ્યો છે. ડેવિડ વોર્નર ટૂંક સમયમાં ફિલ્મમાં ડેબ્યૂ કરવા જઈ રહ્યા છે. તે એક તેલુગુ ફિલ્મ સાથે અભિનયની દુનિયામાં પ્રવેશ કરવા જઈ રહ્યો છે. ફિલ્મમાંથી તેમનો પહેલો લુક પણ જાહેર કરવામાં આવ્યો છે. પોસ્ટરમાં તેનો લુક ખૂબ જ અદ્ભુત લાગી રહ્યો છે. આ પહેલા તેમણે કોઈ ફિલ્મમાં કામ કર્યું નથી. 15 માર્ચે, નિર્માતાઓએ આ ફિલ્મમાંથી ડેવિડનો અંદાજ ખૂબ જ સુંદર લાગે છે. તે દક્ષિણના રંગોમાં રંગાયેલો દેખાય છે. પોસ્ટર પર ફિલ્મનું નામ લખેલું છે. આ ઉપરાંત, તેમનું સ્વાગત કરતા લખ્યું હતું કે, "સીમાથી બોક્સ ઓફિસ સુધી, ભારતીય સિનેમામાં ડેવિડ વોર્નરનું સ્વાગત છે." પોસ્ટર શેર કરતા, નિર્માતાઓએ કેપ્શનમાં લખ્યું, "ચમક્યા પછી અને જમીન પર પોતાની છાપ છોડ્યા પછી, હવે રૂપેરી પડદે ચમકવાનો સમય આવી ગયો છે."આ ફિલ્મમાં ડેવિડ વોર્નર સંપૂર્ણ ભૂમિકામાં નથી, પરંતુ તે એક નાનકડી ભૂમિકામાં જોવા મળશે.

## જમ્મુ-કાશ્મીરમાં યાત્રાળુઓની બસ પર હુમલો કરાવ્યો હતો; અબુ કતાલ હાફિઝ સઈદનો રાઈટ હેન્ડ હતો

# પાક.માં લશ્કર-એ-તૈયબાનો મોસ્ટ વોન્ટેડ આતંકી ઠાર

(એજન્સી) ઈસ્લામાબાદ તા 16

આતંકવાદી હાફિઝ સઈદ સાથે અબુ કતાલ (લાલ સર્કલમાં). લશ્કર-એ-તૈયબા (LeT)નો મોસ્ટ વોન્ટેડ આતંકવાદી અબુ કતાલ શનિવારે રાત્રે પાકિસ્તાનમાં ઠાર મરાયો છે. પંજાબ જિલ્લામાં અજાણ્યા હુમલાખોરો દ્વારા તેની હત્યા કરવામાં આવી હતી.

અબુ કતાલ 26/11 ના મુંબઈ આતંકવાદી હુમલાના માસ્ટરમાઈન્ડ હાફિઝ સઈદનો નજીક હતો. કતાલ લશ્કર-એ-તોયબાનો મુખ્ય સભ્ય હતો અને જમ્મુ અને કાશ્મીરમાં અનેક હુમલાઓનું કાવતરું ઘડનારો હતો. 9 જૂનના રોજ જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લામાં શિવખોડી મંદિરથી પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓને લઈ જતી બસ પર થયેલા હુમલામાં પણ કતાલ સામેલ હતો. આમાં 10 લોકોએ જીવ ગુમાવ્યા હતા. બાઈક પર આવેલા લોકોએ કાબુ કતાલ અને તેના સાથીદારને ઢાળી દીધો હતો. હુમલાખોરોની ઓળખ થઈ નથી. બાઈક પર આવેલા લોકોએ કાબુ કતાલ અને તેના સાથીદારને ઢાળી દીધો હતો. હુમલાખોરોની ઓળખ થઈ નથી. રાષ્ટ્રીય તપાસ એજન્સીએ રાજૌરી હુમલામાં કલાતનું નામ લીધું હતું અબુ કતાલ અને સાજિદ જટ્ટ પાકિસ્તાની નાગરિક હતા, જ્યારે મોહમ્મદ કાસિમ ભારતીય હતો અને 2002ની આસપાસ પાકિસ્તાન જતો રહ્યો હતો. ત્યાં ગયા પછી તે લશ્કર-એ-તૈયબામાં જોડાયો. NIAની તપાસમાં સામે આવ્યું છે કે આ ત્રણેયને જવાબદારી આપવામાં આવી હતી કે તેઓ લશ્કર-એ-તૈયબામાં પાકિસ્તાની આતંકવાદીઓની ભરતી કરવાની અને તેમને જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી હુમલાઓ કરવા માટે તહેનાત કરશે. રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ 2023 ના રાજૌરી હુમલામાં તેની ચાર્જશીટમાં અબુ કતાલનું નામ આપ્યું હતું.



### આતંકવાદી હુમલાને કારણે બસ ખીણમાં ખાબકી હતી

હાફિઝ સઈદે જમ્મુ-કાશ્મીરમાં મોટા હુમલાની જવાબદારી અબુ કતાલને આપી હતી. હાફિઝે કાતલને લશ્કરનો ચીફ ઓપરેશનલ કમાન્ડર બનાવ્યો હતો. કાતલને હાફિઝ તરફથી આદેશ મળતો હતો, જેના પછી તે કાશ્મીરમાં મોટા હુમલાઓ કરતો હતો. તે 9 જૂને રિયાસી હુમલાનો માસ્ટરમાઈન્ડ હતો. સેના સહિત તમામ સુરક્ષા એજન્સીઓ માટે તે મોટો પડકાર બની રહ્યો હતો. 1 જાન્યુઆરી, 2023ના રોજ, રાજૌરી જિલ્લાના ધાંગરી ગામમાં આતંકવાદી હુમલામાં નાગરિકોને નિશાન બનાવવામાં આવ્યા હતા. બીજા દિવસે, એક IED બ્લાસ્ટ પણ થયો. આ હુમલાઓમાં બે બાળકો સહિત સાત લોકો માર્યા ગયા હતા, જ્યારે ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. NIAની ચાર્જશીટમાં ત્રણ આતંકવાદીઓનું નામ અબુ કતાલ, સૈફુલ્લા ઉર્ફે સાજીદ જટ્ટ (જે અલી, હબીબુલ્લાહ અને નોમાન સહિત અન્ય ઘણા નામોથી પણ જાણીતો હતો) છે અને મોહમ્મદ કાસિમ તરીકે કરવામાં આવ્યો હતો. NIA એ આ કેસમાં પાંચ આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી, જેમાં લશ્કર-એ-તૈયબાના ત્રણ વધુ આતંકવાદીઓનો સમાવેશ થાય છે. આતંકવાદી હુમલાને કારણે બસ ખીણમાં ખાબકી હતી.

## પાક. સેનાએ ટ્રેન હાઈજેક પૂર્ણ થયાનો દાવો કર્યો હતો

# તમામ 214 બંધકને મારી નાખ્યા : બલૂચ વિદ્રોહીઓનો દાવો

(એજન્સી) ઈસ્લામાબાદ તા 16

પાકિસ્તાનમાં ટ્રેન હાઈજેક કરનાર બલૂચિસ્તાન લિબરેશન આર્મી (BLA)એ દાવો કર્યો છે કે તેણે તમામ 214 બંધકને મારી નાખ્યા છે. આજે BLAએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે અમે પાકિસ્તાની સેનાને બંધકોની અદલાબદલી માટે 48 કલાકનો સમય આપ્યો હતો, પરંતુ પાકિસ્તાનની જીદને કારણે ઘણા લોકોએ જીવ ગુમાવ્યા. BLAએ કહ્યું હતું કે આ યુદ્ધ હજુ પૂરું નથી થયું, પરંતુ વધુ તીવ્ર બન્યું છે. પોતાની સ્વતંત્રતા માટે લડી રહેલા બલૂચ લડવૈયાઓ સતત હુમલા કરી રહ્યા છે. પાકિસ્તાની સેના તેના સૈનિકોના મૃતદેહ મેળવી શકતી નથી. ઓપરેશન દારા-એ-બોલાન પૂર્ણ થયા પછી અમે એની વિગતવાર માહિતી આપીશું. 12 માર્ચે BLAએ જાફર એક્સપ્રેસને હાઈજેક કરી. બીજા જ દિવસે એટલે કે 13 માર્ચે, પાકિસ્તાની સેનાએ દાવો કર્યો કે ટ્રેન હાઈજેક સંકટ સમાપ્ત થઈ ગયું છે. તેમણે કહ્યું હતું કે અમે 33 બલૂચ લડવૈયાને મારી નાખ્યા છે. આ કાર્યવાહીમાં કેટલાક બંધકો પણ માર્યા ગયા છે.બલૂચ આર્મીએ કહ્યું- અમારા લડવૈયાઓ માર્યા નથી, તેમણે પોતે જ શહીદી પસંદ કરી BLAએ કહ્યું હતું કે અમારા લડવૈયાઓએ પોતે શહીદી પસંદ કરી, પરંતુ હવે પાકિસ્તાની સેના અમારા આત્મઘાતી બોમ્બરોના મૃતદેહોને પોતાની સફળતા તરીકે રજૂ કરવાનો પ્રયાસ કરી રહી છે. જ્યારે અમારા લડવૈયાઓનું વાસ્તવિક મિશન છેલ્લા શ્વાસ સુધી લડવાનું અને પીછેહઠ ન કરવાનું હતું. તેણે કહ્યું હતું કે અમે હંમેશાં યુદ્ધના નિયમો અને આંતરરાષ્ટ્રીય કાયદાઓ અનુસાર કાર્ય કર્યું છે, પરંતુ પાકિસ્તાની સરકારે પોતાના સૈનિકોને બચાવવાને બદલે તેમનો ઉપયોગ યુદ્ધના બળતણ તરીકે કર્યો છે. પાકિસ્તાની સેના, તેની તમામ લશ્કરી અને ગુપ્તચર ક્ષમતાઓ હોવા છતાં બંધકોને છોડાવવામાં નિષ્ફળ ગઈ.



**મૃતદેહને લોકો અંતિમસંસ્કાર માટે લઈ જઈ રહ્યા છે.**

બલૂચ આતંકવાદીઓના હુમલામાં માર્યા ગયેલા ક્વેટાના બંધકના મૃતદેહને લોકો અંતિમસંસ્કાર માટે લઈ જઈ રહ્યા છે. સૌપ્રથમ બલૂચ આર્મીએ મશ્કાફમાં ટનલ નંબર-8માં રેલવે ટ્રેક ઉડાવી દીધો. આ કારણે જાફર એક્સપ્રેસ પાટા પરથી ઊતરી ગઈ. આ પછી BLAએ ગોળીબાર શરૂ કર્યો. ગોળીબારમાં ટ્રેન ડ્રાઈવર પણ ઘાયલ થયો હતો. આ ટ્રેનમાં સુરક્ષા દળો, પોલીસ અને ISI એજન્ટો મુસાફરી કરી રહ્યા હતા. બધા પંજાબ જઈ રહ્યા હતા. તેમણે BLA હુમલાનો જવાબ આપ્યો, પરંતુ BLAએ ટ્રેન કબજે કરી લીધી. આ દરમિયાન ઘણા સુરક્ષાકર્મચારીઓ માર્યા ગયા. અગાઉ પાકિસ્તાની વિદેશ કાર્યાલયે પણ દાવો કર્યો હતો.

### ટ્રેન હાઈજેકમાં ભારતનો હાથ, ભારતે આરોપોને ફગાવ્યા

પાકિસ્તાને આ ટ્રેન હાઈજેકમાં ભારતનો હાથ હોવાનો આરોપ લગાવ્યો હતો. ભારતે પાકિસ્તાનના આરોપોને ફગાવી દીધા. ભારતીય વિદેશ મંત્રાલયે એક પ્રેસ રિલીઝ જારી કરીને કહ્યું કે દુનિયા જાણે છે કે આતંકવાદનું કેન્દ્ર ક્યાં છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું- અમે પાકિસ્તાન દ્વારા લગાવવામાં આવેલા બધા આરોપોને નકારીએ છીએ. આખી દુનિયા જાણે છે કે પાકિસ્તાન વૈશ્વિક આતંકવાદનું કેન્દ્ર છે. પાકિસ્તાન પોતાની આંતરિક સમસ્યાઓ અને નિષ્ફળતાઓ માટે બીજાઓને દોષી ઠેરવતું રહે છે. તે પોતાની તરફ જુએ તો સારું રહેશે.

### હુમલો બલૂચિસ્તાનના બોલાન જિલ્લામાં થયો

11 માર્ચે સવારે 9 વાગ્યે જાફર એક્સપ્રેસ ક્વેટાથી પેશાવર જવા રવાના થઈ. સિબી પહોંચવાનો સમય બપોરે 1.30 વાગ્યાનો હતો. અગાઉ બપોરે લગભગ 1 વાગ્યે બલૂચ લિબરેશન આર્મીએ બલૂચિસ્તાનના બોલાન જિલ્લાના મશ્કાફ વિસ્તારમાં ગુડાલર અને પીરુ કુનરી વચ્ચે આ હુમલો કર્યો હતો. આ એક પહાડી વિસ્તાર છે, જ્યાં 17 ટનલ છે, જેના કારણે ટ્રેન ધીમી ગતિએ ચલાવવી પડે છે. આનો ફાયદો ઉઠાવીને BLAએ ટ્રેન પર હુમલો કર્યો.

**બલૂચિસ્તાન લિબરેશન આર્મી શું છે? :** લૂચિસ્તાનના ઘણા લોકો માને છે કે ભારત-પાકિસ્તાનના ભાગલા પછી તેઓ એક સ્વતંત્ર દેશ તરીકે રહેવા માગતા હતા, પરંતુ તેમની સંમતિ વિના તેમને પાકિસ્તાનમાં સમાવવામાં આવ્યા. આ કારણે બલૂચિસ્તાનમાં આજે પણ સેના અને લોકો વચ્ચે સંઘર્ષ ચાલુ છે. ઘટનાની માહિતી મળતાં પાકિસ્તાની સેનાએ જમીન પરથી BLA પર ગોળીબાર કર્યો.

## આ પત્રકારે TV પર જગ્યા બનાવી લીધી, મોટા ન્યૂઝ બની ગયા

# ટ્રમ્પના મોઢા સાથે રિપોર્ટરનું માઈક અથડાયું:પહેલાં ચોંક્યા



(એજન્સી) વોશિંગ્ટન તા 16

એક રિપોર્ટરનો માઈક અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ચહેરા સાથે અથડાયો. આ ઘટનાનો વીડિયો ચર્ચામાં છે. આ ઘટના 14 માર્ચ (શુક્રવાર)ના રોજ જોઈન્ટ બેઝ એન્ડ્રુઝ ખાતે પ્રેસ બ્રીફિંગ દરમિયાન બની હતી. આ પછી ટ્રમ્પ પત્રકાર સાથે રમૂજી અંદાજમાં વાત કરતા જોવા મળ્યા. વોશિંગ્ટન ડીસી છોડતા પહેલા ટ્રમ્પ મીડિયા સાથે વાત કરી રહ્યા હતા, ત્યારે એક પત્રકાર સવાલ પૂછી રહ્યો હતો ત્યારે માઈક્રોફોન ભૂલથી ટ્રમ્પના ચહેરાને સ્પર્શી ગયો. ટ્રમ્પ પહેલા તો ચોંકી ગયા, પછી નેણ ઊંચા-નીચા કરીને જોયું અને તરત જ મજાક કરવા લાગ્યા. તેમણે હસતાં હસતાં કહ્યું, 'આ પત્રકારે આજે ટીવી પર જગ્યા બનાવી લીધી. આ હવે મોટા સમાચાર બની ગયા છે.' તેમણે ત્યાં હાજર અન્ય લોકોને પણ પૂછ્યું, 'શું તમે આ જોયું?' આ વીડિયો ઈન્ટરનેટ પર વાઈરલ થયા પછી યુઝર્સે તેમને રાષ્ટ્રપતિની સુરક્ષામાં ખામી ગણાવી. એક પત્રકાર ટ્રમ્પની આટલી નજીક કેવી રીતે પહોંચી ગયો તે અંગે પણ સવાલો પૂછ્યા. તે જ સમયે, કેટલાક લોકોએ કહ્યું કે તે જાણી જોઈને કરવામાં આવેલું કૃત્ય હતું.13 જુલાઈ, 2024ના રોજ પેન્સિલવેનિયાના બટલરમાં એક રેલીને સંબોધિત કરતી વખતે ટ્રમ્પ પર હુમલો થયો હતો. આ દરમિયાન, એક ગોળી ટ્રમ્પના કાનને સ્પર્શીને પસાર થઈ ગઈ. હુમલાખોરની ઓળખ 20 વર્ષીય થોમસ ક્રૂક્સ તરીકે થઈ છે. તેણે AR-15 રાઈફલમાંથી 8 ગોળીઓ ચલાવી. ગોળીબાર પછી તરત જ, હુમલાખોરને સિક્રેટ સર્વિસના અધિકારીઓએ ઠાર કર્યો હતો. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ 41 દેશોના નાગરિકો માટે અમેરિકાના વિઝા પર પ્રતિબંધ મૂકવાનું વિચારી રહ્યા છે. આ માહિતી સમાચાર એજન્સી રોઈટર્સ દ્વારા આપવામાં આવી છે. આ યાદીમાં ભારતના પડોશી દેશો ભૂટાન, પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને મ્યાનમારના નામ પણ સામેલ છે.

# મેક્સિકોના ઔકસાકામાં 5.5 નો ધરતીકંપ, જાન-માલની હાની નથી

(એજન્સી) મેક્સિકો તા 16

ઔકસાકા રાજ્યના સાન મિગ્યુએલ અમીમુદ્રા પાસે 6.4 કિ.મી.ની ઊંડાઈએ ભુકંપ થયો : USGS

મેક્ષિકો સીટી : મેક્ષિકોના દક્ષિણમાં રાજ્ય ઔકસાકામાં શુક્રવારે સાંજે ૫.૫ ની તીવ્રતાનો ધરતીકંપ થયો હતો. આ માહિતી આપતા મેક્ષિકોના સત્તાવાળાઓ અને યુનાઈટેડ સ્ટેટસ જીયોલોજિકલ સર્વેએ કહ્યું હતું કે દક્ષિણના શહેરના સાન મિગ્યુએલ અચિયુત્તલા પાસે ભુમિમાં ૬૪ કિ.મી. (૪૦ માઈલ) નીચે આ ભુકંપ શરૂ થયો હતો.




મેક્ષિકોના પ્રમુખ ક્લોડીયા શિનબૌમે ' ઠ' પોસ્ટ ઉપર જણાવ્યું હતુ કે હજી સુધી આ ધરતીકંપને લીધે જાન-માલનું કોઈ નુકસાન થયું હોવાના સમાચાર નથી. જ્યારે ઔકસાકા રાજયના ગવર્નરે તેઓના ' ઠ' પોસ્ટ ઉપર જણાવ્યું હતું કે આમ છતાં તમામ આપત્તિકાલીન વ્યવસ્થાઓ કાર્યરત કરી દેવાઈ છે. તેઓએ પ્રમુખ ક્લોડીયા શિનબૌમનો પણ તત્કાળ સંપર્ક સાધવો હતો.

આ ધરતીકંપની અસર દેશના ક્લોડીયા શિનબૌમનો પણ તત્કાળ સંપર્ક સાધ્યો હતો.

આ ધરતીકંપની અસર દેશના પાટનગર મેક્ષિકો સીટીને પણ થઈ હતી. જો કે, તે ધ્રુજારીઓ ઘણી મંદ હતી, છતાં તેથી નાગરિકો ધરતી બહાર નીકળી ગયા હતા અને કેટલોક સમય ખુલ્લામાં ચાલ્યા ગયા હતા.


## કેનેડાના 24મા વડા પ્રધાન તરીકે લીધા સપથ

# કોણ છે માર્ક કાર્ને જેમણે લીધું જસ્ટિન ટ્રુડોનું સ્થાન

(એજન્સી) કેનેડા તા 16

માર્ક કાર્ને શુક્રવારે કેનેડાના 24મા વડા પ્રધાન તરીકે શપથ લીધા, જેનાથી દેશના રાજકારણમાં એક નવા યુગની શરૂઆત થઈ. કાર્નેનું મુખ્ય ધ્યાન કેનેડા અને અમેરિકા વચ્ચે બગડતા સંબંધોને સુધારવા પર રહેશે, જે ટ્રમ્પના સત્તામાં પાછા ફર્યા પછી મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે.

માર્ક કાર્ને શુક્રવારે કેનેડાના 24મા વડા પ્રધાન તરીકે શપથ લીધા. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના સત્તામાં પાછા ફર્યા પછી અમેરિકા સાથે બગડતા સંબંધો વચ્ચે તેમણે સરકારની બાગડોર સંભાળી છે. કાર્ને 2015 થી કેનેડાના વડા પ્રધાન રહેલા જસ્ટિન ટ્રુડોનું સ્થાન લેશે. માર્ક કાર્નેનું




નામ બેંકિંગ અને નાણાકીય જગતમાં એક વિશ્વસનીય નેતા તરીકે જાણીતું છે. તેઓ 2008 થી બેંક ઓફ કેનેડાના વડા તરીકે પણ સેવા આપી રહ્યા છે, જ્યારે તેમણે વૈશ્વિક આર્થિક કટોકટી દરમિયાન દેશની અર્થવ્યવસ્થાને સ્થિર રાખી હતી. 2013 માં, તેઓ બેંક ઓફ ઈંગ્લેન્ડના પ્રથમ બિન-બ્રિટિશ ગવર્નર બન્યા અને બ્રેક્ઝિટની આર્થિક અસરોને ઘટાડવામાં મુખ્ય ભૂમિકા ભજવી.ટ્રમ્પના પાછા ફરવાથી કેનેડા અને અમેરિકા વચ્ચેના ઐતિહાસિક સંબંધોમાં તિરાડ પડી ગઈ, અને આ પડકારો વચ્ચે, નવા વડા પ્રધાન માર્ક કાર્નેનું મુખ્ય ધ્યાન આ સંબંધોને સુધારવા પર રહેશે. ભૂતપૂર્વ સેન્ટ્રલ બેંકર રવિવારે કેનેડાની લિબરલ પાર્ટીના નેતા તરીકે ચૂંટાયા હતા.બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, માર્ક કાર્નેનું નવું મંત્રીમંડળ ટ્રુડોના મંત્રીમંડળના કદ કરતાં લગભગ અડધું હોઈ શકે છે. સૂત્રોના હવાલેથી, અહેવાલમાં જણાવાયું છે કે તેમના મંત્રીમંડળમાં 15 થી 20 મંત્રીઓ હોવાની અપેક્ષા છે, જ્યારે હાલમાં વડા પ્રધાન સહિત 37 મંત્રીઓનો સમાવેશ થાય છે.ટ્રમ્પે કેનેડિયન સ્ટીલ અને એલ્યુમિનિયમ પર 25% ટેરિફ લાદ્યો છે અને 2 એપ્રિલથી તમામ કેનેડિયન ઉત્પાદનો પર મોટા ટેરિફ લાદવાની ધમકી આપી રહ્યા છે. જોડાણની ધમકીઓમાં, તેઓએ આર્થિક દબાણની ધમકી આપી છે અને સૂચવ્યું છે કે સરહદ ફક્ત એક કાલ્પનિક રેખા છે.યુએસ ટ્રેડ વોર અને ટ્રમ્પ દ્વારા કેનેડાને 51મું યુએસ રાજ્ય બનાવવાની વાત કેનેડિયનોને પસંદ નથી, જેઓ NHL અને NBA રહ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે સ્થાનિક લોકો શક્ય હોય ત્યારે અમેરિકન વસ્તુઓ ખરીદવાનું ટાળી રહ્યા છે, અને તેઓ અમેરિકન ઉત્પાદનોનો બહિષ્કાર કરી રહ્યા છે.

# ટ્રમ્પના આદેશ બાદ હૂથી બળવાખોરો પર અમેરિકન સૈન્ય તૂટી પડ્યું

(એજન્સી) અમેરિકા તા 16

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે રેડ સી શિપિંગ પર થયેલા હુમલાના જવાબમાં યમનના ઈરાન સમર્થિત હૂથી બળવાખોરો વિરુદ્ધ વ્યાપક સૈન્ય કાર્યવાહી કરવા આદેશ કર્યો હતો જેના બાદ અમેરિકાની એરફોર્સ હૂથીઓ પર તૂટી પડતાં લગભગ 19 બળવાખોરોના મોત નીપજ્યા હતા.

ટ્રમ્પે આપી ચેતવણી ડોનાલ્ડ ટ્રમ્પે આ સાથે ચેતવણી ઉચ્ચારી હતી કે જો હૂથી બળવાખોરો હુમલા ચાલુ રાખશે તો તેમનું જીવન નરક સમાન બનાવી દઈશું. ઈરાનને પણ ચેતવતાં ટ્રમ્પે કહ્યું કે તમે પણ હૂથીઓનું સમર્થન બંધ કરો. જો ઈરાન અમેરિકાને ધમકાવશે તો પછી અમે કોઈ નરમ વલણ અપનાવવાના નથી. ટ્રમ્પે કહ્યું કે મેં જ આ હવાઈ હુમલા કરવાનો આદેશ આપ્યો હતો.



ઈરાન સમર્થિત હૂથી બળવાખોરો જ્યાં સુધી દરિયાઈ માર્ગમાં જહાજો પર હુમલા બંધ નહીં કરે ત્યાં સુધી આક્રમક હુમલા ચાલુ રખાશે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર કરી પોસ્ટ

ટ્રમ્પે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી કે અમારા બહાદુર યુદ્ધ વિમાનો હાલમાં અમેરિકન શિપિંગ, વાયુ અને નૌસેનાની સંપત્તિઓની સુરક્ષા કરવા અને નૌકાવહનની સ્વતંત્રતાને બહાલ કરવા માટે આતંકીઓના ઠેકાણા, નેતાઓ અને મિસાઈલ ઠેકાણાઓ પર હવાઈ હુમલા કરી રહ્યા છે.

# અમેરિકામાં ભયાનક વાવાઝોડું, 130 KMની ઝડપે પવન ફૂંકાયો

(એજન્સી) અમેરિકા તા 16

USA Storm News : અમેરિકામાં 20 થી પણ વધુ રાજ્યોમાં મહાકાય સ્ટોર્મ સિસ્ટમ સક્રિય થઈ ચૂકી છે. તેના કારણે ડસ્ટ સ્ટોર્મ ફૂંકાયું છે. કાર ચલાવવાથી લઈને પ્લેન ચલાવવા સુધી ભારે મુશ્કેલી પ્રવર્તી રહી છે. આ તોફાનમાં અત્યાર સુધીમાં 16ના મોત નીપજી ચૂક્યા છે. દસ કરોડથી વધુ લોકોને અસર થઈ છે. તેમા સૌથી વધુ મિસોરીમાં 10ના મોત થયા છે. ટેક્સાસના એમેરિલોમાં ડસ્ટ સ્ટોર્મના લીધે ત્રણના મોત થયા છે. જ્યારે અર્કાન્સાસમાં ઈન્ડિપેન્ડન્સ કાઉન્ટીમાં ત્રણના મોત નીપજ્યા છે. જ્યારે 29થી વધુને ઈજા થઈ છે. વાવાઝોડાંના લીધે કેનેડિયન સરહદથી લઈને ટેક્સાસ સુધી પ્રતિ કલાક 130 કિ.મી.ની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. તેના લીધે હાલમાં ઉત્તરના ઠંડીગ્રસ્ત વિસ્તારોમાં પણ સ્થિતિ વણસે તેવી સંભાવના છે. જ્યારે દક્ષિણના ગરમ અને સૂકા વિસ્તારોમાં દાવાનળની સંભાવના વધુને વધુ પ્રબળ બની રહી છે.

નેશનલ વેધર સર્વિસે અનેક પ્રકારનો ટોર્નેડો અને જબરદસ્ત થંડરસ્ટોર્મની વોર્નિંગ જારી કરવામાં આવી છે. તેની સાથે અલબામા, કેન્ટકી, મિસિસિપી, ટેનેસી, ઈલિનોઈસ, ઈન્ડિયાના અને ટેક્સાસમાં થંડરસ્ટોર્મની વિનાશક અસરની ચેતવણી આપવામાં આવી છે. જાહેર સલામતી વિભાગના સિન્ડી બાર્કલીએ જણાવ્યું હતું કે ટેક્સાસમાં એમેરિલો કાઉન્ટીમાં કાર ક્રેશમાં ત્રણના મોત થયા હતા. લગભગ ઝીરો વિઝિબિલિટી જોવા મળી છે. ડસ્ટ સ્ટોર્મ બંધ થાય નહીં ત્યાં સુધી કમસેકમ કોઈએ વાહન લઈ નીકળવું ન જોઈએ. ઓક્લેહામા કમ્યુનિટીઝમાં કેટલાય સ્થળો ખાલી કરવાના આદેશ આપવા પડયા છે, કારણ કે 130 જગ્યાએ આગની ઘટના નોંધાઈ છે. સ્ટેટ પેટ્રોલે જણાવ્યું હતું કે પવન એટલો ભારે હતો કે કેટલાક સ્થળોએ ટ્રેક્ટર-ટ્રોલી ઊંધા થઈ ગયા હતા.

હવામાનની આગાહી કરનારાઓનું કહેવું છે કે વીકેન્ડમાં મોટું તોફાન આવી શકે છે. મિસિસિપી અને અલ્બામામાં ટોર્નેડો અને જોખમી પવનો વીકેન્ડમાં સ્થિતિ વધુ વણસાવી શકે છે. ભારે વરસાદના લીધે પૂર્વના કેટલાક વિસ્તારોમાં પૂરના પાણી ભરાઈ ગયા છે. નિષ્ણાતોનું કહેવું છે કે માર્ચમાં અમેરિકામાં આ પ્રકારનું આત્યંતિક હવામાન જોવું તે આશ્ચર્યજનક વાત છે.

# મહિલાઓ દુષ્કર્મની જુઠ્ઠી ફરિયાદ કરે જ નહીં તેવી માન્યતા જ ખોટી, કેરળ હાઈકોર્ટ

## 2014માં બની અને ગુનાની ફરિયાદ ૨૦૧૯માં કરાઇ, ૨૦૧૬માં મહિલાએ ફરિયાદ કરી હતી

(એજન્સી) કેરળ । તા. 16

ભારતીય મહિલાઓ ક્યારેય પણ શારીરિક શોષણની જુઠી ફરિયાદ કરી જ ના શકે આ પ્રકારની ધારણા ખોટી છે તેમ કેરળ હાઈકોર્ટે કહ્યું હતું. સાથે જ હાઈકોર્ટે કહ્યું હતું કે પુરુષ સાથે સ્કોર સરખો કરવાના ચક્કરમાં છેલ્લા કેટલાક વર્ષોથી મહિલાઓ દ્વારા જુઠા કેસો કરવાનું પ્રમાણ વધ્યું છે. લગ્નની લાલચ આપી રેપ કર્યાની ફરિયાદ મામલે સુનાવણી દરમિયાન હાઈકોર્ટે આ અવલોકન કર્યું હતું. કેરળ હાઈકોર્ટના ન્યાયાધીશ એ બદરુદીને કહ્યું હતું કે આવા જુઠા કેસો વધી રહ્યા છે તેથી કહી શકાય કે મહિલાઓ ક્યારેય જુઠા કેસો ના કરી શકે તેવી ધારણાને તમામ મામલા સાથે ના જોડવી જોઈએ. આઈપીસીની કલમ ૩૭૬ હેઠળ રેપની ફરિયાદ સામે આરોપી દ્વારા કેરળ હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. આ મામલામાં એવો આરોપ લગાવાયો હતો કે લગ્નના જુઠા વચન આપીને રિલેશનશિપમાં જોડાયો હતો અને બાદમાં રેપ કર્યો હોવાનો મહિલાએ દાવો કર્યો હતો. બીજી તરફ જે મહિલાએ પોતાના પૂર્વ પાર્ટનર પર રેપની ફરિયાદ કરી હતી તેણે કોર્ટમાં આશ્ચર્યજનક રીતે યુ-ટર્ન લીધો હતો અને કહ્યું હતું કે આરોપી સામેની કાર્યવાહી રદ કરવામાં આવે તો તેની સામે મને કોઈ વિરોધ નથી. દરમિયાન સરકારી વકીલે કહ્યું હતું કે મહિલાએ ખૂદ કહ્યું હતું કે તેના પર રેપ થયો છે માટે આ ફરિયાદ રદ ના કરી શકાય. બાદમાં હાઈકોર્ટે નોંધ્યું હતું કે ઘટના 2014માં બની અને ગુનાની ફરિયાદ ૨૦૧૯માં કરાઇ, ૨૦૧૬માં મહિલાએ ફરિયાદ કરી હતી પરંતુ તપાસ ના થઈ શકી કેમ કે આરોપી પુરુષે તે સમયે લગ્નનું વચન આપ્યું હતું. શું ખરેખર મહિલાની ફરિયાદ હકીકતના આધારે છે કે કેમ તે કહેવુ મુશ્કેલ છે. બાદમાં હાઈકોર્ટે અપીલને સ્વીકારી હતી અને આરોપી સામેની તમામ કાર્યવાહી રદ કરવાનો આદેશ આપ્યો હતો. જે દરમિયાન અવલોકન કર્યું હતું કે મહિલાઓ જુઠી ફરિયાદ કરી જ ના શકે તેવી ધારણા બાંધવી ખોટુ છે.




## હોળી પર હિંસા બાદ બંગાળના બીરભૂમમાં ભારેલો અગ્નિ, ઈન્ટરનેટ બંધ: મમતા સરકાર પર ભડકી

(એજન્સી) પશ્ચિમ બંગાળ । તા. 16

હોળી-ધૂળેટીના પર્વની સમગ્ર દેશમાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જોકે ધૂળેટીમાં હર્ષ અને ઉલ્લાસના રંગમાં અમુક જગ્યાઓ પર હિંસા પણ થઈ હતી. પશ્ચિમ બંગાળના બીરભૂમમાં બે જૂથ વચ્ચે ભારે હિંસા બાદ કેટલાક વિસ્તારોમાં ઈન્ટરનેટ બંધ કરવાના આદેશ આપવામાં આવ્યા છે. રાજ્ય સરકારે પોલીસને હાઈ અલર્ટ પર રહેવા આદેશ આપ્યા છે તથા સુરક્ષાદળોની એક વિશેષ ટુકડી પણ તહેનાત કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર બીરભૂમમાં બે જૂથ વચ્ચે વિવાદ બાદ મારામારી થઈ હતી. બીરભૂમના કેટલાક વિસ્તારોમાં 17મી માર્ચ સુધી ઈન્ટરનેટ સેવા બંધ કરવાના આદેશ આપવામાં આવ્યા છે. પોલીસનો તર્ક છે કે ગેરકાયદે ગતિવિધિઓ રોકવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઈન્ટરનેટ બંધ કરવાના આદેશ બાદ ભારતીય જનતા પાર્ટીએ રાજ્યની મમતા બેનરજી સરકાર પર ગંભીર આક્ષેપ લગાવ્યા છે. સાંપ્રદાયિક હિંસાની ઘટના છુપાવવા પ્રયાસ કરી રહી છે.

## લેક્સ ફ્રિડમેન સાથે પીએમ મોદીની વાતચીતની મુખ્ય વાતો

■ લેક્સ ફ્રિડમેને મોદી ઈન્ટરવ્યૂ માટે 45 કલાકના ઉપવાસ કર્યા હતા. પીએમ મોદીએ શેર કર્યો ઉપવાસનો પોતાનો અનુભવ

લેક્સ ફ્રિડમેને ખુલાસો કર્યો હતો કે તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથેની તેમની મુલાકાતના માનમાં 45 કલાક સુધી ઉપવાસ કર્યા હતા, માત્ર પાણી પીધું હતું. પીએમ મોદીએ ઉપવાસ, ઈન્દ્રિયોને તીક્ષ્ણ બનાવવા, માનસિક સ્પષ્ટતા વધારવા અને શિસ્ત લાવવાના તેના ફાયદાઓ પર ભાર મૂકવા અંગે પણ પોતાનો દ્રષ્ટિકોણ શેર કર્યો હતો. તેમણે સમજાવ્યું કે ઉપવાસ એ માત્ર ભોજન છોડવાને બદલે એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે અને તે પરંપરાગત અને આયુર્વેદિક પદ્ધતિઓ સાથે ઉંડાણપૂર્વક જોડાયેલી છે. પી.એમ. મોદીએ ઉલ્લેખ કર્યો છે કે તેઓ શરીરની ડિટોક્સિફિકેશનમાં સહાય માટે ઉપવાસ કરતા પહેલા સારી રીતે હાઈડ્રેટ કરે છે. તેમણે એમ પણ નોંધ્યું હતું કે સુસ્તી અનુભવવાને બદલે, ઉપવાસ તેને વધુ ઊર્જાવાન બનાવે છે અને તેને વધુ સખત મહેનત કરવા દે છે.

■ મોદીએ તેમના સાધારણ બાળપણના કિસ્સાઓ અને કેવી રીતે ગરીબી તેમના માટે ક્યારેય મુશ્કેલી નહોતી તે શેર કર્યું

પીએમ મોદીએ પોતાના સાધારણ બાળપણ પર પ્રકાશ પાડતા કહ્યું કે, ગરીબીમાં ઉછરેલા હોવા છતાં તેમણે ક્યારેય પોતાનું વજન અનુભવ્યું નથી. તેમણે યાદ કર્યું કે કેવી રીતે, મુશ્કેલીઓ વચ્ચે પણ, તેમણે ક્યારેય વંચિતતાની ભાવનાનો અનુભવ કર્યો ન હતો. પ્રેમથી યાદ કરતા, તેમણે જણાવ્યું કે કેવી રીતે તેમના કાકાએ તેમને એક વખત સફેદ કેનવાસના પગરખાં ભેટમાં આપ્યા હતા, જે તેમણે શાળામાંથી કાઢી નાખેલા ચાકનો ઉપયોગ કરીને પોલિશ કરેલા રાખ્યા હતા. પીએમ મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમણે જીવનના દરેક તબક્કાને કૃતજ્ઞતા સાથે અપનાવ્યો છે અને ગરીબીને ક્યારેય સંઘર્ષ તરીકે જોયો નથી.

■ પીએમ મોદીએ સ્વામી વિવેકાનંદના જીવન પર પડેલી અસર વિશે વાત કરી

પીએમ મોદીએ જણાવ્યું હતું કે બાળપણમાં, તેઓ અવારનવાર ગામની લાઈબ્રેરીની મુલાકાત લેતા હતા, જ્યાં તેમણે સ્વામી વિવેકાનંદ વિશે વાંચ્યું હતું, જેમના ઉપદેશોએ તેમના જીવન પર ગહન પ્રભાવ પાડ્યો હતો. વિવેકાનંદ પાસેથી તેમણે શીખ્યું હતું કે સાચી પરિપૂર્ણતા વ્યક્તિગત સિદ્ધિઓથી નહીં, પરંતુ અન્યોની નિઃસ્વાર્થ સેવાથી આવે છે. પીએમ મોદીએ સ્વામી વિવેકાનંદના જીવનની એક વાર્તા સંભળાવી, જ્યાં તેઓ જાય છે અને શ્રી રામકૃષ્ણ પરમહંસજીને પૂછે છે કે તેમની માતા બીમાર છે અને તેમને મદદની જરૂર છે. આના પર પરમહંસજીએ તેમને દેવી કાલી પાસે જઈને મદદ માંગવાની સલાહ આપી. આ ઘટનાથી વિવેકાનંદજીને એ વાતનો અહેસાસ થયો કે, જે દિવ્યે દુનિયાને બધું જ આપી દીધું છે, તેમની પાસેથી તેઓ કઈ રીતે કંઈક પૂછી શકે છે, કારણ કે તેમને ખ્યાલ આવી ગયો છે કે, માનવતાની સેવા કરવી એ જ પરમાત્માની ભક્તિનું સર્વોચ્ચ સ્વરૂપ છે.

■ પીએમ મોદીએ સ્વામી આત્મસ્થાનંદજી સાથેના તેમના ઊંડા બંધન વિશે વાત કરી

પીએમ મોદીએ રામકૃષ્ણ પરમહંસ આશ્રમમાં પોતાના સમયને યાદ કર્યો, જ્યાં તેઓ સંતોના સંપર્કમાં આવ્યા અને તેમના તરફથી અપાર પ્રેમ મળ્યો. તેમણે સ્વામી આત્મસ્થાનંદ સાથે ગાઢ સંબંધ વિકસાવ્યો હતો, જેઓ તેમના જીવનમાં માર્ગદર્શક બળ બન્યા હતા. સ્વામી આત્મસ્થાનંદે તેમને સલાહ આપી હતી કે તેમનો સાચો હેતુ લોકોની સેવા કરવાનો અને સમાજના કલ્યાણ માટે કામ કરવાનો છે.

■ પીએમ મોદીના આરએસએસ સાથે સંબંધ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ સંસ્થા સાથેના તેમના ઊંડા જોડાણ પર ચિંતન કર્યું હતું અને આ કાયમી વારસાનો ભાગ બનવાનું પોતાનું સૌભાગ્ય (વિશેષાધિકાર) ગણાવ્યું હતું. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, તેમનાં જીવનનાં ઉદ્દેશ અને આરએસએસ પાસેથી નિઃસ્વાર્થ સેવાનાં મૂલ્યો પ્રાપ્ત કરવા બદલ તેઓ ધન્યતા અનુભવે છે. તેમણે આરએસએસ વૈશ્વિક સ્તરે આટલા મોટા પાયે જે ભૂમિકા ભજવી રહ્યું છે તેની પ્રશંસા કરી. વડા પ્રધાને પ્રકાશ પાડ્યો કે કેવી રીતે આરએસએસ દેશભરમાં મોટા પાયે શિક્ષણ અને આરોગ્ય સેવાઓ પ્રદાન કરે છે. તેમણે ડાબેરી કામદાર સંગઠનો અને આરએસએસ સાથે સંકળાયેલા કામદાર સંઘ વચ્ચેના તફાવત તરફ ધ્યાન દોર્યું હતું. ડાબેરી સંગઠનો કહે છે કે 'વિશ્વના કામદારો, એક થાઓ', પરંતુ આરએસએસનું કામદાર સંઘ કહે છે, 'કામદારો, વિશ્વને એક કરો.'

### બેંગલુરૂના કેમ્પેગોડા ઈન્ટરનેશનલ એરપોર્ટથી ધરપકડ કરી હતી

## 'મને કસ્ટડીમાં થપ્પડો મારી, ભોજન પણ ન આપ્યું...' રાન્યા રાવના DRI અધિકારીઓ સામે આક્ષેપ

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

સોનાની દાણચોરીના મામલે ધરપકડ કરવામાં આવેલી કન્નડ એક્ટ્રેસ રાન્યા રાવને એકવાર ફરી DRI અધિકારીઓ પર ગંભીર આરોપ લગાવ્યા છે. રાન્યાએ DRI પર આરોપ લગાવ્યો છે કે, તેને પૂછપરછ દરમિયાન થપ્પડ



મારવામાં આવ્યા, જમવાનું નહતું અપાયું અને DRI અધિકારીઓએ તેને ખાલી દસ્તાવેજો પર સહી કરવા માટે મજબૂર કરી હતી. DRI ના એડિશનલ ડાયરેક્ટર જનરલને લખેલા પત્રમાં રાન્યાએ ખુદને નિર્દોષ જણાવતા કહ્યું કે, મને ખોટા કેસમાં ફસાવવામાં આવી છે. વરિષ્ઠ પોલીસ અધિકારીની દીકરી કન્નડ એક્ટ્રેસ રાન્યા રાવને DRI એ 4 માર્ચ, 2025 ના દિવસે બેંગલુરૂના કેમ્પેગોડા ઈન્ટરનેશનલ એરપોર્ટથી ધરપકડ કરી હતી. તે દુબઈથી 14.8 કિલોગ્રામ સોનાની દાણચોરી કરીને લાવવાનો પ્રયાસ કરી રહી હતી.

### મુખ્ય જેલ અધિક્ષક દ્વારા મોકલવામાં આવ્યો પત્ર

પરપ્પના અગ્રહારા જેલના મુખ્ય અધિક્ષકના માધ્યમથી મોકલવામાં આવેલા પત્રમાં રાન્યાએ દાવો કર્યો કે, મારી વિમાનની અંદરથી જ ધરપકડ કરી લેવામાં આવી હતી અને DRI એ મને સ્પષ્ટીકરણ આપવાની તક આપ્યા વિના ધરપકડ મારી ધરપકડ કરી લીધી હતી. જ્યારે મારી અટકાયત કરવામાં આવી, ત્યારથી લઈને કોર્ટમાં રજૂ કરવા સુધી મને શારીરિક રૂપે પ્રતાડિત કરવામાં આવી હતી. જે અધિકારીઓને હું ઓળખી શકું છું 10-15 વાર થપ્પડ માર્યા. વારંવાર મારપીટ છતાં મેં તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલાં નિવેદનો પર સહી કરવાનો ઈનકાર કરી દીધો.'

### પહેલાં પણ લગાવ્યા આરોપ

આ પહેલાં પણ જ્યારે રાન્યાને આર્થિક ગુનાની સ્પેશિયલ કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી તો કોર્ટે રાન્યાને અનેક સવાલ પૂછ્યા હતાં. કોર્ટે એક્ટ્રેસને પૂછ્યું હતું કે, તમને કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો? ત્યારે એક્ટ્રેસ કોર્ટમાં રડી પડી અને તેણે ડીઆરઆઈ અધિકારીઓ પર માનસિક ત્રાસ આપવાનો આરોપ લગાવ્યો. ત્યારબાદ કોર્ટે રાન્યાને પૂછ્યું કે, શું તમને મેડિકલ સારવાર મળી હતી? આ સવાલના જવાબમાં એક્ટ્રેસે ધ્રુજતા અવાજમાં દાવો કર્યો કે, તેને માનસિક ત્રાસનો સામનો કરવો પડ્યો છે.

### પરિવારના સૂત્રો તરફથી મળતી માહિતી મુજબ તેઓ લાંબા સમયથી બીમાર હતા

## મહારાણા પ્રતાપના વંશજ અરવિંદ સિંહ મેવાડનું નિધન

(એજન્સી) ઉદયપુર । તા. 16

મેવાડના ભૂતપૂર્વ રાજવી પરિવારના સભ્ય અરવિંદ સિંહ મેવાડનું ઉદયપુરમાં લાંબી બીમારી બાદ અવસાન થયું છે. 81 વર્ષીય અરવિંદ સિંહ મહારાણા પ્રતાપના વંશજ હતા. પરિવારના સૂત્રો તરફથી મળતી માહિતી મુજબ તેઓ લાંબા સમયથી બીમાર હતા. તેમની ઉદયપુર સ્થિત તેમના નિવાસસ્થાને સારવાર ચાલી રહી હતી. આજે રવિવારે સવારે તેમણે અંતિમ શ્વાસ લીધા. તેઓ ભગવંત સિંહ મેવાડ અને સુશીલા કુમારીના પુત્ર હતા. તેમના મોટા ભાઈ મહેન્દ્ર સિંહ મેવાડનું ગયા વર્ષે નવેમ્બરમાં અવસાન થયું હતું.ભૂતપૂર્વ મહારાણા



ભગવંત સિંહ મેવાડએ 1963 થી 1983ની વચ્ચે ભૂતપૂર્વ રાજવી પરિવારની ઘણી મિલકતો ભાડે આપી હતી. પિતાના આ નિર્ણયથી મોટો દીકરો મહેન્દ્ર સિંહ મેવાડ ગુસ્સે થયો. આ ગુસ્સાને કારણે તેણે કોર્ટમાં કેસ દાખલ કર્યો. કેસ દરમિયાન તેમણે કોર્ટને કહ્યું કે પ્રોઈમોજેનિચરના નિયમને બાજુ પર રાખીને પૂર્વજોની મિલકત બધામાં સમાન રીતે વહેંચવી જોઈએ. આ પછી ગુસ્સે ભરાયેલા પિતાએ પોતાનું વસિયતનામું લખ્યું અને તેમના નાના પુત્ર અરવિંદ સિંહ મેવાડને મિલકતનો વહીવટકર્તા બનાવ્યો.

અરવિંદ સિંહ મેવાડને પોતાનું પ્રારંભિક શિક્ષણ ઘરે રહીને મેળવ્યું. આ પછી તેઓને અભ્યાસ માટે અજમેર મોકલવામાં આવ્યા. તેમણે અહીંની પ્રખ્યાત મેયો કોલેજમાં રહીને પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યો. આ પછી, તેમણે ઉદયપુરની મહારાણા ભૂપાલ કોલેજમાંથી આર્ટ્સમાં સ્નાતક થયા. આ પછી તેઓ વિદેશમાં અભ્યાસ કરવા ગયા. . અરવિંદ સિંહ મેવાડે યુકેની સેન્ટ આલ્બન્સ મેટ્રોપોલિટન કોલેજમાંથી હોટેલ મેનેજમેન્ટમાં ડિગ્રી મેળવી. તેઓ કોલેજ શિક્ષણ પછી સામાજિક કાર્યમાં ખૂબ સક્રિય હતા. તેમણે HRH ગ્રુપ ઓફ હોટેલ્સના ચેરમેન તરીકે પણ સેવા આપી હતી. આ ઉપરાંત તેઓ મહારાણા મેવાડ ફાઉન્ડેશન ટ્રસ્ટ, મહારાણા મેવાડ ઐતિહાસિક પ્રકાશ ટ્રસ્ટનો પણ ભાગ હતા. હોટેલ સંબંધિત વ્યવસાયો સાથે તેમના જોડાણનું સ્પષ્ટ કારણ હોટેલ મેનેજમેન્ટમાં તેમનું શિક્ષણ હતું.

## વિધાન પરિષદ પેટાચૂંટણી માટે BJPના ઉમેદવારોની યાદી જાહેર

(એજન્સી) મહારાષ્ટ્ર । તા. 16

મહારાષ્ટ્ર વિધાન પરિષદની પેટાચૂંટણી માટે ભાજપે પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી છે. આ યાદીમાં ત્રણ નામોને સ્થાન આપવામાં આવ્યું છે. જેમાં સંદીપ દિવાકરરાવ જોશી, સંજય કિશનરાવ કેનેકર અને દાદારાવ યાદવરાવ કેચેના નામનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્ર વિધાન પરિષદની પાંચ બેઠકો પર પેટાચૂંટણીઓ યોજાવાની છે. ભારતીય જનતા પાર્ટી (BJP) એ મહારાષ્ટ્રમાં યોજાનારી વિધાનસભા પેટાચૂંટણી માટે ત્રણ નામોની યાદી જાહેર કરી છે. ભાજપ દ્વારા જાહેર કરાયેલી આ યાદીમાં સંદીપ દિવાકરરાવ જોશી, સંજય કિશનરાવ કેનેકર, દાદારાવ યાદવરાવ કેચેના નામનો સમાવેશ થાય છે. તમને જણાવી દઈએ કે અહીં પાંચ બેઠકો માટે પેટાચૂંટણી યોજાવા જઈ રહી છે.

## વાતાવરણમાં પલટો, દિલ્હી-NCRમાં હવામાન બદલાયું

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

દિલ્હી-એનસીઆરમાં હવામાન બદલાયું છે આજે સવારે જોરદાર ઠંડા પવનો હતા, તેમ છતાં આજે (શનિવારની સવાર, 15 માર્ચ) મહત્તમ તાપમાન 31.73 C હતું. આજે દિવસ દરમિયાન લઘુત્તમ અને મહત્તમ તાપમાન 20.05 C અને 35.88 C રહેવાની ધારણા છે. હવામાં ભેજ 18% છે અને પવનની ઝડપ 23 કિલોમીટર પ્રતિ કલાક છે. સૂર્ય સવારે 6:31 વાગ્યે ઉગશે અને 6:29 વાગ્યે અસ્ત થશે. ગત દિવસે મહત્તમ તાપમાન 36.2 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 17.6 ડિગ્રી રહ્યું હતું. આ અપડેટ સિવાય ભારતીય હવામાન વિભાગે પણ આજે અને આવતીકાલે દિલ્હી-NCRમાં વાદળછાયું વાતાવરણ રહેવાનું એલર્ટ આપ્યું છે.

## મુસ્લિમ સમાજને શિક્ષણની જરૂર, IAS-IPS બનશે તો સમાજનું ભલું થશે: ગડકરી




(એજન્સી) નવી દિલ્હી । તા. 16

પોતાની સ્પષ્ટવક્તા શૈલી માટે જાણીતા મોદી સરકારમાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું હતું કે, 'હું જાહેર ચર્ચામાં જાતિ અને ધર્મને ક્યારેય લાવતો નથી. કારણ કે મારૂ માનવું છે કે લોકો સમાજ સેવાને બીજી કોઈ પણ વસ્તુ કરતાં વધુ મહત્ત્વપૂર્ણ માને છે. જે કોઈ જાતિ વિશે વાત કરશે, હું તેને લાત મારીશ. ગડકરીએ કહ્યું કે મને ચૂંટણી હારી જવા કે મંત્રી પદ ગુમાવવાની કોઈ ચિંતા નથી અને એ જ દિશામાં વિચારતાં મેં મારું કામ ચાલુ રાખ્યું છે.'

નનમુડા સંસ્થાના દીક્ષાંત સમારોહમાં દરમિયાન કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે, 'હું ક્યારેય આ બાબતો (જાતિ/ધર્મ) પર ભેદભાવ કરતા નથી. હું રાજનીતિમાં છું અને અહીં ઘણું બધું કહેવામાં આવે છે. પરંતુ મેં નક્કી કર્યું છે કે હું મારી રીતે જ કામ કરીશ અને મને કોણ મત આપશે કે નહીં આપે તે અંગે નહીં વિચારું. મારા મિત્રોએ પણ મને કહ્યું હતું કે મારે આવી વાતો ન બોલવી જોઈએ , પરંતુ મેં મારા જીવનમાં આ સિદ્ધાંત જ અપનાવવાનું નક્કી કર્યું છે. ભલે પછી હું ચૂંટણી હારી જાઉં કે મને કોઈ મંત્રી પદ ન મળે, મને એનાથી કોઈ ફેર પડવાનો નથી.'

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે, 'જો મુસ્લિમ સમુદાયમાંથી વધુને વધુ એન્જિનિયરો, IPS અને IAS અધિકારીઓ બનશે, તો બધા માટે વિકાસ થશે. આપણી પાસે પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એપીજે અબ્દુલ કલામનું ઉદાહરણ છે. આજે હજારો વિદ્યાર્થીઓ અંજુમન-એ-ઈસ્લામના બેનર હેઠળ એન્જિનિયર બની રહ્યા છે. જો તેમને ભણવાની તક ન મળી હોત તો કંઈ થયું ન હોત. આ શિક્ષણની તાકાત છે. તે જીવન અને સમુદાયોને બદલી શકે છે.'

## 'ન હિન્દીનો વિરોધ, ન જબરદસ્તી થોપવાનું સમર્થન', નિવેદન બાદ હોબાળો થતાં પવન કલ્યાણે કરી સ્પષ્ટતા

(એજન્સી) નવી દિલ્હી । તા. 16

કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ત્રિભાષી ફોર્મ્યુલાને લઈને તમિલનાડુમાં હોબાળો ચાલી રહ્યો છે. રાજ્યમાંથી દરરોજ હિન્દી વિરુદ્ધ કોઈને કોઈ નિવેદન આવી રહ્યું છે. સીએમ સ્ટાલિન પોતે હિન્દી વિરોધી આંદોલનનું નેતૃત્ત્વ કરી રહ્યા છે. તમિલનાડુમાં હિન્દી વિરોધી આંદોલન એટલી હદે પહોંચી ગયું છે કે તાજેતરમાં બજેટના લોગોમાંથી રૂપિયાના દેવનાગરી પ્રતીકને હટાવીને તેની જગ્યાએ તમિલ મૂળાક્ષરો લગાવવામાં આવ્યો છે. એવામાં આ મામલે અભિનેતા અને આંધ્રપ્રદેશના ડેપ્યુટી સીએમ પવન કલ્યાણે નિવેદન આપ્યું હતું. આ નિવેદન બાદ હોબાળો થતા પવન કલ્યાણે સ્પષ્ટતા પણ કરી છે.



### 'ન હિન્દીનો વિરોધ, ન જબરદસ્તી થોપવાનું સમર્થન'

આંધ્રપ્રદેશના નાયબ મુખ્યમંત્રી અને જન સેના પાર્ટીના પ્રમુખ પવન કલ્યાણે પોતાની હાલની ટિપ્પણી પર સ્પષ્ટતા કરી છે. જેમાં તેમણે તમિલ ફિલ્મોના હિન્દીમાં ડબ થવાને લઈને સવાલ ઉઠાવ્યા હતા. વધતા વિવાદ વચ્ચે તેમણે શનિવારે કહ્યું કે, 'ક્યારેય હિન્દી ભાષા વિરૂદ્ધ નથી રહ્યા અને તેમની વાતને ખોટી રીતે રજૂ કરવામાં આવી રહી છે.'સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોતાની પ્રતિક્રિયા આપતા પવન કલ્યાણે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ને લઈને પણ પોતાનું વલણ સ્પષ્ટ કર્યું. તેમણે કહ્યું કે, 'કેટલાક લોકો આને રાજનીતિક ફાયદા માટે તોડીમરોડીને રજૂ કરી રહ્યા છે. તેમણે લખ્યું કે, અમારી પાર્ટી ભાષાઓ સ્વતંત્રતા અને લોકશાહીના મૂલ્યોના સંપૂર્ણ પક્ષમાં છે. દરેક ભારતીયને પોતાની પસંદની ભાષામાં શિક્ષણ મેળવવાનો અધિકાર છે. જબરદસ્તી કોઈ ભાષા થોપવી અથવા કોઈ ભાષાનો અંધવિરોધ કરવો, બંને આપણી રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક એકતા માટે યોગ્ય નથી.'પોતાની સ્પષ્ટતામાં પવન કલ્યાણે કહ્યું કે, 'મેં ક્યારેય હિન્દી ભાષાનો વિરોધ નથી કર્યો. હું માત્ર તેને દરેક માટે ફરજિયાત બનાવવાનો વિરોધ કર્યો હતો. જ્યારે 'NEP-2020' પોતે હિન્દીને ફરજિયાતપણે લાગુ કરતું નથી, તો તેના અમલીકરણ વિશે ખોટા નિવેદનો આપવા એ જનતાને ગેરમાર્ગે દોરવા સિવાય બીજું કંઈ નથી.'

### તમિલ ફિલ્મોને હિન્દીમાં ડબ કરવા અંગે આપ્યું હતું નિવેદન

ઉલ્લેખનીય છે કે, જનસેના પાર્ટીના વડા અને આંધ્રપ્રદેશના ડેપ્યુટી સીએમ પવન કલ્યાણે કેન્દ્ર સાથે ભાષાના વિવાદ પર ડીએમકેની ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે, 'મને સમજાતું નથી કે કેટલાક લોકો શા માટે સંસ્કૃતની ટીકા કરે છે. આર્થિક લાભ માટે તેમની ફિલ્મોને હિન્દીમાં ડબ કરવાની મંજૂરી આપતાં તમિલનાડુના રાજકારણીઓ હિન્દીનો વિરોધ શા માટે કરે છે? તેઓ બોલિવૂડ પાસેથી પૈસા માગે છે, પરંતુ હિન્દી સ્વીકારવાનો ઈનકાર કરે છે - આ કેવો તર્ક છે?'

### 'આપણે ભાષાકીય વિવિધતાને સ્વીકારવી જોઈએ'

પવન કલ્યાણે જનસેના પાર્ટીના 12મા સ્થાપના દિવસની ઉજવણી સમયે આ વાતો કહી. ડેપ્યુટી સીએમએ કહ્યું હતું કે, 'ભારતમાં ઘણી ભાષાઓ બોલાય છે. દેશને બે મુખ્ય ભાષાઓને બદલે તમિલ સહિત ઘણી ભાષાઓની જરૂર છે. આથી આપણે ભાષાકીય વિવિધતાને સ્વીકારવી જોઈએ. આનાથી દેશમાં માત્ર એકતા અને અખંડિતતા જ નહીં વધે પરંતુ આપણા લોકોમાં પ્રેમ અને એકતા પણ વધશે. મુસ્લિમો અરબી-ઉર્દુમાં દુઆ પઢે છે, હિન્દુઓ સંસ્કૃતમાં પૂજા કરે છે. તો શું તમે તેમને પણ તમિલ અથવા તેલુગુમાં પ્રાર્થના કરવા કહેશો?'

### 'ઉત્તર-દક્ષિણનું વિભાજન ન કરો'

પવન કલ્યાણે ડીએમકે નેતાઓના હિન્દી વિરોધી વલણની ટીકા કરી અને કહ્યું હતું કે, 'આ ખરેખર ભ્રામક બાબતો છે. ઉત્તર-દક્ષિણના વિભાજનથી આગળ વધો અને એકતા અને અખંડિતતાને મહત્ત્વ આપો. કોઈ વસ્તુને તોડવી સહેલી છે, પરંતુ તેને ફરીથી જોડવી ખૂબ જ મુશ્કેલ છે. આથી જનતાના હિતમાં કામ કરે તેવા રાજકીય પક્ષોને પસંદ કરો.' 'કોઈપણ ભાષા પ્રત્યે પ્રતિકૂળ વલણ રાખવું તે સંપૂર્ણપણે અવિવેકી છે' તેલુગુ અભિનેતા પવન કલ્યાણે કહ્યું હતું, 'તમિલનાડુ રાજ્ય હિન્દીને કેમ નકારે છે? જ્યારે ઉત્તર પ્રદેશ, બિહાર અને છત્તીસગઢ જેવા હિન્દીભાષી વિસ્તારોના લોકો તમિલ ફિલ્મોને ખૂબ પસંદ કરે છે.


**જના સ્મોલ ફાઇનાન્સ બેંક** (શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંક)

**રજિસ્ટર્ડ ઓફિસ:** ધ ફેરવે, ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર, સર્વે નં.10/1, 11/2 અને 12/2બી, ડોમલુરની બહાર, કોરામંગલા ઇનર રિંગ રોડ, ઇજીએલ બિઝનેસ પાર્કની બાજુમાં, ચલ્લાઘટ્ટા, બેંગ્લોર-560071.

**સોનાના ઘરેણાંની હરાજી માટેની જાહેર સૂચના**

નીચે જણાવેલ દેવાદારોએ ઘણી વાર યાદ અપાવવા છતાં લોન ચૂકવવામાં અને સોનાના દાગીના રિડીમ કરવામાં નિષ્ફળ રહ્યા છે. નીચે જણાવેલ દેવાદારો દ્વારા ઉપરોક્ત લોન ખાતા હેઠળ ગીરવે મુકવામાં આવેલા સોનાના દાગીના/આભૂષણો **21-03-2025ના રોજ સવારે 10.30 વાગ્યે** અમારી શાખા પરિસરમાં જાહેર/ઓનલાઇન/ખાનગી હરાજીમાં વેચવામાં આવશે. ભાગ લેવા ઇચ્છુક લોકોને શાખાનો સંપર્ક કરવા વિનંતી છે. બેંક કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ બિડ સ્વીકારવા અથવા નકારવાનો અધિકાર અનામત રાખે છે. કૃપા કરીને નોંધ લો કે જો હરાજી તે જ દિવસે પૂર્ણ ન થાય, તો તે પછીના દિવસોમાં તે જ નિયમો અને શરતો પર લાગુ થશે. જો ગ્રાહકનું મૃત્યુ થયું હોય તો હરાજી સંબંધિત બધી શરતો નોમિની/કાનૂની વારસદારને લાગુ પડશે. ઉધાર લેનારને હરાજીની તારીખ પહેલાં અદ્યતન વ્યાજ અને આનુષંગિક ખર્ચ ચૂકવવા માટે સૂચિત કરવામાં આવે છે, નહીં તો ગીરવે મુકાયેલા સોનાના દાગીના વેચી દેવામાં આવશે અને બાકી રહેલ બાકી રકમ વ્યાજ અને કિંમત સાથે વસૂલ કરવામાં આવશે. કોઈપણ પ્રશ્નો અને નિયમો અને શરતો માટે શાખાનો સંપર્ક કરો. શાખાના સરનામાની વિગતો માટે **www.janabank.com** ની મુલાકાત લો.

| સં ક્ર. | લોન એકાઉન્ટ નંબર | ઉધાર લેનાર/સહ-ઉધાર લેનારનું નામ | ગીરવે મૂકેલા સોનાના દાગીનાનું કુલ વજન |
|---|---|---|---|
| 1 | 32108160000471 | ઠાકોર તખાજી | 16.7 |
| જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, ત્રીજો માળ, કૃષ્ણમ પ્લાઝા, ઓફિસ નં.ટી-11, ટી-12, ટી-13, ટી-14, આર.એસ. નં.1040, જિલ્લા કોર્ટની સામે, પાટણ-384265, ભારત | | | |
| 2 | 33998740002041 | પાર્થકુમાર ડોબરીયા | 43.7 |
| 3 | 33998740002271 | જીતેન્દ્રસિંહ અજમેરસિંહ રાઠોર | 16.11 |
| 4 | 33998730018795 | વાસંતી દરબાર | 10.1 |
| 5 | 33998730017803 | કુશવાહ ઉમેશભાઈ | 4.7 |
| જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, ગ્રાઉન્ડ ફ્લોર, સર્વે નં.421, વેદ બંગલોઝ એરપોર્ટ રોડની સામે, નાના ચિલોડા અમદાવાદ, નરોડા-382361, ભારત | | | |
| 6 | 48070670000010 | પટેલ ભરતકુમાર બાબુલાલ | 139.89 |
| 7 | 33468740001283 | પટણી રાહુલ | 24.44 |
| 8 | 33468740001221 | રાજપૂત સંજીત | 37.38 |
| 9 | 33468740000840 | પટેલ પ્રતિક મહેન્દ્રભાઈ | 71.02 |
| 10 | 33468740000780 | ગુપ્તા મીના | 11.74 |
| 11 | 33460670000059 | ચૌહાણ તીર્થરાજ કિશોરસિંહ | 190.25 |
| જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, પહેલો માળ, દુકાન નં. 115 અને 116, નમસ્કાર સર્કલ પાસે, સ્વામી નારાયણ મંદિર સામે, શાહીબાગ, અમદાવાદ-38004, ભારત | | | |
| 12 | 31798160000602 | હરેશકુમાર પ્રભાતભાઈ રબારી | 16.03 |
| જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ, નિવાસ નં. 871/11, પ્લોટ નં. 51 થી 73, રત્નસાગર કોમ્પ્લેક્સ, બીજો માળ, દુકાન નં. 51 થી 55, સહકાર જિન રોડ, કાંકનોલ ગામ, હિંમતનગર-383001, ભારત | | | |
| 13 | 33028730015515 | નીતાબેન મદ્રાસી | 3.54 |
| 14 | 33028730014907 | પાર્વતીબેન સુરેશ ભાઈ | 3.75 |
| 15 | 33028730017764 | જ્યોતિ બબલુ | 5.25 |
| 16 | 33028730017215 | સોનલબેન પ્રવિણભાઈ | 2.5 |
| 17 | 33028730016518 | રેણુ દેવી ગૌડ | 4.95 |
| જના સ્મોલ ફાઇનાન્સ બેંક, દુકાન નં. 21, 22, 23, પહેલો માળ, રુદ્ર ગ્રીન્સ, જુના નારોલ કોર્ટ પાસે, નારોલ, અમદાવાદ 382405 | | | |
| 18 | 45168740000686 | ચારપોટ કિરણકુમાર | 54.62 |
| 19 | 45168740000634 | પ્રજ્ઞાબેન સોલંકી | 17.25 |
| 20 | 45168740000597 | પ્રફુલકુમાર પરમાર | 42.98 |
| 21 | 45168740000545 | મનીષ મકવાણા | 14.79 |
| 22 | 45168730001890 | પરમાર પ્રભુદાસ | 8.76 |
| રૂમ નંબર 101, પહેલો માળ, સિગ્મા આર્કેડ, વિજય સેલ્સ ઉપર, વિસત પેટ્રોલ પંપ પાસે, સર્વે નંબર 224એ+બી ટી પી નંબર 21, ફાઇનલ પ્લોટ નંબર 141/04, અમદાવાદ, ગુજરાત, 382424 | | | |

સ્થળ: ગુજરાત
તારીખ: 17-03-2025

Sd/- અધિકૃત અધિકારી
જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ

સિટી એક્સપ્રેસ
MONDAY 17 MARCH-2025
AHMEDABAD

## દહેગામના વેપારીને લંડન મોકલવાના બહાને 20.46 લાખની ઠગાઈ

દહેગામમાં રહેતા અને ગાડીની લે-વેચનો વ્યવસાય કરતા પંકજકુમાર પટેલ સાથે લંડન મોકલવાના બહાને રૂ. 20.46 લાખની છેતરપિંડી થઈ છે. ગાંધીનગરના સરગાસણ એપલ આવાસ સોસાયટીમાં રહેતા હસમુખ હિરજીભાઈ પટેલે વેપારી પંકજકુમારને તેમના પરિવાર સાથે લંડન મોકલવાનું આશ્વાસન આપ્યું હતું. હસમુખે લંડન જવાનો કુલ ખર્ચ 32 લાખ રૂપિયા જણાવ્યો હતો. જાન્યુઆરી 2023માં લંડન મોકલવાની લાલચ આપી હસમુખે પંકજકુમાર પાસેથી તબક્કાવાર નાણાં પડાવ્યા હતા.

## 19 હજાર ચોરસમીટરમાં 19 હજાર ફુલછોડનું સુશોભન

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સેક્ટર-30ને મોડેલ સેક્ટર તરીકે ડેવલપ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે પરંતુ સેક્ટર મોડેલ બને તે પહેલા અહીંનો ગાર્ડન મોડેલ બનાવવામાં આવ્યો છે. શહેરના છેવાડે આવેલા સેક્ટર-30માં હરીયાળી અને કલરફુલ ફ્લાવર પ્લાન્ટ અને નાગરિકો માટે યોગા સહિતની સુવિધા સાથેનો ગાર્ડન 2.31 કરોડના ખર્ચે મહાનગરપાલિકા દ્વારા બનાવવામાં આવ્યો છે. 29755 ચોરસમીટર પ્લોટ એરીયામાં ફેલાયેલા ગાર્ડનનો સર્બ એરીયા 19340 ચોરસમીટર છે. જેમાં 19 હજારથી વધુ ફુલછોડ ઉગાડવામાં આવ્યા છે.



## રિવર ફ્રન્ટ પર સન્ડે ઓન સાયકલ અભિયાનમાં કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયા સામેલ થયા




ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદના સાબરમતી રિવર ફ્રન્ટ પર ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન તથા સ્પોર્ટસ અથોરિટી ઓફ ઈન્ડિયાના સહયોગથી સન્ડે ઓન સાયકલ યોજાઈ હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડો. મનસુખ માંડવિયા હાજર રહ્યાં હતાં. રિવરફ્રન્ટ ખાતે 650થી વધુ લોકો સાયકલ ચલાવવા જોડાયા હતા. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી ડો.મનસુખ માંડવિયાએ જણાવ્યું કે ફિટ ઈન્ડિયા મુવમેન્ટ સમગ્ર દેશમાં આગળ વધી રહી છે. સન્ડે ઓન સાયકલ ધીમે ધીમે કલ્ચર બનવા લાગ્યું છે, આજે 5000થી વધુ સ્થળોએ ડોકટરો સન્ડે ઓન સાયકલિંગ કરીને, ફિટ ઈન્ડિયાનો સંદેશ આપી રહ્યા છે. આ રવિવારની થીમ IMA દ્વારા દેશભરમાં શરૂ કરવામાં આવી છે. મંત્રીએ વધુમાં જણાવ્યું કે, આપણે ફિટ રહેવું હોય તો સાયકલિંગ કરવું પડશે. આપણે પ્રકૃતિ, પર્યાવરણને બચાવવો હોય, પ્રદૂષણ ઘટાડવા, ટ્રાફિક ઓછો કરવા આપણે સાયકલ ચલાવવી પડશે.

### ડ્રગ-મુક્ત ભારત બનાવવા માટે મોદી સરકારની કૂચને વેગ આપતા

# એનસીબીએ 88 કરોડના મેથામ્ફેટામાઇન ટેબ્લેટ્સનો જંગી જથ્થો જપ્ત કર્યો

### ઇમ્ફાલ અને ગુવાહાટી ઝોનમાં આંતરરાષ્ટ્રીય ડ્રગ કાર્ટેલના 4 સભ્યોની ધરપકડ કરી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી અમિત શાહે કહ્યું છે કે, ડ્રગ કાર્ટેલ માટે કોઈ દયા નહીં રહે. 88 કરોડની કિંમતના મેથામ્ફેટામાઇન ટેબ્લેટ્સનો જંગી જથ્થો જપ્ત કરવા અને આંતરરાષ્ટ્રીય ડ્રગ કાર્ટેલના 4 સભ્યોની ધરપકડ કરવા બદલ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો (એનસીબી) ને અભિનંદન પાઠવતા કેન્દ્રીય ગૃહ પ્રધાને એક X પોસ્ટમાં જણાવ્યું હતું કે ડ્રગની હેરફેર એ તપાસ માટે બોટમ-ટુ-ટોપ અને ટોપ-ટુ-બોટમ અભિગમની ઉત્કૃષ્ટ કામગીરીનો પુરાવો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, 'ડ્રગ કાર્ટેલ માટે કોઈ દયા નહીં. ડ્રગ-મુક્ત ભારત બનાવવા માટે મોદી સરકારની કૂચને વેગ આપતા, 88 કરોડ રૂપિયાના મેથામ્ફેટામાઇન ટેબ્લેટ્સનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે, અને આંતરરાષ્ટ્રીય ડ્રગ કાર્ટેલના 4 સભ્યોની ઈમ્ફાલ



અને ગુવાહાટી ઝોનમાં ધરપકડ કરવામાં આવી છે. ડ્રગની તપાસ માટે બોટમ-ટુ-ટોપ અને ટોપ-ટુ-બોટમ અભિગમ કામગીરીનો પુરાવો છે. ડ્રગ્સની અમારી શોધ ચાલુ જ છે. ટીમ એનસીબીને હાર્દિક અભિનંદન.' તા.13-03-2025ના રોજ બાતમીના આધારે એનસીબી ઈમ્ફાલ ઝોનના અધિકારીઓએ લીલોંગ વિસ્તાર પાસે એક ટ્રકને આંતરી હતી અને વાહનની સઘન તપાસ બાદ ટ્રકના પાછળના ભાગમાં આવેલા ટૂલ બોક્સ/કિબીનમાંથી 102.39 કિલો મેથામ્ફેટામાઇન ટેબ્લેટ મળી આવી હતી. ટ્રકમાં સવાર 02 લોકોને પણ પકડવામાં આવ્યા હતા. વિલંબ કર્યા વિના, ટીમે તરત જ ફોલો-અપ ઓપરેશન હાથ ધર્યું હતું અને લિલોંગ વિસ્તારમાંથી પ્રતિબંધિત ડ્રગનાં શંકાસ્પદ પ્રાપ્તકર્તાને પકડી પાડ્યો હતો. તેની પાસેથી ડ્રગ્સની હેરાફેરી માટે વપરાતું એક ફોર વ્હીલર પણ મળી આવ્યું હતું, જેનો ઉપયોગ ડ્રગ્સની હેરાફેરી માટે કરવામાં આવ્યો હતો. બાદમાં ત્રણેયની ધરપકડ કરવામાં આવી હતી. પ્રતિબંધનો શંકાસ્પદ સ્રોત મોરેહ છે. આ કેસમાં સંડોવાયેલા અન્ય લોકોને પકડવા માટે વધુ તપાસ ચાલી રહી છે. અન્ય એક ઓપરેશનમાં, તે જ દિવસે, માહિતીના આધારે, એનસીબી ગુવાહાટી ઝોનના અધિકારીઓએ સિલચર નજીક આસામ -મિઝોરમ સરહદમાં એક એસયુવીને અટકાવી હતી.

## 'વંદે આયુકોન-2025' કાર્યક્રમમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિ



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદિક એન્ડ યુનાની સિસ્ટમ્સ ઓફ મેડિસિન દ્વારા અમદાવાદ ખાતે 'વંદે આયુકોન-૨૦૨૫'માં ઉપસ્થિત વૈદ્યોને સંબોધન કરતાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે આયુર્વેદ એ જીવન જીવવાનું વિજ્ઞાન છે. મંત્રી પટેલે કહ્યું કે આપણાં ઘરના રસોડામાં રહેલો મસાલાનો ડબ્બો પણ આયુર્વેદનો ખજાનો જ છે. આયુર્વેદનો ઈતિહાસ ખૂબ જૂનો છે અને એટલે આયુર્વેદના ચિકિત્સકોએ તેમને ડૉક્ટર તરીકે ઓળખાવવાના બદલે વૈદ્ય તરીકે ઓળખ આપવામાં ગૌરવ અનુભવવું જોઈએ તેમ તેમણે સૂચવ્યું હતું. આયુર્વેદ શબ્દનું મહત્ત્વ સમજાવતાં મંત્રીશ્રીએ કહ્યું કે આયુ એટલે ઉંમર અને વેદ એટલે વિજ્ઞાન. આ દૃષ્ટિએ આયુર્વેદ એ માત્ર રોગોના નિદાન માટે જ નહીં, પરંતુ જીવન જીવતાં શીખવે છે. આ એક એવું વિજ્ઞાન છે, જે સાઈડ ઈફેક્ટ વિના સારવાર આપે છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યોગ અને આયુર્વેદને વિશ્વ સ્તરે પહોંચાડ્યું છે - આયુર્વેદ અને યોગને બ્રાન્ડ બનાવ્યાં છે.

## અમરાઈવાડીમાં 3 વ્યક્તિ પર જીવલેણ હુમલો

(એજન્સી) અમદાવાદા તા. 16

અમરાઈવાડીમાં રસ્તા વચ્ચે ઉભેલા લોકોને સાઈડમાં હટાવવા માટે હોર્ન મારવા જેવી સામાન્ય બાબતમાં થયેલી બોલાચાલીમાં ત્રણ વ્યક્તિઓ ઉપર છરીથી હુમલો કરવામાં આવ્યો હતો. આ અંગે યુવકે અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં ત્રણ લોકો સામે ફરિયાદ નોધાવી છે. અમરાઈવાડીમાં ન્યુ જય પાર્વતીનગરમાં રહેતો અનુજ રાઠોડ ટોરેન્ટ પાવરમાં ડીલીવરી બોય તરીકે નોકરી કરે છે. શુકવારે અનુજના મોટાબાપા વસંતભાઈએ કહ્યુ હતુ કે તેઓ તેમની દિકરી હીના અને જમાઈ કમલેશભાઈ ત્રણે ઘરે આવતા હતા ત્યારે પ્રગતિ નગર ચાર રસ્તા પાસે ત્રણ છોકરા રોડ પર ઉભા હોઈ તેમને સાઈડમાં ઉભા રહેવા માટે બાઈકનો હોર્ન વગાડતા તેમણે બોલાચાલી કરી હતી. ત્યારબાદ અનુજ તેના મોટાબાપા સાથે પ્રગતિ નગર જતા ત્યાં રોહિત ઉર્ફે ડેની તેના મિત્ર નિખિલ અને સુમિત સાથે ઉભો હતો. આ લોકોને ઝઘડો કરવા અંગે પુછતા તેમણે ઉશ્કેરાઈને ગાળો બોલી મારમારી શરૂ કરી હતી. જેમાં અનુજને તેના મોટાબાપા વસંતભાઈને તેમજ ઝઘડામાં વચ્ચે પડનારા તેમના પાડોશી હિતેશભાઈ મકવાણા ઉપર છરીથી હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં વસંતભાઈને છાતીના ભાગે, હિતેશભાઈને ડાબા થાપાના ભાગે તેમજ અનુજને છાતીમાં ડાબીબાજુએ ઈજા થતા લોહી નીકળવા લાગતા બૂમાબૂમ થતા આસપાસના લોકોએ આવીને તેમને વધુ માર મારવાથી બચાવ્યા હતા.

### સારંગપુર બ્રિજનું કામ થાય તો આ બ્રિજનું ક્યારે ?:

# હાટકેશ્વર બ્રિજને તોડવાની માગ સંકલન સમિતિમાં ઉઠી

(એજન્સી) અમદાવાદા તા. 16

શહેરના ભ્રષ્ટાચારના પ્રતિક સમાન હાટકેશ્વર બ્રિજનો મામલો આજે સંકલન સમિતિની બેઠકમાં ઉઠાવાયો હતો. સારંગપુર અને કાલુપુર બ્રિજને તોડીને નવા બનાવાની કામગીરી શરૂ થઈ શકતી હોય. તો હાટકેશ્વર બ્રિજ જોખમી હોવાથી કોઈ અનિચ્છનીય બનાવ બને તે પહેલા તેને પણ તોડીને પુન-નિર્માણ કરવાની કામગીરી શરૂ કરે તેવી માંગ કરાઈ છે. જમાલપુર-ખાડીયા ના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ મ્યુનિ.ના પશ્ચિમ ઝોન ઉસ્માનપુરા ખાતે સંકલન સમિતિની મિટિંગમાં પૂર્વ વિસ્તારના નાગરિકોના વિશાળ હીતમાં ધારદાર રજૂઆત સ્થાનિક નાગરિકો-વ્યાપારીઓ વતી કરી હતી. આ અંગે હાટકેશ્વરના પૂર્વ કાઉન્સિલર જ્યોર્જ ડાયસે જણાવ્યું હતું કે, હાટકેશ્વરના બ્રિજ હલકી અને નબળી કક્ષાનો બનાવ્યો હોઈ મોટી હોનારતનું પ્રતીક ન બને તે પહેલા તાત્કાલિક



અસરથી બ્રિજ તોડો....હોનારત રોકો ઝુંબેશ અમારા ગ્રૂપે શરૂ કરી છે.

આ ઝુંબેશ અંતર્ગત અમે જમાલપુરના ધારાસભ્યને રજૂઆત કરી હતી. એટલે આજે તેમણે બ્રિજ ઉતારવા બાબતે સંકલન સમિતિમાં ધારદાર રજૂઆત કરી હતી. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, બ્રિજ બંધ હોવાથી તેની નીચેથી સેંકડો લોકો દરરોજ અવરજવર કરે છે. જર્જરિત બ્રિજ તુટ્યો તો મોટી જાનહાનિ થઈ શકે છે. ત્યારે ટ્રાફિકની સમસ્યાના ઉકેલ માટે તાકિદે આ પુલ તોડીને નવેસરથી બનાવાની કામગીરી શરૂ કરવા અમારી માંગણી છે.

## રાજસ્થાનથી રિક્ષામાં લવાયેલા દારૂ-બીયર સાથે 4 ઝડપાયા

(એજન્સી) અમદાવાદા તા. 16

રાજસ્થાન આબુરોડના ઠેકા પરથી ઓટોરિક્ષામાં દારૂનો જથ્થો લઈને આવેલા બે ઈસમોને દાણીલીમડા પોલીસે ઝડપી વિદેશી બનાવટનો દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડયો હતો. આ અંગે પોલીસે દારૂ લાવનારા અને ડીલીવરી લેવા આવેલા મળી કુલ ચારની ધરપકડ કરી છે. દાણીલીમડા પોલીસની ટીમને બાતમી મળી હતી કે કેટલાક લોકો દારૂનો જથ્થો રિક્ષામાં લાવી હેરાફેરી કરી રહ્યા છે. બાતમીના પગલે પોલીસે રહેમાનનગર ફૈસલનગર પાસે વોચ ગોઠવીને એક શંકાસ્પદ રિક્ષાને રોકી તપાસ કરતા તેમાંથી વિદેશી બનાવટના દારૂની 46 બોટલ તથા બિયરના 48 ટીન મળી આવ્યા હતા. આ અંગે રિક્ષાચાલક અફઝલ કાદરભાઈ મીરઝા, અસલમખાન રહેમાનખાન પઠાણ, મોહંમદ રીઝવાન ઈસ્તીયાક અહેમદ અન્સારી અને અરબાઝખાન દિલાવરખાન પઠાણની ધરપકડ કરી હતી. પોલીસે આરોપીની સામે પ્રોહીબીશનનો ગુનો દાખલ કરી આરોપીઓની પુછપરછ હાથ ધરતા જાણવા મળ્યુ હતુ કે આરોપી અફઝલ મીરઝા અને અસલમખાન બંને રિક્ષા લઈને રાજસ્થાન આબુરોડ ગયા હતા જ્યાં ઠેકા પરથી દારૂ અને બિયરનો જથ્થો રિક્ષામાં લઈને અમદાવાદ આવ્યા હતા. આ દારૂ અને બિયરની ડીલીવરી લેવા માટે મોહંમદ રીઝવાન અન્સારી અને અરબાઝખાન પઠાણ એકસેસ ટુ વ્હીલર લઈને આવ્યા હતા. જ્યાં પોલીસે ચારેને ઝડપી લીધા હતા.

### ગત ડિસેમ્બરમાં ભરતી કરવામાં આવી, 48 જગ્યા બારોબાર ભરી

# ભરતી પ્રક્રિયા વિના ITRAએ 48 કોન્ટ્રાક્ટ કર્મીઓને કેન્દ્રની કાયમી નોકરી આપી દીધી

(એજન્સી) અમદાવાદા તા. 16

ભરતી પ્રક્રિયા કર્યા વગર જ રાતોરાત કોન્ટ્રાક્ચ્યુઅલ કર્મચારીઓને કેન્દ્ર સરકારના લાખોના પગારદાર બનાવી દેવાનું કૌભાંડ જામનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદામાં (ઈટરા) સામે આવ્યું છે. ઈટરાએ ગ્રેડ-પે 1900 લેવલ-2 થી લઈને ગ્રેડ-પે 10000 લેવલ-14 સુધીના 48 કર્મચારીઓની કાયમી ભરતી બારોબાર કરી દીધી છે. અગાઉ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી સાથે જોડાયેલી 3 ખાનગી કોલેજો અને ઈટરાની મૂળ સંસ્થા મળીને કેન્દ્ર સરકારની ઈન્સ્ટિટ્યૂટનું નિર્માણ કરાયું હતું. રાજ્ય સરકારની કોઈ પણ સંસ્થા કેન્દ્ર સરકાર હસ્તક આવે તેવા કિસ્સામાં મૂળ સંસ્થાના કર્મચારીઓનો સમાવેશ કેન્દ્રના કર્મચારીઓ તરીકે જે રીતે અગાઉ ભરતી કરેલી હોય તે પ્રકારે જ થતો હોય છે, એટલે કે કોન્ટ્રાક્ચ્યુઅલ કર્મચારીને સરકારી નોકરી ન ફાળવી શકાય. મે 2023માં આયુષ મંત્રાલય દ્વારા પ્રોફેસર, મેડિકલ ઓફિસર, ક્લાર્ક, નર્સિંગ ઓફિસર, ફાર્માસિસ્ટ જેવી નવી 57 જગ્યાઓ મંજૂર કરાઈ હતી. જેમાં પોતાના અંગત લોકોને સમાવવા ઈટરાના સત્તાધીશોએ કુલડીમાં ગોળ ભાંગીને ભરતી પ્રક્રિયા જ હાથ ધરી ન હતી. 48માંથી 13 લોકો 50 લાખના કોન્ટ્રાક્ટ પર જ્યારે બાકીના 35 જણાં 3 થી લઈને 11 માસના કોન્ટ્રાક્ટ પર નોકરી કરતાં હતાં. ઈટરામાં નવી 57 જગ્યા મંજૂર કરવા આયુષ સચિવની હાજરીમાં દિલ્હી ખાતે મે 2023માં મીટિંગ યોજાઈ હતી. જેમાં ઈટરાના રજિસ્ટ્રાર સહિત અર્પણ ભટ્ટ અને જોબન મોઢા હાજર રહ્યાં હતાં. ડિસેમ્બર 2024માં ભરતીમાં આ બંને લોકોનો પણ સમાવેશ.

## નિકોલમાં સેલ્ફ ડ્રાઈવ માટે લીધેલી કાર લઈ ગઠિયો ફરાર

(એજન્સી) અમદાવાદા તા. 16

નિકોલમાં રહેતા એક મહિલાએ તેમની કાર 10 દિવસ સેલ્ફ ડ્રાઈવ માટે આપી હતી. જો કે 10 દિવસ બાદ પણ કાર પરત નહી મળતા કાર લઈ જનારે મારા શેઠ દિલ્હી ગયા છે તેઓ આવે એટલે કાર પરત આપી જઈશ તેમ કહીને કાર પરત આપતો નહતો. અંતે કંટાળીને મહિલાએ નિકોલ પોલીસ સ્ટેશનમાં કાર ભાડે લેનાર વ્યક્તિ સામે છેતરપીંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી છે. નિકોલમાં રહેતા સોનાબેન સંજયભાઈ પ્રજાપતિએ તેમની સ્વીફ્ટ ડીઝાયર કાર 2024માં ઝુમ કાર નામની સેલ્ફ ડ્રાઈવ કંપનીમાં નોંધાયેલ હતી. દરમિયાન ગત 27 ફેબ્રુઆરીના રોજ ઝુમ કંપનીમાં તેમની કારનુ બુકીંગ થયુ હતુ. જેથી તેમના ઘરે ભરતપુરી દશરથપુરી ગોસ્વામી( રહે, ગામ વડથુ.જિ અરવલ્લી) આવ્યો હતો અને તેનુ આધારકાર્ડ બતાવીને કાર સેલ્ફ ડ્રાઈવ માટે 10 દિવસનુ કહીને લઈ ગયો હતો. 10 દિવસ વીતી ગયા બાદ પણ કાર પરત નહી મળતા સોનાબેને ભરતપુરીને ફોન કરીને કાર પરત માંગી હતી. જો કે ભરતપુરીએ તેમને કહ્યુ હતુ કે મારા શેઠે તમારી ગાડી બુક કરાવી હતી અને હાલમાં તેઓ દિલ્હી ગયા છે. તેઓ આવી જશે પછી તમારી ગાડી મોકલી આપીશ. ત્યારબાદ અવારનવાર ભરતપુરી પાસે કારની માંગણી કરતા તે બહાના બતાવતો હતો. સોનાબેને આ મામલે નિકોલ પોલીસ સ્ટેશનમાં ભરતપુરી ગોસ્વામી સામે છેતરપીંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી છે.

### પારો 40 ડિગ્રી સેલ્સિયસથી નીચે ગયો

# આગામી 5 દિવસ દરિયાકાંઠા વિસ્તારમાં બફારો અકળાવશે



(એજન્સી) અમદાવાદા તા. 16

હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતમાં આગામી સાત દિવસ વાતાવરણ શુષ્ક રહેવાની સંભાવના છે. આ સાથે જ તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફારની શક્યતાઓ નહિવત છે, પરંતુ લઘુત્તમ અને મહત્તમ તાપમાન ઘટતી જતી સ્થિતિમાં રહેશે. પરંતુ આ ઘટાડો ફક્ત એકથી બે ડિગ્રી સેલ્સિયસનો હોઈ શકે છે. આગામી પાંચ દિવસ વાતાવરણ યથાવત્ રહેવાની શક્યતાઓ છે. ઉલ્લેખનીય છે કે, ગત સપ્તાહની સરખામણીમાં આ સપ્તા દરમિયાન મહત્તમ તાપમાનમાં ઘટાડો આવતા ગરમીથી આંશિક રાહત મળી છે. રાજ્યના તમામ જિલ્લાઓનું મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસ કરતા ઓછું નોંધાઈ રહ્યું છે, જેથી ગુજરાતવાસીઓને હાલ પૂરતી ગરમીથી રાહત મળી છે. તો બીજી તરફ આગામી 5 દિવસ દરિયાકાંઠા વિસ્તારમાં બફારાનો અનુભવ થવાની હવામાન વિભાગે આગાહી કરી છે. રાજ્ય ઉપર હાલમાં પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ દિશા તરફથી પવનો ફુકાઈ રહ્યા છે, જેથી તાપમાનમાં ઘટાડો આવ્યો છે. જો ફરી એક વખત પવનની દિશા બદલાય તો તાપમાનમાં વધારો થઈ શકે છે, પરંતુ આગામી પાંચ દિવસ દરમિયાન તેની શક્યતાઓ ઓછી રહેલી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ ભેજ યુક્ત હોવાને કારણે બફારાનો અનુભવ થશે. જેથી હવામાન વિભાગ દ્વારા સમગ્ર ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારમાં બફારા માટે ચેતવણી જાહેર કરી છે.

**ગુજરાતમાં તાપમાન 40 ડિગ્રીથી નીચે રહ્યું |** ગુજરાતનો તમામ જિલ્લાઓનું મહત્તમ તાપમાન ગત સપ્તાહ કરતા ઘટીને 40 ડિગ્રી સેલ્સિયસથી ઓછું નોંધાઈ રહ્યું છે. ગતરોજ રાજ્યમાં સૌથી વધુ મહત્તમ તાપમાન રાજકોટમાં 38.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ ઉપરાંત ચાર મહાનગરોમાં પણ મહત્તમ તાપમાન 36થી 38cની આસપાસ રહ્યું હતું. જેમાં અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન 37.8, વડોદરાનું મહત્તમ તાપમાન 37.6 અને સુરતનું મહત્તમ તાપમાન 37.2 ડિગ્રી સેલ્સિયસ હતું. જ્યારે આજે પણ મધ્ય ગુજરાતમાં એટલે કે, અમદાવાદ અને આસપાસના વિસ્તારનું મહત્તમ તાપમાન 37થી 38 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની શક્યતાઓ છે.

# GPSCની પરીક્ષાનું આયોજન:સરકારી નોકરી માટે 18000થી વધુ ઉમેદવારોએ આપી પરીક્ષા

(એજન્સી) અમદાવાદા તા. 16

ગુજરાત જાહેર સેવા આયોગ એટલે કે GPSCની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્યમાં વિવિધ 21 વિભાગમાં ભરતી માટે પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ શહેરમાં 93 જેટલા કેન્દ્ર પરથી 18000થી વધુ ઉમેદવારોએ સરકારી નોકરીની ભરતી માટે પરીક્ષા આપી હતી. કેટલાક ઉમેદવારો પહેલેથી જ સરકારી નોકરીમાં છે, પરંતુ પ્રમોશન માટે પરીક્ષા આપવા આવ્યા હતા. અમદાવાદ શહેર ખાતે યોજાયેલી પરીક્ષામાં રાજ્યના વિવિધ જિલ્લાઓ અને ગામડામાંથી પણ ઉમેદવારો અમદાવાદ શહેર ખાતે આવ્યા હતા. સવારના 11 વાગ્યાથી 12 વાગ્યા સુધી એટલે કે એક કલાકના સમયમાં 100 ગુણના MCQની પરીક્ષા લેવામાં આવી હતી. તાજેતરમાં જ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો હતો કે, કોઈપણ સરકારી નોકરી માટેની ભરતી પહેલા પ્રાથમિક પરીક્ષા લેવામાં આવશે. જે મુજબ આજે 16 માર્ચ 2025ના રોજ પ્રાથમિક પરીક્ષા લેવામાં આવી હતી. તેમાં પાસ થયેલા ઉમેદવારો પ્રિલિમ અને ત્યારબાદ મેન્સની પરીક્ષા આપવા લાયક બનશે. વિવિધ 21 વિભાગોમાં ભરતી માટે એક કોમન પરીક્ષા એટલે કે પ્રાથમિક પરીક્ષા લેવામાં આવી છે. હજારો ઉમેદવારોમાંથી ખૂબ ઓછી સંખ્યામાં પાસ થયેલા વિદ્યાર્થીઓ પ્રિલિમ પરીક્ષા માટે લાયક બનશે. સુરેન્દ્રનગર જિલ્લાથી અમદાવાદ શહેરમાં GPSCની પ્રાથમિક પરીક્ષા આપવા આવનાર વિપુલકુમાર રત્વીએ જણાવ્યું હતું કે, હાલમાં હું નોકરી કરી રહ્યો છું તેની સાથે સરકારી નોકરી માટેની તૈયારીઓ પણ ચાલુ જ છે. આજે GPSCની પ્રાથમિક પરીક્ષા આપવા અમદાવાદ ખાતે આવ્યો છું. આમ તો નોકરીની સાથે સાથે પરીક્ષા માટેની તૈયારીઓ કરવી મુશ્કેલ છે, પરંતુ અગાઉ ત્રણ વર્ષ ગાંધીનગર ખાતેથી તૈયારીઓ કરી છે અને અવારનવાર સ્પર્ધાત્મક પરીક્ષા આપતો રહ્યો છું. આજે ફરી એક વખત GPSCની પ્રાથમિક પરીક્ષા માટે અમદાવાદના કેન્દ્ર ખાતે આવ્યો છું અને પૂર્તિ તૈયારીઓ સાથે પરીક્ષા આપીશ. દિવસ દરમિયાન આઠથી દસ કલાકની મહેનતથી પરીક્ષા પાસ કરવી સરળ બને છે, પરંતુ નોકરી અને પરીક્ષાની તૈયારીઓ બંને એકસાથે કરવું થોડું મુશ્કેલ થઈ શકે છે.

### 'પ્રથમ વખત સ્પર્ધાત્મક પરીક્ષા આપું છે એટલે થોડો ડર છે'

જુનાગઢથી પરીક્ષા આપવા આવેલા હાર્દિ કંસાગરાએ જણાવ્યું હતું કે, પહેલી વખત GPSCની પરીક્ષા આપવા આવી છું. આ પહેલા ક્યારે પણ GPSCની પરીક્ષા આપી નથી ખૂબ જ મહેનત અને તૈયારીઓ સાથે આ પરીક્ષા માટે જુનાગઢથી અમદાવાદ આવીશું અને મહેનત સારી હોવાથી મને વિશ્વાસ છે કે પરીક્ષામાં પાસ થઈ જઈશ. આ સાથે જ હાલમાં હું ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ જાવા મેટ્રિક્સમાં યંગ પ્રોફેશર તરીકે કાર્યરત છું અને પ્રથમ વખત સ્પર્ધાત્મક પરીક્ષા આપવા જઈ રહી છું તેથી થોડો મનમાં ડર છે.